શ્રી

પોષધોપવાસ વ્રત.

ડાયમંડ જ્યુબિલિ પ્રેસમાં
દેવીદાસ છગનલાલ પરીખે છાપ્યો
અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર શા બાલાભાઈ કકલભાઈ

વીર સંવત ૨૪૨૫
વિક્રમ સંવત ૧૯૫૫
કિંમત ચાર આના.

વાંચો, વાંચો, વાંચો, અને એ વ્રત
આદરો

પ્રસ્તાવના

પોસહ વ્રતધારી તથા બીજા ધર્માભિલાષી પુરૂષોને પો
સહ વ્રતનુ યથાર્થ સ્વરૂપ સમજવામા આવે તથા તે વ્રત પા
ળવાનો ભાવ વિશેષ જાગૃત થાય એવા હેતુથી આ પુસ્તક
પ્રગટ કરવામા આવેલુ છે તેની અંદર પોસહ વ્રતનુ ટુંક સ્વ
રૂપ, તેના ભેદ, ભાગા, તથા એના ઉપર ઘણી રસીક કથાઓ
અને એ વ્રતનુ સ્વરૂપ સારી રીતે દર્શાવે તેવી ઢાળ, એ વ્રતમા
જે જે દોષ વર્જવાના તે તથા તેને લગતી સજ્ઝાયો, તે વ્રત
લેવા પાળવાની વિધિ વિસ્તાર સહીત વર્ણવેલી છે

ભાવનગરની જૈન ધર્મ પ્રસારક સભાએ પોતા તરફથી
પ્રસીદ્ધ થએલી પોસહવિધિ આ પુસ્તકમા દાખલ કરવા રજા
આપી તેથી તેમનો તથા જે જે પુરૂષોના પુસ્તકોમાથી તેમને
કરી કથાઓ લીધી છે તેમનો ઉપકાર માનુ છુ.

છેવટે કહેવાનુ એટલુજ કે આ પુસ્તક તાકીદથી છપાવી
બહાર પાડતા પ્રૂફ સુધારવામા બનતી કાળજી રાખવા છતા
પ્રીન્ટરોના સુધારવામા રહી જવાથી અથવા તો મારા દ્રષ્ટી
દોષથી યા મતિ મંદતાથી કાનો માત્ર માડી વિગેરેની ભુલ
રહી ગઈ હોય અથવા જિનાજ્ઞા વિરૂદ્ધ લખાણ આવી ગયુ
હોય તો તેને માટે હુ મિચ્છામિ દુક્કડ દેઉ છુ

તા. ૨૨-૭-૯૬ } લી શા બાલાભાઈ કકલભાઈ

અર્પણ પત્રિકા

શ્રી દશવિધ યતિધર્મધારી, નવ વાડે વિશુદ્ધ બ્રહ્મચારી,
સર્વ સાવદ્ય પરિહારી, અણગારના સત્તાવીસ ગુણધારી,
પાંચ સમિતિ ત્રણ ગુપ્તિએ વિશુદ્ધ વિહારી, મોટા
અભિગ્રહધારી, બેતાળીસ દોષ રહિત વિશુદ્ધ આ
હારી, સત્તર ભેદે સંજમધારી બાર ભેદે તપસ્યા
કારી, છ કાયના દયાળ, વાયરાનીપેરે અપ્રતિ
બંધ વિહારી, પંચેંદ્રિય સંવરક, ચતુર્વિધ
કષાયમુક્ત, પંચ મહાવ્રતધારી, પંચ
વિધાચાર પાલન કરનાર, એવા
મુનિરાજ શ્રી શ્રી શ્રી રવિસાગરજી
ના નામ સ્મરણાર્થે આ લઘુ
પુસ્તક નમ્રતા પૂર્વક હું
તેમને અર્પણ
કરૂં છું.

ગમનિહારી ગુરૂ વિદ્યમાન હતા ત્યારે શ્રાવકો પણ શુદ્ધ ઉપયોગી તથા પાપભીરૂ હતા અને તેઓ જેની જેવી પ્રતિજ્ઞા કરતા તેવી ઉપયોગમા રાખીને શુદ્ધ પાળતા. પણ ભુલી જતા નહોતા તથા તેમા વધઘટ કરતા નહોતા અને ગુરૂ પણ ઘણા જ્ઞાનના પ્રભાવે યોગ્યતા જાણતા કે આ માણસ દેશથી પોસહ કરવા લાયક છે આ બધના સર્વથી પોસહ કરના લાયક છે વળી કદાચ છદ્મસ્થ પણાથી કમતેશ થઈ જાય તો તરત જાણીને વિચારતા કે મારી પ્રતિજ્ઞામા આટલી ભુલ પડી આટલુ અવિનતિપણુ લાગ્યુ એમ જાણી તેની આલોયણા તરત લેતા અને પડિકમતા પણ મોટી કસુર થવા દેતા નહિ પણ હમણા તેના ઉપયોગવત છેવ નથી કાળ દોરે કરી વક્રજડ છે, માટે પૂર્વાચાર્યોએ ઉપકારને અર્થે લાભાલાભની તુલના વિચારીને આ મુજબ છત વ્યવહાર બાધ્યો છે તેમા પ્રથમ આહાર પોસહના બે ભેદ કીધા છે એટલે શ્રાવક દેશથી પણ કરે અને સર્વથી પણ કરે એમ પોતાની શક્તિ અનુસારે કરે, અને બાકીના ત્રણ પોસહ તો સર્વથીજ કરે દેશથી તો થાયજ નહિ એ વ્યવહાર શૈલી બાધી છે એવી રીતે હાલમા પોસહની પ્રવૃત્તિ ચાલે છે જેવી રીતે કોઇ ભાર ઉપાડનારો પોતરો ભારે બોજો લઇને જતો હોય અને કેટલેક છેટે જઇને છાયાવાળી જગાએ વિસામો લે અને બે ચાર ઠેકાણે વિસામો લે અને સુખ શાતા મેળવે ડોચીં જાય તેવી રીતે ઘણા સાવધ કામનો બોજો ઉપાડીને જતો શ્રાવક પાખી અઠ્ઠાઇ રજા પ્રમુખ પર્વના દિવસ આવે ત્યારે પોસહરૂપ વિસામો લે જેથી પાપ રૂપ થાક ઉતરી જાય અને ભાવના ઉપદેશ રૂપ શીતળ પવનથી વિષય કષાય રૂપ ગરમીનો પરસેવો મટી જાય અને આત્મા શીતળ થાય અને ધર્મ વૃક્ષની છાયામા બેસી આત્મ સ્વરૂપ ચિંતવે, જ્ઞાન

દર્શન, ચારિત્ર રૂપ જ્ઞાન ભોજનથી આત્માને પોષે એમ અંતરે આતમે વિસામો લેતાં આરાધકભાવના સ્થાને જઈ પહોચે. એક અહોરાત્રની પોષધ કરવાનું ફળ શાસ્ત્રમાં એમ જણાવ્યું છે કે બે હજાર સાતસે સીતોતેર ક્રોડ સીતોતેર લાખ સીતોતેર હજાર સાતસે સીતોતેર પૂર્ણાંક સાત નવમાંશ પલ્યોપમ (૨૭૭૭૭૭૭૭૭૭૭ ૭/૯) દેવતાનું આયુષ્ય બાંધે અને એટલી નરક ગતિ તોડે એટલું એક શુદ્ધ વ્યવહાર પોષધનું ફળ કહ્યું અને વળી જો તેમ કરતાં ચેતનાને જો નિશ્ચય પોષહની લય લાગી તો તેના ફળ પ્રાપ્તિની સીમા રહે નહિ. અગણિત લાભ બાંધે. જાવત ત્રણ રત્નથી ક્ષાયક ભાવે થઈ જાય. ત્રણ લોકમાં પૂજનિક થાય માટે ગૃહસ્થોએ પોષધ અવશ્ય કરવા યોગ્ય છે એતો ભાવ રોગનું ઓસડ છે. તે પર્વ દિવસે તો અવશ્ય કરવોજ અને પર્વ દિવસ વિના પણ સુબાહુ, અભયકુમાર અને વિજયરાજા વિગેરેની પેઠે પોષધ કરે

એ પોષધ વ્રતના સંયોગી ભાંગા ૮૦ થાય છે તે નીચે મુજબ.

પોષધના ભાગા ૮૦.

એક સંયોગી ભાગા ૮

૧ દેશથી આહાર પોષધ
૨ દેશથી શરીર સતકાર પોષધ
૩. દેશથી બ્રહ્મચર્ય પોષધ
૪ દેશથી અવ્યાપાર પોષધ
૫ સર્વથી આહાર પોષધ
૬ સર્વથી શરીર સતકાર પોષધ
૭ સર્વથી બ્રહ્મચર્ય પોષધ.
૮ સર્વથી અવ્યાપાર પોષધ.

દ્વિકસંયોગી ભાંગા ૨૪

૧ દેશ દેશથી આહાર પોષધ અને શરીર સત્કાર પોષધ.
૨ દેશ દેશથી આહાર પોષધ અને બ્રહ્મચર્ય પોષધ
૩ દેશ દેશથી આહાર પોષધ અને અવ્યાપાર પોષધ
૪ દેશ દેશથી શરીર સત્કાર પોષધ અને બ્રહ્મચર્ય પોષધ
૫ દેશ દેશથી શરીર સત્કાર પોષધ અને અવ્યાપાર પોષધ.
૬ દેશ દેશથી બ્રહ્મચર્ય પોષધ અને અવ્યાપાર પોષધ
૭ દેશ સર્વથી આહાર પોષધ અને શરીર સત્કાર પોષધ.
૮ દેશ સર્વથી આહાર પોષધ અને બ્રહ્મચર્ય પોષધ
૯ દેશ સર્વથી આહાર પોષધ અને અવ્યાપાર પોષધ
૧૦ દેશ સર્વથી શરીર સત્કાર પોષધ અને બ્રહ્મચર્ય પોષધ
૧૧ દેશ સર્વથી શરીર સત્કાર પોષધ અને અવ્યાપાર પોષધ
૧૨ દેશ સર્વથી બ્રહ્મચર્ય પોષધ અને અવ્યાપાર પોષધ
૧૩ સર્વ દેશથી આહાર પોષધ અને શરીર સત્કાર પોષધ.
૧૪ સર્વ દેશથી આહાર પોષધ અને બ્રહ્મચર્ય પોષધ.
૧૫ સર્વ દેશથી આહાર પોષધ અને અવ્યાપાર પોષધ
૧૬ સર્વ દેશથી શરીર સત્કાર પોષધ અને બ્રહ્મચર્ય પોષધ
૧૭ સર્વ દેશથી શરીર સત્કાર પોષધ અને અવ્યાપાર પોષધ.
૧૮ સર્વ દેશથી બ્રહ્મચર્ય પોષધ અને અવ્યાપાર પોષધ
૧૯ સર્વ સર્વથી આહાર પોષધ અને શરીર સત્કાર પોષધ
૨૦ સર્વ સર્વથી આહાર પોષધ અને બ્રહ્મચર્ય પોષધ.
૨૧ સર્વ સર્વથી આહાર પોષધ અને અવ્યાપાર પોષધ
૨૨ સર્વ સર્વથી શરીર સત્કાર પોષધ અને બ્રહ્મચર્ય પોષધ.
૨૩ સર્વ સર્વથી શરીર સત્કાર પોષધ અને અવ્યાપાર પોષધ.
૨૪ સર્વ સર્વથી બ્રહ્મચર્ય પોષધ અને અવ્યાપાર પોષધ.

ત્રિકસંયોગિયા ૩૨ ભાંગા.

૧ દેશ દેશ દેશથી આહાર પોષધ શરીર સત્કાર પોષધ અને બ્રહ્મચર્ય પોષધ.

૨ દેશ દેશ દેશથી આહાર પોષધ, શરીર સત્કાર પોષધ અને અવ્યાપાર પોષધ.

૩ દેશ દેશ દેશથી આહાર પોષધ બ્રહ્મચર્ય પોષધ અને અવ્યાપાર પોષધ

૪ દેશ દેશ દેશથી શરીર સત્કાર પોષધ બ્રહ્મચર્ય પોષધ અને અવ્યાપાર પોષધ.

૫ દેશ દેશ સર્વથી આહાર પોષધ શરીર સત્કાર પોષધ અને બ્રહ્મચર્ય પોષધ

૬ દેશ દેશ સર્વથી આહાર પોષધ, શરીર સત્કાર પોષધ અને અવ્યાપાર પોષધ

૭ દેશ દેશ સર્વથી આહાર પોષધ, બ્રહ્મચર્ય પોષધ અને અવ્યાપાર પોષધ

૮ દેશ દેશ સર્વથી શરીર સત્કાર પોષધ, બ્રહ્મચર્ય પોષધ અને અવ્યાપાર પોષધ

૯ દેશ સર્વ દેશથી આહાર પોષધ શરીર સત્કાર પોષધ અને બ્રહ્મચર્ય પોષધ.

૧૦ દેશ સર્વ દેશથી આહાર પોષધ શરીર સત્કાર પોષધ અને અવ્યાપાર પોષધ

૧૧ દેશ સર્વ દેશથી આહાર પોષધ બ્રહ્મચર્ય પોષધ અને અવ્યાપાર પોષધ

૧૨ દેશ સર્વ દેશથી શરીર સત્કાર પોષધ, બ્રહ્મચર્ય પોષધ અને અવ્યાપાર પોષધ

૧૩ દેશ સર્વ સર્વથી આહાર પોષધ, શરીર સત્કાર પોષધ અને બ્રહ્મચર્ય પોષધ

૧૪ દેશ સર્વ સર્વથી આહાર પોષધ, શરીર સત્કાર પોષધ અને
અવ્યાપાર પોષધ
૧૫ દેશ સર્વ સર્વથી આહાર પોષધ, બ્રહ્મચર્ય પોષધ અને અ-
વ્યાપાર પોષધ
૧૬ દેશ સર્વ સર્વથી શરીર સત્કાર પોષધ બ્રહ્મચર્ય પોષધ અને
અવ્યાપાર પોષધ
૧૭ સર્વ દેશ દેશથી આહાર પોષધ શરીર સત્કાર પોષધ અને
બ્રહ્મચર્ય પોષધ
૧૮ સર્વ દેશ દેશથી આહાર પોષધ, શરીર સત્કાર પોષધ અને
અવ્યાપાર પોષધ
૧૯ સર્વ દેશ દેશથી આહાર પોષધ, બ્રહ્મચર્ય પોષધ અને અ-
વ્યાપાર પોષધ.
૨૦ સર્વ દેશ દેશથી શરીર સત્કાર પોષધ, બ્રહ્મચર્ય પોષધ અને
અવ્યાપાર પોષધ
૨૧ સર્વ દેશ સર્વથી આહાર પોષધ શરીર સત્કાર પોષધ અને
બ્રહ્મચર્ય પોષધ
૨૨ સર્વ દેશ સર્વથી આહાર પોષધ શરીર સત્કાર પોષધ અને
અવ્યાપાર પોષધ
૨૩ સર્વ દેશ સર્વથી આહાર પોષધ બ્રહ્મચર્ય પોષધ અને અ-
વ્યાપાર પોષધ
૨૪ સર્વ દેશ સર્વથી શરીર સત્કાર પોષધ બ્રહ્મચર્ય પોષધ અને
અવ્યાપાર પોષધ
૨૫ સર્વ સર્વ દેશથી આહાર પોષધ શરીર સત્કાર પોષધ અને
બ્રહ્મચર્ય પોષધ
૨૬ સર્વ સર્વ દેશથી આહાર પોષધ શરીર સત્કાર પોષધ અને
અવ્યાપાર પોષધ

૨૭ સર્વ સર્વ દેશથી આહાર પોષધ બ્રહ્મચર્ય પોષધ અને અવ્યાપાર પોષધ.

૨૮ સર્વ સર્વ દેશથી શરીર સત્કાર પોષધ બ્રહ્મચર્ય પોષધ અને અવ્યાપાર પોષધ

૨૯ સર્વ સર્વ સર્વથી આહાર પોષધ શરીર સત્કાર પોષધ અને બ્રહ્મચર્ય પોષધ.

૩૦ સર્વ સર્વ સર્વથી આહાર પોષધ, શરીર સત્કાર પોષધ અને અવ્યાપાર પોષધ

૩૧ સર્વ સર્વ સર્વથી આહાર પોષધ બ્રહ્મચર્ય પોષધ અને અવ્યાપાર પોષધ

૩૨ સર્વ સર્વ સર્વથી શરીર સત્કાર પોષધ, બ્રહ્મચર્ય પોષધ અને અવ્યાપાર પોષધ

ચતુઃ સંયોગીઆ ભાંગા ૧૬

૧ દેશ દેશ દેશ દેશ ૨ દેશ દેશ દેશ સર્વ ૩ દેશ દેશ સર્વ દેશ ૪ દેશ દેશ સર્વ સર્વ ૫ દેશ સર્વ દેશ દેશ ૬ દેશ સર્વ દેશ સર્વ ૭ દેશ સર્વ સર્વ દેશ ૮ દેશ સર્વ સર્વ સર્વ ૯ સર્વ દેશ દેશ દેશ ૧૦ સર્વ દેશ દેશ સર્વ ૧૧ સર્વ દેશ સર્વ દેશ ૧૨ સર્વ દેશ સર્વ સર્વ ૧૩ સર્વ સર્વ દેશ દેશ ૧૪ સર્વ સર્વ દેશ સર્વ ૧૫ સર્વ સર્વ સર્વ દેશ ૧૬ સર્વ સર્વ સર્વ સર્વ	આહાર પોષધ, શરીર સત્કાર પોષધ, બ્રહ્મચર્ય પોષધ અને અવ્યાપાર પોષધ

તેવારે મંત્રી કહે તમે ધીરજ રાખો, હું તેની ભાળ લાવ ગા-
ત્રના લાવીશ, માટે તમે ચિંતા મુકીને સુખેથી રાજ કરો, એ-
વી રીતનું મંત્રીનું બોલવું સાંભળી રાજા ખુશી થયા અને
ભોજન કીધું. હવે મંત્રીશ્વર ગુપ્ત રીતે ગયા સુમન ને ને
મળતી રીતે ખાળ કરવાને ચાલ્યા. તેવારે ત્રીજું (દાહાડે) આ
શુકન હોવાથી તેજ દિશાએ મંત્રીએ પર્યટણ કીધું અનુક્રમે
ચાલતા થકા એક સુંદર વન દીઠું, તે વનને વિષે એક મુનિસુ-
વ્રત સ્વામીનું મંદિર દેખીને મંત્રી તે પ્રભુને વંદન કરવા ગયો તે
આલેશ્વર જિનરાજની વિધિપૂર્વક ભાવ પૂજા કરીને બાહેર નિ-
કળે છે તેવામાં એક દીવ્યરૂપ કન્યા જિનરાજની પુજા કરવા
આવતી દેખીને મંત્રીશ્વર વિચારવા લાગ્યો જે આ તે કોઈ
અપ્સરા છે વા વ્યંતરી છે કે કોઈ વિદ્યાધરી છે એમ વિચાર-
તો હતો એટલામાં મંત્રીશ્વર જેનાના ગભારામાં રહ્યો છે તેવામાં તે
સ્ત્રી પણ જિનરાજની પુજા કરીને બહાર આવી તેવારે તેણીને
મંત્રી કહે છે આ નારી ચિત્ર તું કોની કન્યા છે? અને આ
જિનરાજનું ચૈત્ય કોણે કરાવ્યું છે? તે વારે તે કન્યા કહે જે
આ વનનો સ્વામી રત્નદેવ નામે જક્ષ છે તેની હું પુત્રી છું
અને તેણે આ ચૈત્ય કરાવ્યું છે અને મને પૂજા કરવા સારૂ
અહીંયાજ મુકીને દેવ પોતાને સ્થાનકે ગયો છે તે વારે મંત્રી
કહે તેને મળવાનો કોઈ ઉપાય હોય તો મને બતાવ મહારે
તેને મળવાની જરૂર છે તેવારે કન્યા કહે આ ચૈત્યના પાસે
અગ્નિનો કુંડ છે તે માંહે ઝંપાય તો જક્ષનું દર્શન પામે. તેવારે
મંત્રીએ પોતાના સેવકોને વિદાય કીધા અને નરપદ્મનું સ્મ-
રણ કરીને અગ્નિમાં ઝંપાપાત કીધો તેજ વખત જક્ષના પ્રભાવે
કરીને રત્નદેવ નામે જક્ષની પાસે જઈને ઉભો ત્યાંહાં રત્નદેવ
પોતાની રત્નમાળા નામે દેવી સાથે બેઠો છે તેવામાં કન્યા પણ

ત્યાંજ આવી તેવારે મંત્રીને જક્ષ કહે છે, પુરૂષ ! ઉદાસી ત્યજો, હું તારી વાટજ જોતો હતો, હવે આ મારી પુત્રીને પરણીને મને આણંદ કર તેવારે મંત્રી કહે તુમેતો દેવ છો તથાપિ તમારે પુત્રી ક્યાંથી હોય તેવારે જક્ષ કહે, હે મહાભાગ્ય અમારૂ ચરિત્ર સાંભળો હવે જક્ષ પોતાનું ચરિત્ર સુમતિ મંત્રી આગળ કહે છે

જંબુદ્વીપના ભરતખંડને વિષે તીલકપુર નામા નગરને વિષે વનશેઠ નામે હું વ્યવહારીઓ હતો અને શ્રીમતી નામે મારે સ્ત્રી હતી એકદા અમે વનને વિષે અમે સ્ત્રી ભરતાર અમૃતસુરી નામા આચાર્યને વાંદવા ગયા ત્યાં દેશના સાંભળીને અમે ધર્મ પામ્યા ગુરૂ પાસે પાંચ પર્વ પોસો કરવાનો નિયમ લીધો એવે એક દિવસ અષ્ટમીનો પોસો કરીને સ્ત્રી ભરતારે રાત્રીએ કાઉસગ્ગ કીધો તેવારે ઇંદ્રે પ્રશંસા કીધી તે એક દેવતાએ માની નહી તેવી અમને ચળાવવાને આવ્યો અનુકુળ પ્રતિકુળ ઘણા ઉપસર્ગ કીધા તથાપિ અમે જરાએ ન ચળ્યા તેવારે દેવતા કહે જેવી ઇંદ્રે પ્રશંસા કીધી તેવાજ મેં તમને દીઠા એવી રીતે સ્તુતિ કરીને મને ગગનગામીની વિદ્યા આપી વળી એમ કહ્યુ જે જો એ વિદ્યા બીજાને સંભળાવશો તો જતી રહેશે એમ કહી દેવતા પોતાને સ્થાનકે ગયો ને અમે પાઠ વિદ્યાના બળથી ઘણાક તીર્થની જાત્રાઓ કીધી એકદા શ્રીમતીએ પુછ્યુ તેથી મેં સઘળી વાત કહી પણ મેં કહ્યુ આ વાત કોઈને કહીશ નહી તથાપિ તેણીએ એક દિવસ પોતાની સખીને કહી કહ્યુ છે કે સ્ત્રીનુ ઉદર તુચ્છ હોય છે

હવે એકદા ગગનમા ફરતા થકા વિદ્યાની નાસ્તી થઈ એટલે હું સરોવરને વિષે પડ્યો તે આઠ માસ ને આઠ દી

પમે ઘેર આવ્યો મારા ઉપર શ્રીમતીનો
ઘણીજ સેવા કરતી હતી પણ તિથિનુ જે વ્રત લીધુ હતુ તે
સઘળુ સ્નેહના વશે કરીને ભુલી ગઈ. એકદા રાત્રીને વિષે સુખ
ભાગ થકી ગર્ભ ઉપન્યો. અનુક્રમે પુત્રી જન્મી તે આઠ વરસની
થઈ હવે એક દિવસે કેવળી મહારાજ પધાર્યા તેમને
મે પુછ્યુ કે સ્વામી મહારી શી ગતિ થશે? કેવળી કહે તમે
સ્ત્રી ભરતાર જક્ષ જક્ષણી થશો તે વારે મે કહ્યુ કે સ્વામી
વિરતીને એવી ગતિ કેમ થશે? ભગવાન કહે તમે વ્રત ભાગ્યુ
તેથી એવુજ આઉખુ બંધાયુ છે, માટે ભુતારણ્યને વિષે તમે
વનના સ્વામી થશો અને ત્યાંજ રત્નશિખર રાજાનો મંત્રી
સુમતી નામે આવશે તે તમારી લક્ષ્મી નામે પુત્રીનો ભરતાર
થશે. એવી રીતના કેવળીના વાક્ય સાંભળીને અમો ઘેર ગયા,
અનુક્રમે આયુષ્ય પુરૂ થયેથી અહીંજ આવીને ઉપન્યા. તેથી ત-
મારા મેળાપને માટે ચૈત્ય કરાવીને પુત્રીને અહીંજ રાખીછે
માટે આ કન્યાને પરણીને અમને ખુશી કરો એવી રીતના
જક્ષના વચન સાંભળીને મંત્રી કહે હું રાજાના કામ માટે
આવ્યો છું, તેથી વિશ્વાસઘાત થાય માટે હાલ તો હું પ-
રણુ તેવારે જક્ષ કહે તુમે કન્યાને પરણો ને પછી હું રાજાના
કામ સાઙ તમારી ગાજ્ય આશ તેવારે મંત્રીશ્વરે તે લક્ષ્મી-
વતીની સાથે લગ્ન કીધુ એટલે જક્ષ કહે તમારા રાજાનુ શુ
કામ છે? તેવારે મંત્રીશ્વરે સઘળી વાત મુળ થકી કહી સાંભ-
ળાવી એટલે જક્ષે અવધિજ્ઞાનના બળે કરીને કહયુ જે અ-
હીંયાથી સાતસે જોજન સિંહલદ્વીપછે તેને વિષે જયપુર નામે
નગરછે ત્યાં સિંહરથ નામે રાજાની પુત્રી રત્નવતીછે, તેવારે
મંત્રી કહે જે અહો આવ્યા બધા લાંબા દેશ સુધી કેમ જ-

ર્વાય માટે હે દેવ તમે મને જયપુર નગરને વિષે મુકો. અને રૂપ ફેરફાર કરવાની વિદ્યા આપો તેવારે જક્ષદેવે મંત્રીશ્વરને જયપુર નગરને નજીક એક ખીણમા પહોચાડયો તથા રૂપ પલટાવવાની વિદ્યા આપી વળી કહ્યુ જે કામ પડે તો મને સભારજો એમ કહીને કહ્યુ કે તમારૂ કામ કરીને લક્ષ્મીવતીને વેહેલી તેડાવજો. એ રીતે કહી જક્ષદેવ પોતાને સ્થાનકે ગયો. હવે સુમતા મંત્રીએ વિદ્યાના બળે કરીને એક નવ જોબન જોગણીનુ રૂપ ધારણ કીધુ, હાથ માહે ઝોળી લીધી એક હાથે ચુડી પહેરી, વળી પોતે પાણી છાટતી જાય છે ને પગ મુકતી જાય છે તેવારે લોકો પુછે જે આ પાણી કેમ છાટો છો ? જોગણી કહે આ જમીન ઉપર ઘણા જુઠા લોકો પગ મુકી ફરે છે માટે અશુચિ ટાળીને હુ પગ મુકુ છુ એવી રીતે ભગવો વેશ પહેરીને જપ માળા હાથમા લઈને મંત્રીશ્વર જોગણીના રૂપે રત્નવતીની પાસે ગયો, તેવારે રત્નવતી કહે હે સ્વામીણી ત મને કુશળ છ? જોગણી કહે જે વારથી, મે જોગ લીધો તે દીવસથી કુશળ વર્તે છે તેવારે કુવરી કહે તુમે કયાના રેહેનારી છો? જોગણી કહે હમતો મતે નામ હે પખીકી માફક ફીરતે રહેતે હે, ઓર હમારા ગામ કે ઠામ તો હેજ નાહી તેવારે કુવરીએ વિચાર્યુ જે આ કોઈ અબધુત જોગણી છે માટે મહારી પાસે રાખુ તો ઠીક. એમ ધારીને જોગણીને પોતાની પાસે રાખી મન માનતુ ભોજન કરાવે છે તથા ભક્તિ કરે છે એક દિવસે કુવરી જોગણીને કહે જે હે સ્વામાણી આવી જોબન અવસ્થામા તુમે કેમ જોગ લીધો છે? તેવારે જોગણી કહે છે જે હે કુવરી તુ મહારી કથા સાભળ

ગજપુર નગરને વિષે સુર નામા રાજાની હુ સુમતિ નામે પુત્રી છુ અનુક્રમે હુ જોબન અવસ્થા પામી તેવારે માત પિ

તાઓએ રાજપુત સાથે વિવાહ કીધો, તેમ માતાએ, તથા ભાઇએ તથા દાદાએ ચારે જણે ચાર ઠેકાણે વિવાહ કીધો, લગનને દીવસે તે ચારેજણ મને પરણવા સારૂ આવ્યા ત્યારે એકકહે, હું પરણું ને બીજો કહે હું પરણું એવી રીતે ચારે જણા યુદ્ધ કરવા લાગ્યા તેવારે મે જાણ્યું કે એક મારા વાસ્તે આ ચારે લઢી મરે છે માટે હુંજ બળી મરૂ એમ ધારી મે કાઇ ભક્ષણ કીધું,(બળી મુઇ) તેવારે એક વર તો મારા ભેગોજ બળી મુવો અને બીજો ગંગામા હાડકાની નખ વેહેરાવી આવ્યો, ત્રીજો, મારાં વિયોગે દેશાતરે નાશી ગયો, ચોથો મારા નામનો પિંડ, મેલીને ખાવા લાગ્યો હવે જે દેશાતરને વિષે ગયો છે તે ફરતો ફરતો કોઇ રાંધણને ઘેર ભોજન કરવા ગયો. ત્યા ભોજન જમવા બેસે છે તેવામા તે રાંધણનો બાળક રડવા લાગ્યો તેને રાંધણે ઘણું સમજાવ્યો પણ રોતો રહ્યો નહિ, એટલે તે બાળકને રાંધણે ચુલા માહી બાળી નાખ્યો તેવારે પેલો જમવાનું મુકીને ચાલવા લાગ્યો ને કહે જે હે દુષ્ટણી આ શું કીધું જે બાળકને બાળી નાખ્યો તેવારે રાંધણ કહે હે પુરૂષ બાળક વીના, તો આ સસાર સુનો છે માટે તમે સુખેથી ભોજન કરો પછી બાળક દેખાડીશ એમ સાભળી તેને કાંઇ અચરજ ભાસવાથી ભોજન કીધું ત્યાર પછી તે રાંધણે એક અમૃતનો કુંભ લાવી તેની મા પાસે આ પો. તે જોઇને રાજકુમારે વિચાર્યું જે આ નેઅગ્નિ માહે છાટ્યો એટલે બાળક હસતો રમતો ઉભો થઇને ઘડો મને મળે તો હું સુમતિ ઓને સજીવન કરૂ એમ ધારીને તે રાંધણને ઘેર રાતીએ વાસો કીધો અને તેનો, ઘડો લાગ સાધીને ચોરયા પછી ચાલતો થયો તે ગજપુર આવી પોહોચ્યો ત્યાહા આવીને મારા માત પિતાને બોલાવ્યા અને તે મને દેખતા સ્મશાનમા જ્યા હું બળીહતી ત્યા અમૃત છાટ્યું

એટલે હું તથા મારી જોડે મળી મુકેલો રાજપુત અને મંત્રીના થઈને ઉઠયા તે વારે, પણ પ્રથમની પેઠે ચારે જણ મારી પુઠે લાગ્યા ત્યારે રાજાએ પચાતો ઠગાવ્યા તે પચાતી જેને કન્યા પરણાવે તે કણુપ, કન્તુ, એની રીતે ચારેની સહીઓ લઈને પચાતી ન્યાય કરતા બેઠા તેમણે એવો ન્યાય કીધો કે જેણે અમૃત છાંટીને જીવાડી તે તો જન્મનો આપનાર તે કન્યાનો પિતા થયો તથા જે જોડે બળી મુઓ હતો તે પાછો જોડે સજીવ થયો તે માટે જનમ્યો કહેવાય તેતો ભાઈ થયો તથા જે હાડકાની રાખ ગંગામાં નાખી આવ્યો તેતો પુત્ર કહેવાય અને જે ચિતા ઉપર બેસીને બળતો હતો તે કન્યાનો સ્વામી થાય માટે તેને પરણાવો એમ સાંભળી રાજાએ મને કુંડોદ નામના રાજપુત્ર સાથે પરણાવી હવે મુએવા મહાગે સ્વામી રાજ ગાદીએ રાજ્ય કરે છે ને હું તેની સુમતિ નામે પટરાણી થઈ એક દિવસ મેં દેવડી દ્વાર આગળ આવીને ઘણા સારા સ્વરે કરીને ગાના લાગી તે સાંભળી રાજા મોહિત થયો થકો તેને અંતઃપુરમાં બોલાવી તેની સાથ વિષય સુખ ભોગવ્યું તેથી મે જાણ્યું જે રાજા નીચ થયો માટે હવે તેની સાથે રહેવું મારે ઉચિત નથી એમ ધારીને મે જોગ લીધો તે હું જાત્રા કરતી ફરતી ફરતી તમારી પાસે આવી પણ હે કુંવરી! તું કેમ નરદ્વેષિણી થઈછુ તે વાત મને સંભળાવ. તે વારે રત્નવતી કહે હું કંઈ નરદ્વેષિણી નથી થઈ પણ જો પુર્વ ભવનો સ્વામી મળે તો તેની સાથે વાત કરીશ તે વારે જોગણી કહે પુર્વ ભવમાં તારે ને તેને કેવી રીતનો સમાગમ હતો તે કહે ત્યારે કન્યા કહે જે જગતમાં ઠગ અને કપટી લોકો ઘણા વસે છે માટે અંતરની વાત કોઈને કહેતી નથી પણ તમે ઉત્તમ જોગણી નિર્લોભી છો તેથી તમારી આગળ કહુંછું તે સાંભળો. ,૮

ભરત ક્ષેત્રમા અયોધ્યાના વનને વિષે અમે ફરતુ ને ફર-
તીપણુ વિચરતા હતા તેવામા એક દિવસના સમે શ્રી રામચંદ્ર
મુનિ તે વનને વિષે પધાર્યા તેમણે ધર્મ દેશના પ્રારંભી તેવારે
પશુ પખી પ્રમુખ સર્વ જીવો વેર ભાવ છાડીને દેશના સાભ-
ળવા બેઠા. તેવારે અમે શ્રી ભરતાર બને જણને બોધ થયો તેથી
મુનિ પાસે અમે પર્વને દીવસે ચોવિહારો ઉપવાસ કરવાનો નિ-
યમ લીધો વળી પચપરમેષ્ઠીનુ સ્મરણ કરતા થકા હુ મરણ
પામીને રાજકુવરી થઇ અને તે હજુ મારો પૂર્વનો સ્વામી તે
પણ રાજપુત્ર થયો જોઇએ, કેમકે બનેનો ભાવ એક હતો,
તથા તપ પણ સરખુ કીધુ હતુ માટે તે પણ રાજકુવર થયો
હશે અને તેજ ભરતાર મળશે તો હુ પરણીશ નહી તો કુવા-
રીજ રહીશ. તેવારે જોગણી કહે તમે વાત શાથી જાણો ? કુવ-
રી કહે પૂનમનો ચદ્ર જોતી વખતે મે હરણને વખાણ્યો તેથી
જાતી સ્મરણ જ્ઞાન ઉપન્યુ તેથી પરભવનુ સ્વરૂપ દીઠુ તે વાત
કોઇની આગળ કહેતી નથી અને કોઇ પુરુષનુ મુખ પણ જોતી
નથી તેથી કરી મને લોકો નર દ્વેષિણી કહે છે પૂર્વનો ભરતાર
મળવાને હુ કામદેવની સેવા કરૂ છુ અને જો તુમે ગઢ જ્ઞાનના
બળે કરીને જાણો તો કહો, તે વારે જોગણી કપટ ધ્યાન ધરીને
સમાધિ ઉતારી કહે જે હે કુવરી ! મારા જ્ઞાનના બળ થકી
નક્કી કહુ છુ કે તારો પુર્વનો ભરતાર મળશે તને દેહેરામા
પેસતી વખતે આવે તે ત્યા જુદાઈ નથી હવે એ નિશા-
ની એમ સાભળીને જોગણીને મોતીની માળા આપી. કુમરી
ખુશી થઇ એને સાત માસ થઇ ગયા અને એક દિવસ ઓછા
રહયો એમ ધારી મત્રીએ વિચાર્યુ જે રાજા ની શીખવે હશે.
પોતાના મનમા વિચારીને કુમરીને કહે જે હવે તો અમે જાઇશુ
કેમકે અમને જોગણી થઇને એક જગ્યાએ રહેવુ સારૂ નહી વ

ળી કોઈ દિન આવી મળશુ પણ હવે તો રજા આપો તેવારે
કુવરી ધરી દિલગીર થઈ ને કહે જે તમે ગુખેથી જાઓ પણ જે
મ મારો સ્વામી જલદી મળે તેમ આશિશ નિત્ય દેજો એમ ક
હીને વિદાય કીધો હવે મંત્રી જક્ષનુ સ્મરણ કરીને જોગણીનેજ
વેષે રત્નપુરીની 'ભાગોળે જઈ બેઠો એવે રત્નશિખર મં
ત્રીના તથા રત્નવતીના વિયોગે કરીને 'ચેહમાહી બળવાને તે
જ દિવસે નિસર્યો છે તે ચેહ સળગેલી દેખીને મંત્રી જોગણીના
વેષે ત્યા જાય છે તેમા બીજા પ્રધાન વિગેરે રાજાને કહે જે હે
રાજા કોઈ અબધુત જોગણી આવે છે તેને કાંઈ પુછીએ. એવે
તે જોગણી પણ પાસે ગઈ તેવારે પ્રધાન જોગણીને કહે જો ત
મે ખરૂ નિમિત્ત કહો તો તમને રાજા ખુશી કરશે તેવારે જો
ગણી કહે શુ નિમિત્ત પુછોછો? તેવારે પ્રધાન કહે અમારા
રાજાનો મંત્રી છ માસની અંદર કરીને રત્નવતીની ખોળાક-
ના ગયો છે તે હજુ આવ્યો નથી માટે તે કયારે આવશે તે
કહો તેવારે જોગણી કહે મધળા લોકો દુર જાઓ અને એક
તણુ ઠોકો તે માહે રાજાની સાથે હુ એકાંત નિમિત કહી સં-
ભળાવુ તેવારે તણુ ઠોકાની જોગણી રાજાને કહે જે તમારો
મંત્રી દેવની સાહય થકી રત્નવતીને મળ્યો છે અને તે આહીંથી
સાતસે જોજન જયપુર નગરના સિહરથ રાજાની પુત્રી છે તેને
પુનમનો ચંદ્રમા દેખીને જાતિ સ્મરણ જ્ઞાન ઉપન્યુ તેવી તેણે
પુર્વ ભવ દીઠો રાજા કહે તે પુર્વ ભવમા કોણ હતી? જોગણી કહે
અયોધ્યાના વનને વિષે હરણો હરણી હતા, તેમણે રામચંદ્ર મુ
નિની 'દેશના સાભળી વ્રત લીધુ હતુ તે કાળ કરીને રત્નવતી
થઈ ને હરણો પણ રાજપુત્ર થયો જોઈએ. એમ ધારી પોતે પુર્વના
સ્વામીવિના રાજાને વરતી નથી તે સાંભળીને રાજા એકદમ
મુર્છા ખાઈને જાતિ સ્મરણ પામ્યો ને ધાર રોવા લાગ્યો અને

કહે જે મંત્રી પણ કયાં નથી અને રતી પણ દુર રહી માટે હવે કેમ કરું તે વારે જોગણી કહે છે રાજા ચિંતા મા કર તારો મંત્રી હું મેળવીશ રાજા કહે છે માત જાણે ઉચિત તમે દીઠું એમ માનીશ તેવારે મંત્રી જરા દુર જઈને પોતાનું મુળ સ્વરૂપ ધારણ કરી રાજાને આવી મળયો. રાજા મંત્રીને દેખી ઘણો ખુશી થયો હવે મંત્રીશ્વરે રાજાને પેલો મોતીનો હાર જે રતનવતીએ આપ્યો હતો, તે આપીને તે કન્યાની સર્વે હકીકત મુખથી કહી સંભળાવી, તેવારે રાજા ઘણો હરખ પામીને, રતનવતીને પરણવા નિસર્યો, તેવારે પેલા જક્ષ દેવનું સ્મરણ કરી તેની સાહાયથી થોડો પરિવાર લઈને એક ખીણમાં જયપુર નગરની ભાગોળે પોહોંચ્યો ત્યાં કામદેવના મંદિરમાં જઈને ઉતારો દીધો, આ ત્યાં મંત્રી સાથે જુગટે રમવા બેઠા. એવામાં રતનવતી પણ પોતાની સાખીઓ સાથે હાથમાં પુજાપો લઈને તેજ કામદેવના મંદીરમાં પુજા કરવા આવી તેવારે તેની દાસી બોલી કે જે કોઈ પુરૂષ દેહેરામાં હોય તે બહાર નિકળો, રાજકુંવરીને અંદર પૂજા કરવા જવુ છે તેવારે દાસી પ્રતે મંત્રી કેહેવા લાગ્યો જે અમારો રાજા રતનશીખર અંદર જુગટે રમે છે અને તે નારીનું મુખ જોતો નથી માટે તમે પુજાપો લેઈને પાછા જાઓ ને અંદર આવશો તો ક્લેશ થશે. તેવારે દાસી કહે એવો કુણ રાજન છે, અને તેનું કાંતીરૂપ કેવું છે તેતો હું જોઉં એમ કરીને જબરાઈથી અંદર ગઈ ને રાજાને જોઈને પોતાના મનમાં વિચારે છે કે અહો આ તે કોઈ કામદેવ સરીખો લાગે છે એમ વિચારી તે દાસી કુંવરી પાસે આવીને કેહેવા લાગી જે બાઈ મેં તો અચરજ દીઠું જે કોઈક રાજા અંદર મંત્રી સાથે જુગટે રમે છે તેના રૂપની બરાબર બીજો કોઈ આવે નહીં અને કામદેવથી પણ અધીક રૂપવંત છે માટે જાણું છું જે તમારેજ ભાગ્યે કરીને તે અહીંઆ આવ્યો છે

પણ અંદર પેસવા દેતો નથી તે સાંભળીને કુંવરીએ વિચાર્યું જે જોગણે કહ્યું હતું કે તારો પુર્વનો સ્વામી આજ કામદેવના મંદીરમાં મંત્રી સાથે જુગટુ રમનો હશે તે જાણજે, માટે આજ તે ગમતી વાત મળી અને તેજ વખત કુંવરીની ડાબી આંખ ફરકી તેવારે કુંવરીએ દાશીઓને હુકમ દીધો કે અંદર નહી પેસવા દેતો જબરજથી હલ્લો કરીને અંદર પેસો એરીતે જ બરાડથી અંદર પેઠી તેવારે મંત્રીએ રાજાના અંગ ઉપર પિછોડી ઢાંકી મુંડ કરીને ઉભો રહ્યો તેવારે કુંવરી મંત્રીપ્રતે કહે કે અભાગ આવવાથી તમે રાજાનું અંગ કેમ ઢાંક્યું? તેવારે મંત્રી કહે જગતમાં સ્ત્રીઓ કુડકપટથી ભરેલી હોયછે માટે અમારા રાજાને પૂર્વની સ્ત્રી મળશે તો પરણશે, તેવારે કુંવરી કહે પુર્વ ભવે તેમની કોણ સ્ત્રી હતી? તેવારે રાજા મંત્રીને કહેછે ને મંત્રી કુંવરીને કહેછે કે અયોધ્યા વનને વિષે પુર્વ ભવે અમે હંસરાજ ને હંસલી હતાં ત્યાં રામચંદ્ર મુનિ પાસે ધૂતલોકને બને કાળ કરી ગયા તે હું રત્નશિખર રાજા થયો એ માટે અમે બંને સરખું પુન્ય બાંધ્યુંછ તેથી તેપણ રાજકુવરી હોવી જોઈએ તે સાંભળીને કુંવરી રાજા પાસે આવી તેમના અંગ ઉપરનું વસ્ત્ર ઉખેડી કહે સ્વામી આ હુંજ તમારી સ્ત્રી હંસલી છું સરખે ધર્મ સરખી ગતી થઈ, તેમ નામ પણ સરખાંજછે અને હું પણ જાતી સ્મરણ પામીને તમારીજ ઈચ્છા રાખી રહી હતી એવી રીતે બંને જણ આંખે આંખ મેળવી ઘણા વરસના વિજોગ કરી દુઃખના આંસુ લાવ્યા. એરે એક દાસીએ ઉતાવળથી રાજા પાસે જઇને વધામણી આપીકે તમારી પુત્રી પુર્વનો ભરથાર પામી તેને વરવાને તત્પર થઇ છે, એમ સાંભળીને જયસિંહ રાજા સપરિવારે કામદેવને દેરે આવીને રત્નશિખરને પોતાને મેહેલે તેડી ગયો ત્યાં મહોત્સવે કરીને રત્નવતીને પરણાવી તથા હાથી ઘોડા

વગ આભુષા પ્રમુખે બહુ સરપાવ આપી વિદાય કીવા. એવે એક મુકામ કીધા પછી જક્ષની સાહ્યથી ઉતાવળીને વિષે આ યા ત્યા તે જક્ષની પુત્રી લક્ષમીવતી પ્રથમ,મ નીશ્વરરૂપ મીરે મુકી ગયો હતો તે પણ ત્યા જક્ષદેવે મ નાને સોપી. ત્યા એક દિનસ રહીને મુનીસુવ્રતસ્વામીની પુજા કરી ચાલવા લાગ્યા તેવારે જક્ષદેવ મ ત્રી પ્રતે કહે અમારી પુત્રી તમને ઓપીએ છીયે તેને કદા પણ છેહ દેશો નહીં એમ કહી પોતાની પુત્રીને કહે હે બેટી તુ સુખેથી પોતાના સ્વામી સાથે જા અમારો સ્નેહ તારા ઉપર વિશેષ છે માટે કોઇ વખત આવીશુ અને કામ પડે સભારજે એમ કહી સર્વપરિવાર્ને જક્ષદેવે રતનપૂરની ભાગોળે મુકીને દેવ અદ્રશ્ય થઇ ગયો.

અહીંયાં રતનવતીને જેવા તથા રાજાને ભેટવાને લાખો મા ણસ એકઠા થયાછે તેઓ મુખ થકી જૈન ધર્મની પ્રશસા કરે છે કે અહો ધર્મ થકી આવી રીતનો પુન્યના મેળા મળે છે તથા દીપાતરની પણ મળવુ થાયછે માટે ધન્યછે શ્રી જૈન ધર્મને કે જે આરાધવાથી મન વાછીત ફળ મળેછે આવી રીતે લોક પ્રશસા કરતા રાજાએ નગ ને વિષે પ્રવેશ કીધો. ત્યા રતનવતી સાથે દેવતાઇ સુખ ભોગવેછે એકદા ગુરૂમહારાજની સમીપે સ્ત્રી ભરતારે પર્વને દિવસે પોસો કરયો એટલે ગીરતુ મત્રીઆરમુ ક્ત ઉચરયુ એવે કોઇક દિવસ રાજા તથા રાણી મહેલને વિષે ગોખમા બેઠા છે તેનામા કીર જુગલ આકાશથી ઉતરીને રાજા તથા રાણીના હાથ ઉપર આવીને બેઠા તેમને રાજાએ પુછ્યુ કે તમે કેમ આવ્યા ને તમારો વાસ કયા છે તે કહો તે વારે તે પખી કહે અમે આ વનમા રહીએ છીએ અને તમને ધર્મી જાણી તમારી પાસે આ યા છીએ, એમ કહી મુછા ખાઇને જમીન ઉપર પડયા તે દેખી રાજા રાણી વીલખા

થઇ તેમને નોકાર દેવા લાગ્યા. થોડી વારમા અને મરણ પામ્યા. તેમને રાજાએ અગ્નિદાહ દેવરાવ્યો એને રાજા રાણી ચોકાતુર થઇ, મગય ભર્યા રાતે સુઇ રહ્યા.

પ્રભાતે રાજા રાણી ઉઠીને વાસ ભુવનથી બહાર નિકળે છે તેનામા કોઈ વન પુરૂષે વધામણી દીધી જે હે સ્વામી તત્વ રૂચી નામા મુનિ મહારાજ નગરની ભાગોળે પધારયા છે તે સાભળી રાજાએ તે વન પુરૂષને સરપાવ આપ્યો ત્યાર પછી રાણી સહિત નગરનિવાસે મુનીને વદન કરવા ગયા. ત્યા ત્રણ પ્રદક્ષણા દેઇ ગુરૂને વદન કરીને, પેલા મરણ પામેલા કીર જુગલની વાત પુછવા લાગ્યા, તેવામા એક સુભટ એક રૂપવતી સ્ત્રી લેઇ, રાજાપાસે આવીને કહે જે હે રાજન તમે વ્રતધારી છો માટે આ મારી સ્ત્રીને થોડીવાર સાચવો હુ એક મારો શત્રુ વિદ્યાધર ગગનને વિષે ઉભો છે તેને મારીને આવુ એટલી વાર મારી સ્ત્રીને શરણે રાખજો, તમારો મને પુરો ભરોસો છે. કેમ કે તમે તો પરસ્ત્રીના બધવ સમાન છો માટે તમને સ્ત્રી ભળાવુ છુ તેવારે રાજા પરઉપગારી બોલ્યો. રે સુભટ ? તારૂ કામ સુખેથી કર. ને સ્ત્રીની જરા પણ ચિંતા મ કરજે. એમ સાભળીને તે સુભટ આકાશે ગયો તેને થોડીક ઘડી વાર થઇ એટલે આકાશથી એક હાથ કપાઇને નીચે પડયો. તે પેલી ભાનુમતીનામા સ્ત્રીએ દીઠો ને રોવા લાગી જે હા હા આતો હાથ મહારા સ્વામીનોજ છે અને તે માર્યો ગયો, રાજા કહે તારા સ્વામીનો હાથ છે એ કેમ જાણ્યુ ? સ્ત્રી કહે તે હાથે રેખા છે. તથા નિશાન છે તેથી કરી જાણ્યુ જે એ હાથ મારા સ્વામીનો છે તેની રીતે વાતો કરે છે તેવામા બીજો હાથ અને ધડ તથા મસ્તક પણ નીચે પડયા, તે દેખી હાહાકાર થયો તેવારે સ્ત્રી કહે કે મારે પણ હવે તો જીવવુ નથી રાજાએ ઘણી સમજાવી

તથાપિએ તે સ્ત્રી પોતાના સ્વામીની લાસ માથે બળી સુ
તે દેખી રાજા રાણી ઉદાસ થઇને બેઠા છે તેનામાં પેલો સુ
આવી રાજાને નમસ્કાર કરી કહેકે હે રાજા હું શત્રુને મારી
આવ્યો માટે હવે મારી સ્ત્રી મને સોંપો તેવારે રાજાએ બ
સુનાની સઘળી હકીકત કહી પણ તે સુભટ માનતો નથી
કેમ તે દેવતા સુભટનું રૂપ કરીને રાજાની દ્રઢતા જોતા આ
લોછે વળી સુભટ કહે કે હે રાજા તમે સત્યધારી થઇને કે
જુઠું બોલોછો મહારી સ્ત્રી આપો, નહિતો હું અગ્નિમાં બ
ળીશ કેમકે સ્ત્રી વિના આ ભવ બધો નિષ્ફળછે માટે મહારી
સ્ત્રી આપો જો સ્ત્રી ના આપો તો પોમણ સતનું ફળ આપોતો
હું જાઉં, નહીં તો હું મરીશ તેવારે રાજા કહે પોસહ સત
નું ફળ તો પ્રાણ જાય તો પણ ન આપું ને તે અપાતું પણ
નથી તેમ છતા મહારૂં સઘળું રાજ તને આપું અને ઓછ સો
કન્યાઓ આપું તે લેઇ ખુશી થા ને તહારી સ્ત્રી મે રાખી ન
થી એતો બળી મુઇછે તેમ છતા તેના બદલે આટલું લેઇને
ખુશી થા તે પણ સુભટે નહીં માન્યું અને દેવો તે ધખડકીને બળી મુઓ. તે દેખી રાજા ઘણું દુખ વરતો થકો
ગુરૂ પાસે જઇને બેઠો તેવારે પધ્માવતી અને ધરણેંદ આવીને કહે કે હે પુત્ર તમે ઘણું ચિરંજીવી હોજો જે આ
દઢ મતનાથી છો તે વારે રાજા મુનિને પુછેછે કે એ કોણ દેવછે
મુનિ કહે જે એ તમારા માતા પિતાછે રાજા કહે, તે કેમ આ
વા મોટા દેવતા થયા? મુનિ કહે તમારા માત પિતા મરણ પા
મીને દેવ્વીક યોનીઓ ભમી કીર જુગલ થયા તેને પારધીએ
પાજશામાં ઘાલ્યા તે દેખી કોઇ મુનીએ તેમને છોડાવ્યા તે ઉ
ડતા ઉડતા આજ નગરીની બહાર જિનપ્રાસાદ દેખી જાતી સ્મરણ
પામ્યા તેથી મરણના અવસરે તમારા હાથ ઉપર બેશી

મરણ પામ્યા ત્યા, તમે નવકાર, મંત્ર સંભળાવ્યો, તે સ
ર્પ લઇને ધરણેંદ્ર અને પદ્માવતી, થયા તે તમારા વ્રત
ની દ્રઢતા જોવાને આ સુભટ, અને સ્ત્રીનો વેષ રચીને બોલ્યા
હતા. તેજ આ દેવતા છે તેવારે દેવતા કહે, હે પુન્ય મુનિ કહે
છે તે સઘળી વાત ખરી છે. એમ કહી રાજાના મેહેલમાં રત્નની
વૃષ્ટી કરી દેવતા પોતાને સ્થાનકે ગયા ને રાજા રાણીએ મુનિ
પાસે બાર વ્રત ઉચર્યા. મુનિને વંદન કરી પોતાને ઘેર ગયા, એને
જે સુમતિનામા મંત્રી છે, તેણે પણ સમકિત પામીને બાર વ્રત
ઉચર્યા અનુક્રમે વ્રત પાળી કાળ કરીને પાંચમા દેવલોકને
વિષે મહર્દ્ધિક દેવતા થયો. હવે રાજાએ મંત્રીના પુત્રને મંત્રી
પદ આપ્યુ એકદા સમે રાજા પોતાના આવાસને વિષે પાસો લે
ઇને બેઠા છે તેવામાં કોઇ શત્રુ આવીને નગર લુંટવા લાગ્યો
તેવારે સુભટાદિક તેની સામે લડવા ગયા અને રાજાને કહ્યુ જે
હે રાજા આ વખત હઠ મુકીને પોસો પારીને લડવા ચાલો, નહીં
તો ગામ લુંટાઇ જશે. તથાપિ રાજા જરાએ પોતાના શુદ્ધ સ્વરૂ-
પથી ચળાયો નહી તેવારે દુશ્મનનુ સૈન પાછુ નાઠુ. બી
જે દિવસે રાજાના ભોજનની વખતે સુભટે સઘળી વાત કહી
સંભળાવી ત્યાર પછી કેટલેક દિવસે રાજા કોઇ દુશ્મન સાથે
લડવાને ગયા છે ને રત્નવતી ઘેર રહી છે. તે રાત્રીને વિષે પો
સો લે ને કાઉસ્સગ્ગ કરે છે તેવામાં દેવતા રાજાનુ રૂપ કરીને
રત્નવતી પાસે આવી કહે હે રાણી! હું વિષય સુખ ભોગવ
વાની ઇચ્છાએ સૈનમાંથી આવ્યો છુ. માટે આ વખત પોસો
છાંડીને આલિંગન દે તારા ઉપર વિશેષ રાગે કરી, હું હમણા
આ પોહો માટે તારૂ નહીં કે સામંતાદિક મારી વાટ જોતા
હશે માટે તાકીદથી આલિંગન દે માગે, પાછલી રાતે પાછુ જ-
વુ છે. તેવારે રાણી કહે હે રાજા આ તે શું બોલો છો અને કે

ભુ તમારી જાત છે જરા વિચાર તો કરો. એક ગુરૂના મુખ થકી વ્રત ઉચરીને આ વાત કરતા લાજ નથી આવતી, કે જે થી નરકના ને તિર્યંચનાં દુખ ભોગવવા પડે' મારે હું રાજા આ વખત તમારે અને મારે કાંઈ સગપણ નથી ફકત ધર્મનું સગ ણ છે અને અગ્નિ વરસે તો પણ હું ચઉદશનો પોસો મ વિરાધુ એવી રીતનુ વિરજ દેખીને રાજા રીસ કરીને પાછો ગયો તેવારે રતનવતી ધ્યાનમાં રહી થકી પોતાના આત્માનુ ચિંતવન કરે છે પ્રભાતે પોસો પારી જિનરાજનાં દર્શન કરી ઘેર આવી ત્યાર પછી રાજા આવ્યા તેમને સઘળી વાત રાણી-એ કહી તેવારે રાજા કહે હું કાંઈ જાણતો નથી એ કોઈ દે વનું કૃત્ય છે એને રાજાએ અષ્ટમીનો પોસો લીધો છે તે દિ વસે રાતીને વિષે દેવતા રતનવતીનું રૂપ કરી રાજા પાસે આવી કહે જે હે સ્વામી આજે પોસો છાંડીને મારી સાથે ભેગ થા તે વારે રાજા કહે આ વાત સતીને ઘટતી નથી, અને આ વેળા હું પર પુરૂષ એમ સમજ, તેવારે રાણી કહે ગુરૂ પાસે આ-લોયણ લઈશું પણ આજતો જરૂર વિષય સુખ ભોગવો. નહીં તો હું મરણ પામીશ તેવારે રાજા મૌનપણુ ધારણ કરીને પોતાના ધ્યાનમાં બેઠા એને રતનવતી પર પુરૂષ સાથે ભોગ કરવા લાગી તોપણ રાજા જરા એ પોતાના ધ્યાનથી નહીં ડગ્યો એ ટલે તે દેવતા મનીનુ રૂપ પ્રગટ કરી કહે જે હે રાજા મને ઓળખો છો? રાજા કહે તમે અમારા મંત્રીશ્વર છો કયાથી આજ તમે આવ્યા? તેવારે દેવ કહે હું પાંચમા દેવલોક થકી આ-વ્યો છું. અને જેવા તમને ભગવાને પ્રશંસા તેવાજ મે દીઠા પે હેલી રતનવતીની પરિક્ષા કીધી ને પછી આપની પરિક્ષા કરવા આ વ્યો હતો પણ આપનુ વ્રત દ્રઢ દેખી હું ઘણો આનંદ પામ્યો છું એમ કહી રતનવતીને ઓઢણું આપી અને રાજા રાણીને નમસ્કાર

કરી દેવતાએ રત્નની વૃષ્ટી કીધી ત્યાર પછી પોતાને સ્થાનકે ગયો. અહીંયા, રાજા રાણી, સમ્યક, સહિત બાર વ્રત પાળતા થકા અનુક્રમે, કાળ, કરી બારમા દેવલોકને, વિષે દેવતા થયા. ત્યાં સુખ ભોગવી અનુક્રમે, આર્ય, ભરત ક્ષેત્રને વિષે રાજા રાણી, તથા, મંત્રી ત્રણે જણ કેવળ જ્ઞાન પામી મોક્ષ પદ, પામશે.

આ કથા વાંચીને ભવ્ય જીવોએ હરેક વ્રત સમ્યક, સહિત કરવું ને તેની દ્રઢતા પૂર્ણ રાખવી, એથી તમે રત્નશિખની પેઠે મોક્ષ પ૦ પામશો

પર્વ તિથિયે પોસહ કરવા ઉપર ધનેશ્વર શેઠનો દ્રષ્ટાંત ધોબી તેલી તથા હોલીની કથા સહીત

ધન્યપુર નગરમા ધનેશ્વરનામે શેઠ હતો તેને, ધનશ્રી શેઠાણી તથા ધનસાર નામે, પુત્ર હતો. શેઠ પરમાર્હત હોવાથી કુટુંબ સહિત પ્રતિ પખવાડીએ છ, પર્વણીમાં વિશેષ આરંભ વર્જનાદિકે કરી, પ્રતિ માસે છ પર્વણીમા, (બે ચઉદશ, બે, આઠમ, અમાસ, પુનમ, એમ છ પર્વણીમા,), પરિપૂર્ણ પોસહ પાલન કરતા વિચરે છે, એવો ભગવતી સુત્રમા તુગીયા નગરીના શ્રાવ- વર્ણન અધિકારમા પાઠ હોવાથી પોષધાદિક કરીને છ પર્વણીયો પાલે છે. એકદા પ્રસ્તાવે આઠમનો દિવસ હોવાથી શેઠ પોસહ લઈ રાત્રે શુન્ય ઘરમા કાઉસ્સગ્ગ કરી ઉભા હતા, તે વખતે પહેલા દેવલોકના ઇંદ્રે ધર્મની દ્રઢતા ઉપર તેની ઘણીજ પ્રશંસા કરી. તેને નહી માનતા એક મિથ્યાદ્રષ્ટી દેવતા શેઠની પરિક્ષા કરવા આવ્યો. તેણે પ્રથમ તો, મિત્રનું રૂપ બનાવીને, સોનાની કોટી, નિધાનમાથી તમારી આજ્ઞા હોયતો લેઉ એમ ઘણીજ વાર પુછ્યું,

પણ તેના શેઠે કાંઈ ધ્યાન દીધું નહીં, ત્યારે સ્ત્રીના રૂપે અપ્સરાદિકે કરી શોભિત કટાક્ષનો ઉપજાવી ત્યાર પછી રાત્રિ છતાં પણ પ્રભાતમાં જેવો દેખાવ કર્યો, સૂર્યનું ઉગવું, તડકાનું પડવું, વિગેરે દેખાડવા પૂર્વક મોં મોટું પારવા માટે સ્ત્રી પુત્રાદિકે બનાવટીએ તેવી તેવા પ્રકારની યુક્તિયોથી પ્રાર્થના કરી છતાં પણ સજ્ઝાયના ગણવાથી રાત્રિ જાણીને શેઠ ધ્યાનને પાળ્યો, ફિર પછી વળી પિશાચ પેઠે ઉપાડવું, ફેંકવું, ઉછાળવું, શિલા ઉપર પછાડવું, સમુદ્રમાં નાંખવું વિગેરે કેટલાક પ્રતિકુળ ઉપસર્ગ કીધા—એના પ્રાણાંત ઉપસર્ગ થયા, છતાં મન તે ક્ષોભાયમાન ન થયો, જે માટે કહેલું છે કે

[શા રૂપ હસ્તિથી, સાચવાથી, પર્વતથી, શેષ નાગથી, ધરેની આ પૃથ્વી કદાપિ ચળી જાય છે, પણ નિર્મળ, મનવાળા પુરૂષો સુખથી જોઈએ તે પ્રાણાંત થાય તોપણ ચળતા નથી (આટલું આખું લખ્યું કર્તાએ નથી?)

ત્યારે તુષ્ટમાન થઈ દેવતા બોલ્યો કે, તું પોતાની ઈચ્છા પ્રમાણે માગી લે, તોપણ તે ધ્યાનથી ચુક્યા નહીં તેથી તે દેવ અત્યંત તુષ્ટમાન થઈ તેના ઘરમાં અસંખ્ય કોટી રત્નની વૃષ્ટિ કરી નમી ખમાવીને ચાલ્યો ગયો.

આવો મહિમા દેખી ઘણા લોકો પર્વણીએ પડિપોસહ કરવામાં આદરવંત થયા. તેમાં પણ તિથિને આનંદે શેઠ ધારીતા વિશેષ ધર્મરાગી શ્રાવક બીજ પાંચમ કલ્યાણી વિગેરે પણ છ પર્વણીમાં છ કાયના આરંભ વર્જક થયા. શ્રાવણ નવો બંધ્યા સાધર્મી અનેક મહાન પુરૂષોને દિવસ જોઈ તેને પોતાને ઘેર લેઇ જઇ બહુમાનથી જમાડે અને પહેરામણી રૂપ વળી તેને ઘી ગોળ અને ધન આપવા વિગેરે ભક્તિ સન્માન આપે છે. કહ્યું છે કે—

તેહનુ હિત, મારા ન કરે, જુઓ પર્યાય કરી કે જેણે સાધર્મીક, શ્રાવક, કરે, તેથી, વધી પ્રાણી તેણી કપરિણામથી, તે પણ સમકિત પામ્યા જે માટે કહ્યું છે કે [illegible] આજ્ઞા સ્વરૂપનો મેળાપ, શીઘ્રથી હિતને, પણ, શીલ, સહિત [illegible] છે જેમકે, ગરૂડ ને, લાગેલા, વૃક્ષ, [illegible] પામી જાય છે

એક દિવસ રાજાના નોકરોએ ઘાંચીને કહ્યું કે, આવતી કાલે [illegible] તેથી રાજાને નવીન ઘાણી [illegible] પછે [illegible] મારે આજે [illegible] ઘાણ [illegible] એમ કહી ચેદ [illegible] દિવસે તેણે રાજાના [illegible] તેને આપ્યા ઘાંચીએ કહ્યું કે [illegible] દિવસે આઠમ, ચૌદશ સહિત આઠે અગિયાર કરવાના છે, તેથી મારાથી આજે આજે [illegible] થાય નહીં.

નોકરે કહ્યું— આ રાજાની આજ્ઞા આગળ નિયમ શા કામનો છે જો રાજાની આજ્ઞાનો ભંગ કરીશ તો તારે [illegible] વશ [illegible] વહાલાઓ [illegible] તેમજ શેઠે પણ કહ્યું કે રાજાની આજ્ઞા ભંગ કરી ધર્મની [illegible] સાયક નથી [illegible] છે. ઇત્યાદિ યુક્તિ [illegible] પણ કયા [illegible] કરતા નથી [illegible] ધર્મ [illegible] છે એમ બોલતા ઘાંચીએ [illegible] આવી પડે [illegible] પણ [illegible] કહ્યું [illegible] નહીં રાજાના નોકરોએ જઈ રાજાને [illegible] રાજા પણ કોપાયમાન થઈ બોલ્યો કે આજ્ઞા ભંગ [illegible] સાહેબ [illegible] પ્રાકૃત [illegible] પાસે [illegible] યોગથી રાતે રાજા [illegible] એથી [illegible] પડિયા કે આખા નગરમાં [illegible] હાહાકાર [illegible] એમ [illegible] દિવસ [illegible] થઈ ગયા ધર્મના પ્રભાવથી [illegible] પણ પોતાનો નિયમ [illegible] દિવસે તેણે રાજાના [illegible] ના [illegible] લાવ્યાથી [illegible] હાજર કર્યો [illegible]

એવીજ રીતે એક વખત જરૂરના પ્રસંગથી રાજાએ ચૌદશને દિવસે તેલીને ઘણા તેલની વરદી આપી, તેણે કીધું કે, હું ચૌદશને દિવસે ઘાણી ફેરવતો નથી તેથી રાજાયે કોપ કર્યો પણ તે દિવસે બીજા કોઇ રાજાનું સૈન્ય આવી પડયું તેથી રાજાને તેઓની સાથે યુદ્ધ કરવા જવું પડયું તેને જીતવાની વ્યગ્રતામા પડવાથી તેલીનો નિયમ પળી શકયો

એમજ આઠમને દિવસે રાજાનું નવું ખેતર ખેડવાનુ મહુરત હતું તેથી કણબીને કહેવરાવ્યું કે, આઠમની સવારે હળ ખેડવું તેણે કહયું કે મારે આઠમ ચૌદશ હળ ખેડવાનો નિયમ છે રાજાયે તેના પર કોપ કર્યો, પણ દૈવયોગથી તે દિવસે અકસ્માત ઘણો વરસાદ પડયો જેથી તેનો નિયમ સુખપુર્વક પળયો.

એમ અખંડ નિયમ પાળીને તે પુન્યના પસાયથી મરણ પામ્યા પછી તે ત્રણે જણા છઠ્ઠા દેવલોકે, ચૌદ સાગરોપમના આયુષ્ય વાળા દેવ ઉત્પન્ન થયા ધનેશ્વરશેઠ તો કાળ ધર્મ પામી બારમે દેવલોકે દેવ થયો ચારેને મૈત્રી ભાવ રહયો, ત્રણે દેવોયે ધોબી, તેલી કણબીયે શેઠ દેવને પ્રાર્થના કરી હતી કે જ્યા તમે ઉત્પન્ન થશો ત્યા તમે આવીને અમોને પ્રતિબોધજો શેઠ દેવે પણ તે કબુલ કીધુ હતુ, ત્રણજણા તો દેવલોકથી ચવીને કોઇક જુદા જુદા મોટા રાજાના કુળમા પુત્રપણે ઉત્પન્ન થયા. છેવટે તે ત્રણે મોટા પરાક્રમી રાજા થયા, અને તેઓ ધીર, હીર, વીર, એવા નામે પ્રખ્યાત થયા

ધીરપુર નગરના એક શેઠ હતો તેને પર્વને દિવસે સર્વદા સર્વ તરફથી લાભ થતો અને બીજા દિવસોમા તેવો લાભ ન થતા ઉલટી હાની થતી હતી, તેથી તેણે જ્ઞાનીને પુછયું જ્ઞાનીયે કહયું કે, તે પુર્વભવમા દુ ખી અવસ્થામા પણ ભાવ

લા નિયમથી યથા શક્તિ પર્વના દિવસો સમ્યક પ્રકારે પાળ્યા હતા, અને બીજા દિવસે મા તો લૌકિક હિ પો ાથી પણ આળસ વિગેરેથી પુણ્ય કાર્યોમા પ્રમાદિ થયો, તેણે કરી આ ભવમા પણ પર્વમાજ લાભ અને બીજા દિવસોમા હાનિ થાય છે કહ્યુ છે કે—

જે પુરૂષ પોતાના ધર્મમા આસક્ત છે તેને ચોર કે અગ્નિ પણ વિનાશ કરી શક્તિ નથી અને તે પુરૂષ જુગારમા પણ હારી જતો નથી.

ત્યાર પછી, તે શેઠ સહુ કુટુંબ પુણ્ય કરવામા, નિત્ય અપ્રમાદિ થયા થકા સર્વ શક્તિ પૂર્વક સર્વ પર્વ આરાધન કરવાના તત્પર થયો વ્યવહાર શુદ્ધયાદિક વ્યાપારાદિકથી પણ સ્વલ્પ સ્વલ્પતર આ ભથી નિર્વાહ કરતો બીજ વિગેરે સર્વ પર્વણીમાં પણ વિવિધ કરણી કરવા લાગ્યો, કે જેથી ગ્રાહ કો પણ વિશ્વાસ પામીને તેનીજ પાસે વ્યાપાર કરવા લાગ્યા તેની પાસેથી લેવા લાગ્યા બીજાને દુકાને જવુ પણ ભુલી ગયા એમ થોડાજ દિવસોમા તે અનેક કરોડો સોનૈયાનો અધિપતિ થયો.

કાગડા, કાયસ્થ, કુકડા, એ પોતાના કુળના પોષક છે, અને વણીયા, શ્વાન, હાથી, બ્રાહ્મણ, એટલા પોતાના કુળને હણનાર છે. એટલા માટે બીજા કેટલાક અન્યાયિ વાણીયા લોકોએ મળી રાજાની પાસે ચાડી ખાધી કે આ શેઠને અનેક કનક કોટીનુ કુવાકથી નિધાન મળી આવેલુ છે જે-થી રાજાએ તેને બોલાવી પુછ્યુ તે બોલ્યો કે—મે મૃષાવાદ અદત્તાદાનાદિકના ગુરૂની પાસેથી નિયમ કરેલા છે. ત્યારે આતો ધર્મ ઠગ છે એમ ભરમાવી રાજાની પાસે તેનુ બધુ દ્રવ્ય લુટાવી લીધુ. આમ સર્વસ્વ ખોઈ બેઠેલો શેઠ પોતાના પુત્રો સહિત ઘરમા બેઠો વિચારવા લાગ્યો કે, આજે પાચમ છે

તેથી અવશ્ય આપણને કંઇક લાભ થવોજ જોઇએ. એમ એ-
સ્વામાં વિચાર કરે છે તેટલામાં તેનું ઓરડું છાપરા સુધી ભરાઇ ગયું. વ-
ળી પાછું રાજ દરબારમાંથી અકસ્માત તેને ઘેર સુવર્ણા-
દિક આવી પડયું. તેથી વિસ્મય અને ખેદ પામતો રાજા પો-
તેજ આવીને શેઠને બોલાવીને પુછવા લાગ્યો કે હે શેઠ, આ
ધન અમારા દરબારમાંથી તમારે ઘેર કયાથી (કેમ) પાછું આ-
વ્યું? શેઠે કહ્યું, સ્વામિન એનું કારણ તો હું પણ જા-
ણતો નથી, પણ એટલું તો ખરૂં કે જે દિવસે પર્વણી હોય છે
તે દિવસે અમોને પર્વના મહિમાથી જરૂર લાભ થાય છે. ઇ-
ત્યાદિક જે ખરેખરી બાબત હતી તે કહી.

પર્વનો મહિમા સાંભળવાથી જાતિ સ્મરણ જ્ઞાન પામીને
રાજાએ પણ છ પર્વણીનો નિયમ યાવજ્જીવનો અંગીકાર કર્યો.
તેવેજ અવસરે ભંડારીયે આવી વધામણી આપી કે, સ્વામી-
ન્ગમા. મેહુડાથી જેમ પદ્માકર પુરાય તેમ ધન સંપદાથી આ-
પણા ભંડાર બધા ભરાઇ ગયા છે. તે વખતે અતિ વિસ્મિત અ-
ને પ્રમુદિત થયેલા રાજાના દેખતાં, ચપળ કુંડળથી ઝળકતું છે
અંગ જેનું એવો એક દેવતા, ત્યાં તત્કાળ પ્રગટ થઇને, બોલવા
લાગ્યો કે. હે ભુપતિ, તું મને ઓળખે છે? પૂર્વના ભવનો તારો
મિત્ર એવો દેવ હું છું. આગલા ભવમાં પ્રતિબોધ આપવાને
હું તારાથી બંધાએલો હોવાથી પર્વાદિકને વિષે પ્રત્યક્ષ લાભ
થાય એવો શેઠનો પ્રબંધ બતાવી, તને પ્રતિબોધ્યો. તું પૂર્વ
ભવમાં ધીવરો હતો તે યાદ કર, અને હવે ધર્મના કાર્યમાં પ્ર-
માદપણું પ્રમાદ રાખીશ નહીં. હવે હું તેવી અને શ્રાવણી (કણ-
બી) ના જીવો જયાં રાજપણે થયા છે તેમને પ્રતિબોધવા માટે
જાઉં છું એમ કહીને તે દેવે ત્યાં જઇ તેઓ બન્નેને પૂર્વભવ
સ્વરૂપ સ્વપ્નમાં દેખાડયું, તેથી તે બન્ને જણા પણ જાતિ સ્મ

રંગ પામીને સમ્યક પ્રકાર શ્રાવક ધર્મ પાળવામાં અને જિનેશ્વ પર્વણીમાં આરાધન કરવામાં તત્પર થયા.

તે પ્રભુ રાજાએ પોતાના દેશમાં શેઠ દેવની વાણીથી અમારી પ્રવર્તાવી, સર્વ વ્યસનને નિવાર્યાં, સ્થાને સ્થાને નવા ચૈત્ય કરાવ્યા, ઘણી પ્રતિમાઓ નવી ભરાવી, ઘણા સંઘ યાત્રા કરી, ઘણાં સ્વામીવાત્સલ્ય કર્યા કરાવ્યા, ઇત્યાદિ ધર્મ કૃત્ય કરાવ્યાં, પર્વદીન આવે તે દિવસે પડહ વગડાવી સર્વ ધર્મમાં સર્વ લોકોને સર્વ પ્રકારના ધર્મ કાર્ય કરવા પ્રવર્તાવ્યા, તથા એક છત્રી રાજ્યમાં શ્રીજિનધર્મના મહિમાથી નિરંતર રહેની આપેલા શેઠ દેવના સાંનિધ્યથી તેના દેશમાં ઇતિ, દુર્ભિક્ષ, સ્વચક્ર, પરચક્ર, મારી મરકી પ્રમુખ વ્યાધિ અશાંતિકારક કોઇ પણ ઉપદ્રવ તીર્થંકરના વિહારની ભુમીની પેઠે સ્વપ્નમાં પણ થવા ન પામ્યા. ધર્મના મહિમાથી શું શું સાધ્ય પણ અસાધ્ય થઇ શકતું નથી? (સર્વ થાયજ છે) એમ સુખે ધર્મની એકમથી રાજ્ય, લક્ષ્મીને ઘણા કાળ ભોગવીને તે પ્રભુ રાજાઓ સાથે દીક્ષા લઇ મોટી તપશ્ચર્યાઓ કરીને થોડાજ વખતમાં કેવળજ્ઞાન પામી સ્થાને સ્થાને એવી દેશના આપીને અનુપમ મહિમાથી પ્રાયે પોતાના દર્શનમાત્ર દેખવાથી પૃથ્વીમાં સર્વ પ્રાણીઓને સર્વ પર્વમાં સુંદર ધર્મરત્ન આપીને શિવપદ આપીને ઘણાજ ભવ્ય પ્રાણીઓને નિસ્તારીને મોક્ષ પદ પામ્યા.

શેઠદેવ પણ અચ્યુત દેવલોકથી ચવીને મોટો રાજા થઇ પર્વ મહિમા સાંભળીને જાતિ સ્મરણ જ્ઞાન પામી દીક્ષા લઇ તેમજ મોક્ષપદને પામ્યા. એ પર્વના આરાધન ઉપર કથા બતાવી.

પૌષધ વ્રત આરાધવા અને વિરાધવા ઉપર શેઠના બે

પુત્રનો દ્રષ્ટાંત

લક્ષ્મી નિવાસ નગરમાં અપરાજિત રાજા રાજ્ય કરે છે, ત્ય

ને તે નગર મધે પ્રજ્ઞાકર શેઠ વસે છે. તેને પ્રજ્ઞાવતી સ્ત્રી છે. તે શીળગુણાલંકૃત છે. તે દંપતીને સાત પુત્રીઓ છે. તે સર્વે ગુણ હીન અને કલેશ કરનારી છે માટે માતપિતાને દુખદાયી છે તે થી તેઓ ગમે નહી. હવે કેટલેક દિવસે શેઠને એક પુત્ર જન્મ્યો તેનો જન્મ જોકે રાત્રે થયો, તોપણ જન્મ અવસરે, અકસ્માત ચારે દિશાએ ઉદ્યોત થયો તેથી માતાપિતાને વિસ્મય અને ખેદ થયો ત્યારે તે બાળક જન્મતાજ વાચાળ થઇ બોલ્યો કે તમે દુર્ધ્યાને ઠેકાણે ખેદ કેમ કરોછો? મારો જન્મોત્સવ કેમ નથી કરતા? પુત્ર પામવો દુનીઆમાં દુર્લભ છે, એવી વાણી તરત જન્મેલા બાળકની સાભળી માતપિતાએ એમ ધાર્યું કે આપણે ઘેર કોઇ ભુત પ્રેત કે યમ અવતર્યો જણાય છે, નહીતો જન્મતા વારજ આમ બોલે નહીં માટે એનો ઉત્સવ કેમ થાય.

આવો માબાપનો આશય જાણી છોકરો ફરીથી કહેવા લાગ્યો કે તમે કોઇ વેહેમ આણશો નહી હું તમારા ભાગ્યોદયથી તમારા કુળમાં અકસ્માત અવતર્યો છું તમારે દ્રવ્યનું પાકું દુખ છે તો તમે આ નગરની બહારની વાડીમાં દેહેરૂં છે તેના બારણે દશ કોડી સોનૈયા દાટેલા છે તે તમે ઉતાવળા જઈ લેઇ આવો અને જન્મોત્સવ કરો. તેમજ બીજા પણ ઘણા પુન્યના કામ કરો. તેમ બાપે તેમ કર્યુંતો ધનનો નિધાન નિકળ્યો તે ઘેર લાવી દીકરાનો જન્મોત્સવ મોટા આડંબરથી કર્યો અને તેનું નામ દેવકુમાર પાડ્યું. હવે તે દિન પ્રતિદિન પુનમના ચંદ્રની પેઠે વધવા માંડ્યો.

એવામાં કોઇ ચાડીઓએ રાજાને ત્યાં ચાડી ફૂંકી આવ્યો કે પ્રજ્ઞાકર શેઠને આ પ્રમાણે નિધાન પ્રાપ્ત થયો છે. રાજાએ તે વાત સાભળી સિપાઇઓને હુકમ કર્યો કે જાઓ તે શેઠનું ઘર લુંટી લાવો. સુભટો આવતા દેખી શેઠતો થર થર ધ્રુજવા

લાગ્યો ત્યારે છોકરાએ બાપને કહ્યું કે લગારે ડરશો નહી, તમારો બચાવ કરીશ તમને ઇંદ્ર પણ હરકત કરી શકશે નહી એમ કહીને ઘોડીઆમાંથી ઉઠીને તે બાળક મોટા યોદ્ધાનું રૂપ ધરી બારણે જઇને બેઠો પછી રાજાના નોકરો જેવા પેસવા જાય છે કે તરતજ તે બાળકે મોટા વાઘની પેઠે વાર્યા. તોપણ પેસતા રહ્યા નહી. ત્યારે એક ચપેટા જોરથી માર્યો તેથી સર્વ સૈનિકો લોહી વમતા મુર્છા ખાઇને ભોય પડ્યા.

આથી રાજા ઘણો ગુસ્સે થયો તેથી લડાઇની તૈયારી કરવા લાગ્યો, ત્યારે મંત્રી કહેવા લાગ્યો કે વગર વિચાર્યે કાઇ કામનો આરંભ કરવો નહીં આપ એમ તો વિચારો જે એ પંદર દિવસના બાળ-માં આટલું બધું બળ હોય તે વાત કેવી અદભુત છે મને તેની તપાસ કરવા દ્યો પછી પ્રધાન રાજાના હુકમથી તે શેઠને ઘેર આવ્યો અને જુએછે તો સુભટો મડદા જેવા પડેલા દીઠા અને પારણામાં બાળકને રત્નજડીત દડો ઉછાળતો દીઠો તેણે નમ્ર વાણીથી કુમારને કહ્યું કે હે કુમારેંદ્ર તમારે કીડી ઉપર કટક મુકવું ન ઘટે તમારા જેવા સિંહ પુરૂષને શીયાળ જેવા સેવકો પર આવો ક્રોધ કરવો ન ઘટે તમે આટલું કર્યું એટલેજ સૌને ચમત્કાર લાગ્યો હવે તેમના પર દયા કરો. પ્રધાનના આવા વચન સાંભળી કુમાર બોલ્યો કે આ કોપ કોઇ નોકર ઉપર નથી પણ તે તો રાજાને સંગ્રામની તૈયારી કરાવવા સારૂ જ છે હજુ સુધી તે કેમ ઢીલ કરેછે? તમે જઇને તેને ઉતાવળો મોકલો તે બાળકનું આવું મનવાઇ જેવું બોલવું સાંભળીને પ્રધાન મીઠી વાણીએ તેને સમજાવવા લાગ્યો કે રાજાને કાંઇ ચિત્ત ભ્રમ થયોછે જેથી તેને તમારૂં ધન લેવાનું મન થયું જેમ કોઇ વ્યભિચારી માણસ સતીના મનનો આશય લે ન શકે તેમજ તમારા જેવા પુરૂષનું ધન લેવું તે પણ

હું કરું છું, એ વાત મે હવે જાણી. તમે છો તો બાળક પણ પુ
ન્યનિક છો માટે રાજાને પણ સમજાવીને તમારા સેવકની પેઠે
તમારી પાસે લાવું છું કુંવરે કહ્યું જો વાત તો સાચી પણ કંઈ
ચમત્કાર બતાવવો જોઈએ તે વિના રાજા માને નહિ માટે જ-
ઇને રાજાને કહો કે કુંવર એમ કહેછે કે તું મારો અપરાધી
છે માટે રાજ્ય આપીશ ત્યારેજ તને મુકીશ, નહીંતો મુકવાનો
નથી જો રાજ્ય નહી આપે તો મારા હાથની કાળ ચુખડી
તને ચખાડીશ. આ સઘળો વૃતાંત પ્રધાને રાજાને જઈને કહ્યો
તે સાંભળી રાજાએ પોતાને જીવ્યાનો ઉપાય બીજો કાંઈ ન
દીઠો એટલે પ્રધાનના કહેવા પ્રમાણે રાજા તે કુંવરની પાસે આ
વી પગ લાગી કહેતો હતો કે હે કુમારરાજ આ મારૂં રાજ્ય
તમારે સ્વાધીન છે તે તમારી ઇચ્છા મુજબ અંગીકાર કરો વળી
મારા ઉપર મહેરબાની કરીને તમારૂં સ્વરૂપ પ્રગટ કરીને કહો
ત્યારે કુમાર કહેછે કે હું નાની વયનો છું માટે હમણા મારે
રાજ્યનો ખપ નથી. રાજ્ય તમે સુખેથી હમણાં ભોગવો અને
મારૂં સ્વરૂપ કેવળી ભગવાન અહીં થોડા કાળમા આવશે તે કહેશે
માટે ખુશી થઈને તમારે સ્થાનકે જાઓ, તમારા નોકરો દુ ખી
થયાછે તેમને જલદીથી સારા કરશું. એમ કુંવરનું બોલવું
સાંભળી રાજા, પ્રધાન, તથા નોકર સર્વે પોતપોતાને ઘેર ગયા
હવે તેજ નગરમા કોઈ ધનશેઠ રહેછે. તેની કન્યા નામે સ્રીને
સાત પુત્રીઓ છે અને તેના ઉપર માનતા ઇચ્છતા એક પુત્ર
થયોછે. તેનો જન્મોત્સવ બાપે કરવા માંડ્યો તેવામા તે પુત્ર
પિતાને કહેવા લાગ્યો કે વિધાતાએ મને નકામો બનાવ્યો છે
કેમકે તમારા ઘણા કાળના એકઠા કરેલા ધનનો નાશ કરવા
પેદા થયોછું માટે જુઓ હવે મારૂં કર્તવ્ય કેવું છે એમ
કહેતા વારને ઘરમા લાહે લાગી તેથી ઘરમાની સારી સારી

સઘળી ચીજો બળી ગઈ ઘર બળીને ભસ્મ થઇ ગયું. અને જયારે અગ્નિ હોલવવાને માત પિતા આવછે ત્યારે બાળકે ઉઠી પાણી છાંટીને આગ બુઝાવી નાખી અને પોતાનો ચમત્કાર દેખાડયો પુત્રનું એવું સ્વરૂપ દેખીને માતપિતા ભય ભ્રાંત થયા ત્યારે બાળક બોલ્યો કે મારૂં સ્વરૂપ તમે જોયું. હું મહાદેવની પેઠે સર્વ મૂર્તિનો સંહાર કરનારો છું તે માટે મારા ઉપર મોહ રાખશો નહીં. પણ તે દોડીને હું કહું તેમ કરો તમે મારો જન્મોત્સવ કર્યો તેથી મને ગુસ્સો ચઢયો તેનું આ ફળ કઠક દેખાડયું, તેટલા માટે આજથી મારા કાજે મહોત્સવ, મોહ હરખ, ભક્તિ, પ્રશંસા વિગેરે કાંઈ કરવું નહી જો થોડો પણ મોહ કરશો તો તરત દેખાડી આપીશ કોઇ સામી પ્રમુખ પાસે મને ધનગર્વી મોટો કરજો તે ઉપરાંત કાઇ કરશો નહીં જો કાઇ કરશો તો રાજાની આજ્ઞાના ભંગની પેઠે તત્કાળ ફળ દેખાડીશ એવું બાળકનું વચન સાંભળીને માતપિતા સૌ ચમત્કાર પામ્યા અને તેજ પ્રમાણે પ્રવર્તના લાગ્યા. પણ દીકરા ઉપર ઘણો સ્નેહ ન રાખે

*એકવાર કોઇ પાડોશણ પોતાના દીકરાને નવ નવી વાતો એ કરી રમાડતી હતી તેને જોઇને તે કુંવરની માને પણ મન થયું તેથી સાંજના વખતે બાળકને ઘોડીઆ બહાર કાઢીને ખોળામાં લીધો એટલે તે બાળક રાક્ષસ જેવું રૌદ્ર રૂપ કરીને ઘરમાંથી બહાર નીકળ્યો બીહામણું રૂપ ધારીને માબાપને કહેવા લાગ્યો કે જુઓ મારી આજ્ઞા ભંગ કરી તેનું ફળ પ્રત્યક્ષ દેખો એમ કહીને ઘરમાંથી નીકળીને ચાલતો થયો એટલે તેને મનાવવાને બાપ પ્રમુખ સગાવહાલા સર્વ પુઠે પુઠ ઘણે દૂર સુધી ગયા એમ વિચારીને કે આપણા બાળકની માફી માગી તેને સમજાવી ઘેર લાવીએ આવામાંતો તે બાળક ભૂત પ્રેતની

પેઠે કયાક અલોપ થઇ ગયો હવે શુ થશે એનો વિચાર માત
પિતા કરેછે એટલામા અધારૂ થયુ ત્યારે સૌ સગા વહાલા
પાછા આવવા લાગ્યા એટલામા હથીઆરબધ થઇ હાથમા
ઉઘાડા હથીઆર લઇને મારમાર કરતી ધાડ આવી. તેણે ઘરમા
પેશીને સોનુ રૂપુ જવાહીર વિગેરે સર્વે કિમતી ચીજોના ગાસડા
બાધી રસ્તે પડી પછી શેઠ વિગેરે સર્વે માણસોએ ઘરમા પે
શી ઘરમા રહેલી ચીજોની તપાસ કરી તો બાળકને પારણામા
હગતો દીઠો તે દેખી પિતાદિક સૌએ હાથ જોડી પગે લાગી મી
ઠા વચને કરી પોતાનો વાક કુવરને ખમાવ્યો આ વાત નગર
મા ફેલાતી ફેલાતી રાજસભામા ગઇ, ત્યારે રાજાએ ધનશેઠને
તેડાવી સઘળી હકીકત પુછી તેમણે પણ યથાસ્થિત સર્વે વાત
કહી તે સાભળી રાજાએ નવાઇથી શેઠને કહ્યુ કે તમે જઇને કુ
વરને કહો કે રાજા તમને તેડાવેછે શેઠે તે પ્રમાણે ઘેર જઇને કુ
વરને કહ્યુ એટલે બાળક ઉઠીને ચાલ્યો માર્ગમા ઘણા લો
કોને નવાઇ પમાડતો રાજસભામા આવ્યો સલામ ક્યા સિવા
ય રાજસભામા જઇ બેઠા તોપણ રાજાએ તેને સારી રીતે
આદરમાન આપ્યુ અને પુછયુ કે તમને કુશળછે. રાજાએ આ
મ પુછયુ એટલે બાળક ઘણો ગુસ્સો કરીને દેવ જેવુ વિકાળ
રૂપ કરીને બોલ્યો કે હે રાજા તુ મને બહુ માનવી બેલાવે છે
તેથી તુ મને નથી ઓળખતો? તુ મારૂ પરાક્રમ ભુલી ગયો.
જેમ શેઠનુ ઘર બાળીને ભસ્મ કર્યું તેમ તારૂ પણ કરી
નાખીશ એમ કહેતાજ રાજાના ઘરમા આગ લાગી તે જોઇ
રાજા કુવરને કહેવા લાગ્યો, હુ ભુલ્યો તુ પ્રસન્ન થા એવા
વચન સાભળી કુવર શાત થયો અને રાજભવનમાં લાગેલી
આગ પણ બુઝાઇ ગઇ એટલે તે કુવર બેઠો થયો પ્રેત
કુમારનો કોપ શુ કામ ? પ્રભાકર શેઠના દીકરા દેવકુમાર જે

વો, નથી. એમ તે બોલ્યો એટલે સર્વ લોક બીનેલા હતા તે હરખીત થયા હવે તે કુંવર સભાના લોકને કહેવા લાગ્યો કે મને પ્રેતકુમાર કહી બોલાવજો અને મારી પુંઠે નિંદા કરજો તેથી હું રાજી થઈશ એમ કહ્યું. મારા વખાણ કરશો નહીં એવા વચન સાંભળી, રાજા પુછવા લાગ્યો, કે હે કુંવર તારૂં સ્વરૂપ ઘણું આશ્ચર્યકારી, ભયંકર, સર્વ જગતના અહંકારને ટાળનાર, સર્વ જગતને ત્રાસ ઉત્પન્ન કરનારૂં એવું વિરૂદ્ધ કેમ છે તે કહે ત્યારે કુંવર બોલ્યો અહીંયા કેવળી ભગવાન આવશે તે દેવકુમારનું સ્વરૂપ કહેશે ત્યારે પ્રેત કુમારનું વૃતાંત પણ કહેશે, મને પુછવાનું તમારે શું કારણ છે. હે રાજા ઉત્તમ પુરૂષ પોતાના ગુણોનું વર્ણન ન કરે

એવે સમે કેવળી ભગવાન આવ્યાની વધામણી ઉદ્યાન પાળકે આવીને કહી તે સાંભળી રાજા તથા પ્રજાકર શેઠ તથા ધનશેઠ પ્રમુખ સર્વ નગરના લોક આવ્યા કેવળી ભગવાનને વાંદી ધર્મદેશના સાંભળ્યા પછી ઉપના બન્ને કુમારનું સ્વરૂપ પુછ્યું. કેવળી ભગવાન પણ તે બન્નેના પાછલા ભવ કહેતા હતા. હે રાજા પુર્વકૃત કર્મના ઉદયથી શું ન ઉપજે, જે મોટા મનોરથથી અગોચર છે, જેને મોટા રૂષિઓની વાણી પણ સ્પર્શ કરી શકિત નથી વળી જે વસ્તુ સ્વપ્ને પણ બનવી મુશ્કેલ છે એવી વસ્તુ નિર્માતા હોવા માત્રમાં નિપજે છે, હવે તેમના પાછલા ભવ સાંભળો હસ્તિનાપુર નગરમાં કોઈ ઘરડી શ્રાવીકાને એક સુમતિ અને બીજો કુમતિ એવે નામે બે દીકરા હતા તેમનામાં નામ પ્રમાણે ગુણો હતા. ઘણા વ્યાપારના કારણથી અને પ્રમાદના વશથી રૂડી રાતે ધર્મ સાધતા નહોતા. સુમતિ કાંઇક ધર્મ રૂચીવંત હતો પણ જેમ તાવથી દુખી થયેલા માણસને ઘીની રૂચી ન હોય તેમ કુમ

તેનેતો ધર્મ કરવાની ઇચ્છાજ નથી હવે ડોસી સંપત્તિવાન વાળા ધર્માનુરાગી હતી પ્રભુની ત્રિકાળ પુજા કરછે. સામાયિક પોસહ વિ. ધર્મ ક્રિયા કરેછે અને પર્વ દિવસે તો ઘણી સ્ત્રીઓને એકઠી કરીને પોતે આગેવાન થઇને સૌ સાથે પોસહ કરેછે હવે સુમતિ ધર્મરૂચીવાળી હોવાથી માતાને પોસહ કરતા દેખીને ગહુંલી પણ કરે અને તેની અનુમોદના કરે, મનમા હરખીત થાય સર્વ પ્રકારે શાતા આપે. તેમ તેમ માને ધર્મ કામમા ઘણો ઉત્સાહ થાય પણ કુમતિ તો તેની માને કહે મા ઘડપણમા પોસહ કરતા ઘણું કઠણ છે માટે એ કરવાથી શુ થાય પોસહ તો શક્તિવાન હોય તેજ કરવો, વળી ચિંતા રહિત હોય તેજ પોસહ કરે તારાથી તો વિધિ પ્રમાણે કામ થતુ નથી માટે પોસહ મુકી દઇને છોકરાની પ્રતિપાળના કર પોસહ કરવાથી પોતે દુખી થાયછે અને છોકરાને પણ દુખે મારેછે એમા શુ શો ધર્મ રહેછે. પોતાનુ ઘર મુકી જ્યાં ત્યાં ફરવુ એ ઠીક નહીં વૃથા કાયક્લેશ કરવાથી ફાયદો શો? વૃદ્ધાવસ્થા થઇ માટે છોકરાની સાર સંભાળ કરો એવા કુમતિના વચન સાંભળીને પણ તેણે પોસહ છોડી દીધો નહીં, તેણે મનમાં એવો વિચાર કર્યો કે હું શોભા ચાલેશરીખુ અને જો મુકી દઇશ તો બીજી બધી સ્ત્રીઓ મુકી દેશે બીજાને મુકવો હોયતો મુકે પણ આપણે તો મુકવાનાં નહીં

આની વર્તણુકથી તે ડોસીનો સ્નેહ સુમતિ ઉપર ઘણો દૃઢ થયો અને કુમતિ ઉપર પાકો દ્વેષ થયો. આ પ્રમાણે પોસહ તો કર્યા પણ મોટાપણું વાછતી હતી તેથી તેણે યથાવિધિ ન કર્યા, માટે પોસહ વિરાધનાથી વ્યંતરીનુ આઉખુ બાંધી મરીને આ બગીચામા વ્યંતરી થઇછે જો નિરતિચાર પોસહ કર્યો હોતતો વૈમાનિક દેવનુ આઉખુ બાંધત. હવે સુમતિ

મરીને પ્રજ્ઞાકર શેઠનો પુત્ર થયો અને કુમતિ મરીને ધનશેઠનો દીકરો થયો એ બે ભાઇ આનંદનું ફળ પામ્યા,

હવે તે વ્યંતરી પાછલા ભવનાં દ્દઢ રાગથી બંધાણી થકી પ્રજ્ઞાકર શેઠના પુત્રનો જન્મ માત્રથી તેના શરીરમાં અધિષ્ઠી રહી છે, અને રાત્રે તેના માબાપને દ્રવ્યનો ભંડાર આપ્યો તે પછી ગર્જીને નમાવ્યો ઇત્યાદિક ચમત્કાર દ્દઢ રાગને લીધે દેખાડ્યા તથા તે વ્યંતરી પુર્વના ઘણા દ્વેષને લીધે ધનશેઠના દીકરાના શરીરમા રહીને વિટંબના પમાડે છે, અનેક દુઃખમા નાખે છે. તેથી તે શેઠનું સઘળું દ્રવ્ય નાશ પામ્યું અને હજી પણ ઘણું દુઃખ પમાડશે અને પ્રજ્ઞાકર શેઠના દીકરાને ઘણી રિદ્ધિ આપશે કારણ કે પ્રજ્ઞા સુમતિએ ધર્મની સહાય કરી તેથી સુખદાયી થઇ અને કુમતિએ નિંદા કરી તો દુઃખદાયી થઇ માટે ધર્મ કાર્યમા સાંનિધ્ય કરવાનું મોટું સારૂ ફળ છે પણ તેની નિંદા કરવાનું ઘણું માઠું ફળ છે એમ તે વ્યંતરી બાર વર્ષ સુધી એકને સુખ અને બીજાને દુઃખ દેખાડશે એવું કેવળી ભગવાનનું કહેવું સાંભળી સર્વ પ્રતિબોધ પામી એક ચિત્તે ધર્મ કાર્યમા મદદ કરવાને રૂચિવાળા થયા હવે પ્રજ્ઞાકર શેઠ અને ધનશેઠને ગુરૂ પાછલા ભવ કહે છે. ગયા ભવમાં ધર્મદાસ અને ધર્મદત્ત એ નામે બે ભાઇ જિનધર્મી હતા બન્નેએ પરણ્યા પછી બાયડીઓની પ્રેરણાથી પૈસાને માટે માંહો માંહે તકરાર કરી, અને નિત્ય કલેશ થવા લાગ્યો તેથી બન્નેને જુદા રહેવું પડ્યું, અને ગુપ્ત દાટેલા ધનને માટે બન્નેને અન્યો અન્ય શંકા રહે, એટલે મોટો ભાઇ એમ જાણે કે રખે નાનો ભાઇ લેઇ જશે અને નાનો ભાઇ એમ જાણે કે રખે મોટો લેઇ જશે એમ બન્ને અન્ય દ્વેષ ધરતા હતા અને એક બીજાનો વિશ્વાસ કરે નહિ. એવામા મોટા ભાઇને વેર સીમત મ

સહિત વંદન કરવાને આવ્યા. ત્યાં બંધના પણ કવળી ભગવાં નને પાદવાને આવી બન્ના વાદીને યોગ્ય યોગ્ય સ્થાનકે બે ઠા હવે કેવળી ભગવાને ધર્મોપદેશ દીધો કે ભવ્ય પ્રાણીઓ કર્યાં કર્મ તેજ સુખ દુખનું કારણ છે માટે ક્ષણ એક પણ ધર્મ ઉધમ વિના ગુમાવશો નહિ ધર્મ થીજ સર્વ મનવાછિ- ત મળેછે કેમકે શું ઘડપણ નાશી ગયું ? રોગ જતા ર હ્યાછે? મરણ આવવાનું નથી? નરકનું આયુ બંધ કરેલું છે? કે જેથી તમે ધર્મની ઈચ્છાજ રાખતા નથી માટે હે જીવ તું પ્ર- માદી નહિ જાગતોજ રહેજે-કેમકે રોગ, જરા, અને મરણ એ ત્ર ણ જણ તારી પુંઠે લાગ્યાછે માટે જો યતિધર્મ પાળવા અસમર્થ હો યતો શ્રાવકધર્મ પ્રમાદ રહિત થઇને પાળ અને વળી તેમા ઉ ત્તમ ચાર રૂપ એવું પોષધવ્રત પાળ. બીજાને પળાવવામા મદ દ કર અને તે પાળનારની સ્તુતિ કર કેમકે શાસ્ત્રમાં કર્યું ક રાવ્યું ને અનુમોદ્યું એ ત્રણેનું સરખું ફળ કહ્યું છે, ધર્મકામમાં મદદ કર્યાનું તથા તેની સ્તુતિ કર્યાનું અને સહાય નહીં કર્યાનું અને નિંદા કર્યાનું ફળ દેવકુમાર અને પોતકુમારની પેઠે પ્રત્ય ક્ષ જોવું આવી દેશના સાંભળી દેવકુમાર પ્રતિબોધ પામ્યો. પુર્વે કરેલી ધર્મ સામગ્રીના વશ થકી તેને નિર્મળ આસ્થા બેઠી ત્યારે તે દેવકુમાર રાજા સમકિત સહિત અગીયારમું પોષધવ્રત અંગીકાર કરતો હવો હવે પ્રજ્ઞાકર શેઠ પણ પોતાના પુત્રના પસાએ કૃતપુણ્ય માનતો એવા પર્વ દિવસે નિરંતર પોષધ ક રતો હવો. વળી ધન્યશેઠ અને તેમની સ્ત્રી પુર્વે ધનવાન છતાં પણ પુન્યના યોગે દરિદ્રાવસ્થામા આવી પડ્યા તેથી દુખગ ર્ભિત વૈરાગ્યથી દીક્ષા લઇ અનુક્રમે મોક્ષના ભાજન થયાં. એમ ઘણા જીવ પોષધાદિક કાર્યમા સહાય કરનારા થયા તે વસ્ત્રી પણ રૂડી રીતે સમકિત પામી સમકિતી જીવોને ધર્મમા સાનિધ્ય કરવા લાગી.

' : પાછલા ભવમા ધર્મનો અંતરાય કરવાને લીધે ભૂડી રીતે ધર્મ કરવાની મેંભ્બા થઇ તેપણ ધન્ય શેઠનો દીકરો પ્રેતકુમાર તો ધર્મ કાયામા ઉજમવંત ન થતો હવો નાસ્તિક ઘણાએ સમ જાવ્યો તોય પણ તે વાત રૂચેજ નહીં. ઉલટો ધર્મને વિષે દ્વેષ વન્તો રહે પછી દેવકુમાર તને જોન્ધી પોસો કરાવે તેથી પ્રેત કુમારે ધાર્યું કે હું અહીંઆ રહીશ તો નક્કી વળી પનાણે ધ ર્મ કરાવશે માટે અહીંથી બીજે ગામ જાઉં તો સારૂં તેમ જાણી બીજે નગરે જઇ વસ્યો આ પ્રમાણે વાછીત ફળ સિદ્ધિદા યક ધર્મની તે દૂર જઇ રહ્યો. પછી સર્વ પ્રકારે દુખી દરિદ્ર રોગી ધન્ન લોકનો પરાભવ પામી મરણ પામી તિર્યંચ થયો ત્યાથી નરકે ગયો એમ નરક તિર્યંચના ઘણા ભવ કરી ઘણા સંસાર રઝળશે અંતરાયના એવા કડવા ફળ જાણી કોઇને ધર્મ કાયમા અંતરાય પાડવી નહી

હવે દેવકુમાર રાજાએ પોસહના પહેલે દિવસે ઉદ્ઘોષણા કરાવી કે કાલે મારી સાથે પોસો કરવા સર્વ ગામ તાર્કિક પ ધારજો. એમ ઘણા કાળ સુધી પોષધવ્રત આરાધતો હતો એવામા એક દહાડો દેવકુમારને શત્રુ સામે લડવા જવું પડયું ત્યા ને ય સાથે વેરીરાજા સામો આવ્યો અને રાજા પડી નાખ તેથી સવારે ઠરાવ રાખ્યો હવે બીજે દિવસે આઠમ હતી તેથી દેવકુમારે લડવાની ના કહાવી પણ તેણે તો એમજ કહયું કે સવારે લડવાને તૈયાર રહેજો. તે રાજાનુ આવુ વચન સાભળી મંત્રી પ્રમુખે દેવકુમારને ઘણો વાર્યા, પણ તેણેતો પોસહ લીધો છે, એના વાત વેરી રાજાએ સાં ભળી ત્યારે ઘણોજ ખુશી થયો કેમકે દુશ્મનને આવુ છળ કયા થી હાથ લાગે ? પછી દુશ્મન રાજાએ દેવકુમારના સૈન્યને ચા રે બાજુ ઘેરી લીધુ, પ્રધાન વર્ગે આવી રાજાને સર્વ

વૃતાંત કહ્યો અને કહ્યું કે તમારો હુકમ થાય કે અમે
લડવા માંડીએ અને આપ પણ ચાલો પછી પોમોલેનો હવડા
લડવાનો સમય છે. જો તમે નહીં આવો તો મોટો અનર્થ થા
શે માટે તમે સત્વર તૈયાર થાઓ રાજા તો માન મેણ મનિમા
મે ડગ્યો નહીં. તેણે કહ્યું કે આ ભવના કિંચિત સુખને માટે
પરભવને વિષે ઘણું સુખ આપનાર એવો ધર્મ હું નહીં વિ
સારૂં; મારે માટે કોઈ ખેદ કરશો નહીં તમારા જીવના રક્ષણ
માટે જેમ વૈરી રાજાને નમવું હોય તેમ નમો હું લગારે
ક્ષોભ નહીં પામું, હું સાધુની પેરે એકલો છું. આ શરીર પણ
મારૂં નથી, તો સ્વજન કુટુંબાદિ તો મારા ક્યાંથીજ હું પણ
તેમનો નથી એમ કહ્યું છે. કે ગુરૂ સાથે ગ્રહણ કરેલું વ્રત
પ્રાણાંતે પણ ભાંગવું નહીં કેમકે વ્રતભંગથી અનંતુ દુખ
મળે છે પ્રાણ તો જન્મોજન્મને વિષે મળશે પણ વ્રત મળવાનું નથી
માટે મારૂં વ્રત અખંડ રહો, આવી નિર્મળતાવાળી વાણી
સાંભળી સુભટો સર્વે જડ બની ગયા કાંઈ ઉત્તર સૂઝે નહીં
એવામાં દુશ્મનનું લશ્કર પાણીના પુરની પેઠે સૈન્યમાં આવી
પહોંચ્યું એટલે નનાયક યોદ્ધાની માફક દેવ કુમારનું સર્વે
સૈન્ય દશે દિશાએ ભાગવા માંડ્યું, એટલે દુશ્મનના માણસો
રાજા તરફ આવવા માંડ્યા રાજાએ જમનો સંથારો કરી સા-
ગારી અણસણ કર્યું. એવામાં દુશ્મનના માણસ માર માર
કરતા રાજા પાસે દોડતા આવ્યા એટલે ધર્મના મહાત્મ્યથા
શાસન દેવતાએ તેમને જ્યાંને ત્યાં સ્તંભી રાખ્યા. સર્વેના શ
રીર રોગે પીડીત થયા થકા ઘણી આકરી વેદના ભોગવવા
લાગ્યા તેથી ઘણું આક્રંદ કરવા લાગ્યા અહો પુન્ય પાપના ફ
ળતો આ જન્મમાંજ પ્રત્યક્ષ જણાય છે તે દેખી રાજાને વિચાર
ઉપજ્યો કે આ સુભટોને એકાએક શું થયું રાજાને તેમના ઉપર

ધરણીજ દયા આણી એવું ચિંતવવા લાગ્યો કે બીચારા હું જેથી મુંઝેતો આરૂ આ અહો શાસન દેવતાએ રમ ા સાનિધ્ય કરના સારૂ કર્યુ જણાય છે પણ મારા નિમિત્તે પરને પીડા ઉપજે એના સાનિધ્યથી મારે શું આવું પાપ ભી.પણ દેખી શાસન ન વનાઇ પામી વૈરીરાજાને તથા સુભટોને કહેતી હવી કે જો તમે દેવકુમાર રાજાના સેવક થાઓતો તમને છોડી દઉં. તે સાંભળી વૈરી રાજાએ સેવક થવા કબુલ કર્યુ એટલે તરત જ શાસનદેવીએ તેમને મુક્ત કર્યા વૈરી રાજા દેવકુમારને તાબે થયો એમ જોઇને દેવકુમાર રાજાનુ લશ્કર જે પેહેલાં નાસી ગયું હતુ તે આ વી મળ્યુ. રાજાની સમક્ષ દેવતાઈ દેખાને શાસન દેવીએ તુષ્ટમાન થઇને રાજાએ પોષધ પાર્યો ત્યારે એક રત્ન આપ્યું કે જેના પ્રભાવથી વિષ, ભુત, રોગ, દોષ સર્વ દુર થાય, સર્વ શસ્ત્ર બધાઇ જાય, પાણી, અગ્નિ, શ્વાપદ આદિનો ભયપણ દુર થાય એમ રાજાએ પોષધ વ્રત અખંડ પાળ્યું. દેવતાએ દીધેલા રત્નના પ્રભાવથી તે રાજા પોતાને તથા પરને અનેક ઉપકાર કરતો હતો અને પોષધવ્રત વિધિએ આરાધી ભારે કર્મરૂપી રજમેલ ધોઇ નાખતો હતો

હવે એક નગરમાં કોઇ ચોર કોઇ શેઠના ઘરમાં ખાતર પાડી ચાલ્યો જતો હતો તેને ચોકીઆતે દીઠો એટલે તેની પાછળ પાછળ તે ચોકીઆતો જવા લાગ્યા. ગામના દરવાજા બહાર ગયા પછી તે ચોર એક ઝાડીમાં જતો રહ્યો. ત્યાં ચોકીઆતનું કાંઈ ચાલ્યુ નહી તેથી તે ઝાડની આસપાસ વીંટીને ઉભા રહ્યા. હવે તે ઝાડી મધ્યે તે ચોરે એક મુનિરાજને દીઠા તેમની પાસે આવી તેણે કહ્યું હે મહારાજ મને શરણે રાખો ત્યારે તેમણે કહ્યું કે જો તું સંસાર છોડી દે અને ચારિત્ર લે તો તને અભય છે. એક વૈરાગ્ય વિના આવી સર્વ ચીજનો ત્યાગ થાય

હ્યો છે, ભોગમા રોગનો ભયછે, ગુખમા ક્ષયનો ભયછે
ધનને વિષે રાજાનો ભયછે માનને વિષે ગ્લાનિનો ભય છે.
ગુણને વિષે ખલ પુરૂષનો ભયછે દેહને વિષે જમનો ભયછે, વ-
શુરવીરતા માંહે શત્રુનો ભય છે, જયમાહે રોગનો ભયછે, સ્ત્રીને
શા માટે કુશીલીના સ્ત્રીનો ભય છે. એ સર્વે નામ વાળા સાંભળી તે ચારે
ભય છે ફકત એક વૈરાગ્યજ અભય છે એવુ સાભળી તે ચારે
સ્વહસ્તે લોચ કર્યા તેને શાશન દેવતાએ મુનિનો વેશ આપ્યો
ત્યારે ગુરૂ મહારાજે તેને દીક્ષા આપી સવારમા રાજાના ત્રણ-
એ ચોરને મુનિના વેશે દીઠા ત્યારે રાજાને જઇને ખબર કરી
તે સાભળી રાજા પણ ત્યા વંદના કરવા આવ્યો. પ્રથમ ઉલ્લેશા
મુનિને વંદન કરી પછી એ ચાર મુનિને વાંદયા અને ઘણી સ્તુ
તિ કરી કહેવા લાગ્યો કે હે પ્રભો? તમે મહા સત્વવંત છો.
તમે અન્યાય માર્ગ ત્યાગી શીઘ્ર ત્રણ જગતના પુજનીક થયાછો
તેમજ નગર નિવાસી લોકો પણ વંદન કરી સ્વ સ્વસ્થાને
જતા હવા

હવે એકવાર રાજા પર્વના આગલે દહાડે પટહ વજડાવ
પર્વ દિવસે પોસો લેઇને રાત્રીએ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યો
ત્યારે ધ્યાનમા તે ચાર મુનિનુ અદ્ભુત આશ્ચર્ય તેને સાભરી આ
વ્યુ અને એમ વિચારવા લાગ્યો કે ધન્ય છે તે ચોરને કે
નગરના સર્વ લોકોને નિંદનીય હતા તેણે ચારીત્ર લીધુ. તે
ના સ્વરૂપને તો જાણતો નહોતો તોપણ તેણે વૈરાગ્ય ભાવ ધારણ
રી આત્માનુ સાર્થક કર્યું અને હુ તો ધર્મ સ્વરૂપ જાણતો
તો પણ સાધુપણું અંગીકાર કરી શકતો નથી માટે મને દુર્ભા
ધિક્કાર હો હુ કાયર છુ સંસાર સુખમા નિમગ્ન છુ તેથી રૂડી
ધર્મ આરાધી શકતો નથી અને અમૃત પાન સરખા ચા
મુકી વિષપાન સરખા વિષય સુખમા લીન થયોછુ તો

ળ તારણ પોત સમાન અને કર્મવેલનો છેદવાને દાતરડા જેવા અક્ષય સુખદાતા એવુ જે ચારિત્ર અને કયારે ઉદયે આવે એમ શુભ ભાવનામા લીન થતા ક્ષપક શ્રેણીએ ચઢી ઘાતિ કર્મનો ક્ષય કરી પૌષધવ્રત આ ધતા થકાજ કેવળ જ્ઞાન પામ્યો તેનો દેવતાએ મહોત્સવ કર્યો અને મુનિનો વેશ આપ્યો તે દેવકુમાર કેવળીએ માતપિતાદિક ઘણાને પ્રતિબોધ દેઇ દિક્ષા આપી અને ઘણા જણ સાથે મોક્ષે પહોન્ચ્યા માટે હે ભવ્ય જીવો પૌષધવ્રતની સહાય અને અનુમોદના કરવાથી સુમતિનો જીવ દેવકુમાર થઈ પૌસો કરતા કેવળજ્ઞાન પામ્યો અને કુમતિનો જીવ કે જેણે નિંદા કરી અને તેમાં સાનિધ્ય ન કરી તે સંસારમાં ઘણો કાળ ભટક્યો અને અતિ દુઃખ પામ્યો માટે હે ધર્મી પુરૂષો તમે પૌષધ વ્રત આરાધો કે જેમ સુમતિની પેઠે મોક્ષ પદ પામો.

મેઘરથ રાજાનું દ્રષ્ટાંત

પવિત્ર પૌષધે કરી ગૃહસ્થને પણ મુનિનુ તુલ્યાન થાય છે એ પ્રકારે હોય તેમા શુ કહેવુ વળી તેને મેઘરથની પેઠે તીર્થંકરપણુ પણ પ્રાપ્ત થાયછે, તે મેઘરથનો જીવ અનુક્રમે દશમે ભવે શાંતીનાથ નામે તીર્થંકર થયા ઇચ્છિત પદાર્થને દેનારા ચિંતામણીએ કરીને ધ ચવાનની તુલ્યતાજ હોયછે પણ રાજાની તુલ્યતા શુ ન હોય. અપિતુ હોયજ અર્થાત વ્રતે કરીને ગૃહસ્થને કેવળ મુનિની તુલ્યતાજ થાય અને જિનતા નુ થાય એમ ન જાણવુ પણ જિનતા પણ થાયજ.

અહીં મેઘરથ રાજાનુ વૃતાંત કહેછે સાવરથી નગરીને વિષે મેઘરથ રાજા રાજ્ય કરે છે એકદા તે નગરની સભામા નિમિત્તિયો આવ્યો. તે નિમિત્તિયાને મંત્રીએ પુછ્યુ જે કાંઇક નિમિત્ત કહો. ત્યારે નિમિત્તિએ કહયુ કે આજથી સાતમે દહાડે

આ રાજાના મસ્તક ઉપર વીજળી પડશે. તે વચનથી સર્વે જનો ભયભ્રાંત થઇ ગયા. પછી રાજાએ પુછયુ કે હવે આજે કેમ કરવુ ત્યારે કેટલાએકે કહયુ કે વહાણમા બેસીને સમુદ્રમા જવુ, કેટલાએકે કહયુ કે ગિરિગુફામા, જઇને રહેવુ, ત્યારે તેનો એક સુબુદ્ધીનામા પ્રધાન હતો તેણે કહયુ કે એ,સર્વ જના દો અને દેવ ધર્મા દાન કરો, જેણે કરી સર્વ વિઘ્નોનો નાશ થઇ જાય પછી રાજાએ નવીન પાષાણનો યક્ષ કરાવ્યો અને તેને રાજ્યાભિષેક કરાવ્યો અને પોતે સર્વ ત્યાગ કરી જિનાલયમા બેસી પોષધવ્રત ધારણ કર્યુ સાતમો દિવસ જ્યારે આવ્યો ત્યારે વીજળી પાષાણના યક્ષ ઉપર પડી તેથી તે યક્ષ તરત ફાટી ગયો એટલે રાજાને મુકી યક્ષની ઉપર વિતયુ પડી અને રાજા પોષધવ્રતના પ્રતાપે બચી ગયો. તે રાજાના જીવવાથી સર્વ જનોને પરમ પ્રમોદ થયો ને રાજા અનુક્રમે દશમે ભવે શ્રીશાંતિનાથનામા તિર્થંકર થયા એમ પોષધના પ્રતાપે નરી મરણ દુ ખ મટયુ તથા અનુક્રમે તીર્થંકરપણુ પ્રાપ્ત થયુ માટે સર્વ ભવ્ય જીવે પોષધવ્રત ધારણ કરવુ

(૧)પોષધવ્રત ઉપર મૌન એકાદશી વ્રતનીકથા

શ્રી મહાવીર સ્વામીને વાદી નમસ્કાર કરીને શ્રીગૌતમ સ્વામી પુછતા હવા, કે ભગવાન હે અનંત જ્ઞાનવત, માર્ગશીર્ષ શુદિ એકાદશીનુ પોષધ કરે તેને શુ ફલ થાય ? એમ પુછયાકે પ્રભુ શ્રી મહાવીર કહેતા હવા કે હે ગૌતમ ! સાભળ એક દા પ્રસ્તાવે દ્વારિકા નગરીમા શ્રી નેમનાથ સમોસર્યા તેમને શ્રી કૃષ્ણજી ત્રણ પ્રદક્ષિણા દેઇ વિનય પુર્વક વદન કરી પર્ષદામા બેઠા અને ભગવતે દેશના દીધી દેશના સમાપ્ત થયા પછી શ્રીકૃષ્ણ પુછવા લાગ્યા કે હે સ્વામી વર્ષના ત્રણસે સાઠ દિવસ થાયછે તે સર્વમા એવો કયો દિવસ છે કે જે દિવસે અ

[illegible] તપ [illegible] થકે પણ બહુ [illegible] આપનારો થાય ? તે- વારે [illegible] કહેતા હતા કે [illegible] આ [illegible] બુદ્ધિ [illegible] ને દિવસે [illegible] થકે પણ બહુ પુન્યદાયક થાય તેથી [illegible] ઉત્તમ છે, [illegible] કેમકે [illegible] આ [illegible] શ્રીઆચાર્યજીએ દીક્ષા લીધી છે, તથા [illegible] ને [illegible] જ્ઞાન ઉપ- જ્યું [illegible] દિવસે [illegible] થયો છે [illegible] લીધી છે, તથા [illegible] છે [illegible] [illegible] લેવા [illegible] [illegible] તેમજ [illegible] [illegible] [illegible] ફલ થાય તેથી [illegible] દિવસે [illegible] તે [illegible] કરે, [illegible] ને પ- ણ અનુમતિ [illegible] આજ્ઞા આપે [illegible] અને [illegible] [illegible] પચ્ચખાણ [illegible] સહિત [illegible] [illegible] કરે [illegible] નમસ્કાર [illegible] સાધર્મિ [illegible] તથા [illegible] જ્ઞાન [illegible] તે સ્નાત્રનો [illegible] [illegible] [illegible] દિવસે ગુરૂની પાસે [illegible] પાટો પાડી જ્ઞાન પુસ્તક પૂજી [illegible] શ્રીજિનેશ્વર આગલ નાળીએર [illegible] આદિક ઉત્તમ [illegible]

રાને પૂજા કરે. પછી પોતાને ઘેર આવી સાધુ સંવિભાગ કરી એટલે સાધુને વહોરાવી સાહામીભાઇને જમાડી તેમની વિશેષ ભક્તિ કરી પારણું કરે એવી રીતે એ તપ અગ્યાર વર્ષ પર્યંત કરે આ ચાર વર્ષને છેડે પાપહારી શ્રીજિનેશ્વર આગળ પકવાન્ન, ફલ, ધાન્યાદિક સર્વ અગ્યાર અગ્યાર વાના ઢોકવા તથા જો સામર્થ્ય ન હોય તો પણ જઘન્યથી અગ્યાર શ્રાવક તો જરૂર જમાડવા તથા શ્રીસંઘનુ પૂજા વાત્સલ્ય કરવું. અગિયાર અન લખાવવાના ઇત્યાદિક યથાશક્તે ઉજમણું કરવું, તેવી મોટો લાભ થાય તે માગશિર શુદિ અગ્યારશના દિવસ આવતી કાને છે. એવું ભગવાને કહે થકે ફરી શ્રીકૃષ્ણજીએ પૂછ્યું કે, હે ત્રિભુવનનાથ, પૂર્વે કયા પુણ્યવંત જીવે એ અગ્યારશનું આરાધન કર્યું ? અને તેથી તેને કયા ફળ પ્રાપ્ત થયા ? તે કૃપા કરી મુજને કહો. તેવારે ભગવાન બોલ્યા કે હે વાસુદેવ આગામી ધાતકી ખંડના દમિળ ભરતાર્ધે વિષે ચોગણી ચકલા અને અનંત દાનશાળાયે કરી શોભિતુ એવુ વિજયપુર નામે નગર છે તે નગર રત્ન, મ. ગોખ જાળીએ કરી બિરાજમાન છે, પ્રત્યક્ષ દેવલોક સમાન છે, તેમા અનેક વ્યાપારી અને ઘણા ધનવંત સુખી લોક વસે છે, તિહાં [illegible] નામે રાજા રાજ્ય કરે છે, તે રાજા મહાન્યાયવંત, ગુણવંત, દાતા ભોક્તા, પ્રજાને પાળનાર, પ્રજાના ભય ટાળનાર શત્રુનો મદ ભાંજનાર, જેને મહા વૈરાગી છે તેની ચંદ્રાવતી નામે ભાર્યા છે તે પણ મહા સ્વરૂપવાન, ચંદ્રમા સરખા શીતળ પરિણામવાળી, શીલ ગુણે કરી શોભાયમાન, ચોસઠ કળામા પ્રવીણ છે અને રાજાને અત્યન્ત વલ્લભ છે. તે નગરમા શૂરનામે શેઠ મોટો વ્યાપારી વસે છે, તે પણ નિર્ધન(?), મોટી સંપ નો ધણી, દેવગુરુનો પરમ ભક્તિવંત અને ગંભીર છે. એકદા પ્રસ્તાવે તે શૂરશેઠ ગુરુને પૂછ્યુ જે હે સ્વામી

જે ધર્મથી કર્મ ક્ષય થાય, એવો ધર્મ મુજને કહો તેવારે ગુરુએ મૌન
એકાદશીનો મહિમા તેની આગળ કહ્યો તે સાંભળી સૂરશેઠે પણ
કુટુંબ સહિત માગશિર શુદિ એકાદશીનું તપ કરવા માંડ્યું. તે
વિધિપૂર્વક અગ્યાર વર્ષ પર્યંત તપ કીધું તપ પૂર્ણ થયાથી સર્-
વ પ્રકારે વિસ્તારથી ઉજમણું કર્યું સાહામીવાત્સલ્ય સંઘ પૂ
જા કરી પછી અનુક્રમે આયુષ્ય પૂરૂં થવાથી તપના પ્રભાવે કરી
અગ્યારમા આરણ્ય દેવલોકે એકવીશ સાગરોપમને આઉખે દે-
વતાપણે ઉપન્યો. ત્યાં દેવતાની સંપદા ભોગવી આયુ પૂર્ણ થયે
ત્યાંથી ચવીને આ જંબુદ્વીપના ભરતને વિષે સોરીપુર નગરમાં
સમુદ્રદત્ત શેઠની પ્રીતિમતી સ્ત્રીને ઉદરે પુત્રપણે આવી ઉપન્યો
તેવારે તેમની માતાને વ્રત પાળવાની ઇચ્છા થઇ અનુક્રમે સ-
વાનવ માસે ગર્ભસ્થિતિ પૂર્ણ થયે થકે પુત્ર જન્મ થયો સવ્ય
ગ્રંથે બાળકનું નાળ છેદીને તે નાળને દાટવા માટે પૃથ્વી ખો
દતાં તેમાંથી નિધાન નિકળી આવ્યો, તે નિધાન લઇને માતા
પિતાયે મહોટો જન્મ મહોત્સવ કીધો, ઘણું દાન દીધું, પુત્ર
માહે મહોટો યશ લીધો, બારમે દિવસે સર્વ કુટુંબ પરિવારને
અશન, પાન, ખાદિમ, સ્વાદિમ જમાડીને પ્રથમ ગર્ભ દિવસ
થી માતાને વ્રત પાળવાની ઇચ્છા થઇ હતી, માટે તે બાળકનું
સુવ્રત એવું નામ દીધું પછી તે બાળક પાંચ ધાવે કરી લા-
લતા પાળતા સંભાળતા જેવારે આઠ વર્ષનો થયો, તેવારે મા
તા પિતાએ તેને ભણવાયોગ્ય જાણીને શુભ દિવસે શુભ મુ-
હૂર્તે નિશાળગરણું કરી મહોટે ઉત્સવે નિશાળે ભણવા મો
કલ્યો, તે બાળક જ્ઞાનાવરણિય કર્મના ક્ષયોપશમથી સમસ્ત
કળામાં પ્રવીણ થયો. પછી અનુક્રમે યૌવનાવસ્થા પામ્યો, તેવારે
તેના પિતાયે તેને મહોટા વ્યવહારિયાની અગિયાર કન્યાઓ
પરણાવી, તેના નામ કહેછે-૧ શ્રીકાંતા, ૨ પદ્મા, ૩ લક્ષ્મી, ૪

ગંગા, ૫ તારા, ૬ ગૌરી, ૭ રંભા, ૮ ગજાનતી ૯ પદ્માવતી, ૧૦ પદ્મિની, ૧૧ રતિ એ અગિયાર કન્યાનું એમકાળે પાણિગ્રહણ કર્યું. તે સર્વ મહા રૂપવંત ગુણવંત દેવકન્યા સમાન છે, તેમની સાથે સંસાર સબંધી પંચેન્દ્રિયના વિષય સુખ ભોગવતો થકો રહે છે એકદા સમુદ્રદત્ત શેઠે વિચાર્યું જે મહારો પુત્ર હવે ઘરનો ભાર નિર્વહન કરવા યોગ્ય થયો છે એમ ચિંતવી સુવ્રતને ઘરનો ભાર સોંપીને પોતે શ્રાવકનો ધર્મ સાચવવામાં સાવધાન થયો. સામાયિક પડિક્કમણું પોસહ, શીળવ્રત, દાન, પુણ્ય, તપ, પ્રમુખ ધર્મક્રિયા કરતો વિચરે છે છેવટ અનશન કરી મરણ પામી દેવલોકે ગયો પાછળ સુવ્રત શેઠ અગિયાર કોડી ધનનો ધણી થયો અને લોકમાંહે પ્રસિદ્ધ થયો, અન્યદા પ્રસ્તાવે તે નગરના ઉદ્યાનમાંહે શીલસુંદર નામે આચાર્ય આવી સમોસર્યા તે આચાર્ય કેવા છે? તો કે ચાર જ્ઞાન સહિત છે પાંચ ઇંદ્રિયના વિષયને જીત્યા છે, નવવાડ સહિત બ્રહ્મચર્યના પાળનાર ચાર કષાયના ટાળક પંચમહાવ્રતના પાળક, પંચાચારના પાળનાર પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના ધરનાર, છત્રીસ ગુણે કરી બિરાજમાન, અનેક ભવ્ય જીવોને ધર્મોપદેશ આપી ધર્મને વિષે દૃઢ કરનાર, મનના સંદેહ ટાળનાર જ્ઞાનલોચનના દાતાર, અજ્ઞાન તિમિરના ટાળનાર મોક્ષ માર્ગના દેખાડનાર, તે અનેક સાધુના પરિવારે પરવર્યા થકા વનમાં ઊતર્યા છે, તેની વનપાળકે તરત આવીને રાજાને વધામણી દીધી કે મહારાજ! આપના ક્રીડા વનમાંહે ગુરુ પધાર્યા છે? એવી વાત સાંભળીને જેમ મેઘના આગમનથી મોર રળિયાત થાય, તેમ રાજા રળિયાત થયો અને વનપાળકને વધામણીમાં ઘણું દ્રવ્ય આપીને વિસર્જન કર્યો. પછી રાજા ઘણા હસ્તી, ઘોડા, વાજિંત્ર પ્રમુખ ।। આડંબર સહિત પોતાના

પેરિવારને સાથે લઇ નગરલોકના વૃંદ સહિત મુનિને વાંદવા ને અર્થે ચાલ્યો સુવ્રત શેઠ પણ ગુરુને વાંદવા આવ્યો પછી તિહા મુનીશ્વરે પણ સન પ્રપદાની આગળ ધર્મોપદેશ દેવા માંડયો. તિહા માગશિર શુદિ અગીયારશનુ વ્યાખ્યાન કીધુ તે સુવ્રત શેઠે સાંભળ્યુ તેને ઇહાપોહ કરતા જાતિસ્મરણ જ્ઞાન ઉપન્યુ તે જ્ઞાને કરી પૂર્વ ભવ સાંભર્યો જે, હુ પોતે અગિયારશનુ તપ આરાધીને આરણ દેવલોકે ગયો તિહાથી ચવીને ઇહા હુ સુવ્રત શેઠ થયો છુ એમ વિચારી ઉભો થઇ બે હાથ જોડી કહેવા લાગ્યો કે હે ભગવાન ! મને જે આરાધન કરવા યોગ્ય હોય, તે કહો તેવારે ગુરુએ પણ તેમજ પૂર્વભવની વાત કહી સંભળાવીને કહ્યુ કે તે પૂર્વભવના જ્ઞાન એકાદશીનુ તપ કર્યું હતુ, અને હમણા પણ એજ તપ કર થકી તુ મોક્ષના સુખ પામીશ, તે સાંભળી કુટુંબ સહિત મૌન અગિયારશનુ તપ આદર્યુ, એકા શીને દિવસે કુટુંબ સહિત મૌનપણે રહિ અહોરાત્રો ચઉવિહાર પોસહ કરે એવામાં પ્રસ્તાવે ચોર લોકોએ સાંભળ્યુ જે સુવ્રતશેઠ મૌન અગિયારશને દિવસે કુટુંબ સહિત મૌન ગ્રહીને પોસહ કરેછે તેથી ચોરની ધાડ આવી તે શેઠનુ ધન લેવા લાગ્યા પેઠી, પણ શાસન પાળની, તેને યોગે માડ્યુ નહિ,તેથી ચોરોએ અગ્નિ આપી દેહોલ ખરીને આવ્યુ હવે વાળવા માંડયો તે વખત શેઠ કોઠિએ લાગ્યાને ઉભુ છે, તે પણ ચોરોને દીઠા અને મનમા વિચારના લાગ્યા જે મહારૂ ધન ચાલ લઇ જાઇ તેતો ભલે લઇ જાઓ, પરંતુ એવુ અગ્નિ પ્રગટ્યો છે, તે મહારા ઔદારિક શરીરના યોગે અગ્નિકાય જીવો હણાય છે, તેની વિરાધના મહાગવા થાય છે એમ વિરાધના સબંધી પશ્ચાતાપ કરતો મનમા ચઢતે પરિણામે ધર્મ ધ્યાન નિશ્ચલ ચિત્તથી ધ્યાને છે એવા સમયે ચોરોએ પણ ધન લઇને ચાલના

માડયુ, પરતુ શેઠના ધર્મપસાયથી શાસન દેવતાએ ચોરને, ચિત્રામની પેરે થભી રાખ્યા, તેથી ચોરો ત્યાજ નિશ્ચળ થઇ ઉભા રહ્યા. એમ કરતા પ્રભાત થયો, તેવારે શેઠ કુટુબ સહિત ધર્મશાળા જઈ ગુરુની આગળ પોસહ પારી જ્ઞાનની પૂજા કરી, વ્યાખ્યાન સાભળી દેહરે જઇને શ્રીજિનેશ્વરને વિધિ પૂર્વક વાદી પૂજીને ઘેર આવ્યા. તિહા ચોરોને તેમના તેમજ ઉભા દીઠા લોકે તે વાત જઇ રાજા આગળ કહી, જે સુવ્રત શેઠને ઘેર ચોર લોકો ચોરી કરવા પેઠા હતા, તે થભાણા છે તે સાભળી રાજાએ તે ચોરોને પકડી લાવવા માટે સુભટો મોકલ્યા તેને આવ્યા જોઈ શેઠ મનમા ચિતવવા લાગ્યા, જે એ ચોરોને રાજા હણશે તો દુ:ખ ઉપજાવશે ! મહા અનર્થ થશે ! એવો કરૂણાભાવ ચોરોની ઉપર આણ્યો, તેથી શેઠના તપના પ્રભાવથી રાજાના સુભટો પણ થભાઈ ગયા તે પણ ચોરોની પેરે હાલી ચાલી શકે નહી એ વ્યતિકર લોકોના મુખથી રાજાયે સાભળ્યો, તેવારે સપરિવારે રાજા પણ તિહા આવ્યો. એ વે સુવ્રતશેઠ મહામો જઈ રૂડા વસ્ત્ર આભૂષણ ભેટ કરી હાથ જોડી રાજાને ચરણે નમીને ચોરનુ અભયદાન માગ્યુ, તે વારે રાજા પણ ઘણો પ્રસન્ન થઇને તે ચોરોની તકશીર માફ કરતો હવો પછી શેઠે ચોરોને કહ્યુ કે, તમે સુખે તમારે ઘેર જાઓ. એમ કહી શીખ દીધી શેઠની મરજી જાણી શાસન દેવતાએ પણ ચોર તથા સુભટને થભનમુક્ત કર્યા, તેવારે સહુ પોતપોતાને સ્થાનકે ગયા. તેવાર પછી પ્રમુખ સર્વ લોક જૈન ધર્મ પાળવા લાગ્યા, શ્રી જિનશાસનનો મહિમા વધ્યો. રાજા પણ વિસ્મય પામ્યો, વળી એકદા મૌન એકાદશીને દિવસે શેઠ પોતાના ઘરને વિષે પોષધ લઇ મૌનપણે કાઉસ્સગ્ગે ઊભા છે, તે અવસરે નગરમા અગ્નિનો પલેવણો લાગ્યો તે ર-

બીને લોક સર્વે કોલાહલ કરના લાગ્યા, અને અગ્નિ તો સર્વ
નગરમાં પસરી ગયો. શેઠને પડોશી લોકો બુમ પાડી કહેવા
લાગ્યા કે શેઠજી! તરત ઘરથી બાહિર નીકળી આવો, હઠ મ
કરો તે સાંભળી શેઠતો કુટુંબ સહિત કાઉસ્સગ્ગ કરતા ત્યાં-
હિજ રહ્યા લગારમાત્ર પણ અગ્નિની બીના નહિ. તિહાં
ધર્મના પ્રભાવથી શેઠના ઘર, હાટ, વખારો અને શેઠની પરિ-
ભોગ્ય વસ્તુ તથા જિનભવન અને પૌષધશાળા બચ્યા, શેષ
સર્વ નગર બળી ભસ્મ થયું પ્રભાત થયો તેવારે સુવ્રત શેઠનો
માલ સર્વ અગ્નિમાંથી ઉગર્યો જોઇને સર્વ નગરવાસી જનો લો-
કોના વચનો બોલવા લાગ્યા. તે વાત રાજાએ પણ સાંભળી અ-
ને હાથી ઘોડા, મનુષ્ય રથ, પ્રધાન સામંતાદિક પરિવાર પ્ર-
મુખ સાથે લઇ રાજા પોતે શેઠનું ઘર જોવા માટે આવ્યો, તે
વારે સર્વ માલ અખંડ રહ્યો દેખી રાજા ઘણું આશ્ચર્ય પામ્યો.
શેઠ પણ રાજાને આવ્યો જાણીને તેની આગળ ભેટ મૂકી, મો-
તીના થાળે વધાવ્યો, રાજાએ પણ શેઠની ઘણી પ્રસંસા કરી
અને કહ્યું કે તુજને ધન્ય છે, તું ભાગ્યવંતનું આભરણ છે
એમ કહી રાજાએ શેઠને તથા તેની અગિયાર સ્ત્રીને ઘણાં વસ્ત્ર
અલંકાર પહેરાવી માન મહુત્ત્વ આપી શેઠને મળી નગર પો-
તાને મંદિરે ગયો. નગરલોક સર્વ શ્રી જિનધર્મની પ્રશંસા ક-
રવા લાગ્યા, અને કહેવા લાગ્યા કે એના ધર્મનો મહિમા પ્રત્ય-
ક્ષ નયણે દીઠો. હવે તપ પૂર્ણ થયાથી શેઠે ઉજમણું કર્યું, લા
ડુના પ્રમુખ પકવાન સર્વ અગ્યાર અગ્યાર ઢોવ્યા, તથા અગ્યાર
પ્રકારના ધાન્ય અને ફળ મુકી તપ પૂર્ણ કરી સાહામી વાત્સ-
લ્ય સંઘ પૂજાદિક બીજા પણ ઘણા ધર્મ કાર્ય કર્યાં પછી અ-
ગ્યાર સ્ત્રીઓ હતી તે પ્રત્યેક સ્ત્રીને અગ્યાર અગ્યાર પુત્ર થયા,
તેને પરણાવ્યા, તથા અગ્યાર પુત્રિયો થઇ, તેને પણ પરણાવી

અનુક્રમે તે સુનંદ શેઠ મહા રિદ્ધિવંત થયો. નવાઉ ક્રોડ સોન
ઉપાર્જ્યા. ફરી ધનના ઇ દાન પુણ્ય કરવા લાગ્યો વૃદ્ધ
વસ્થા થયે શેઠે એકદા રાતે મનમા વિચાર્યું જે મે આજ પ
ય ગૃહસ્થનો ધર્મ પાળ્યો માન એકાશીનું તપ પૂર્ણ કરી
જમણ પણ કર્યું હવે સદ્‌ગુરુ પાસેથી દીક્ષા લે ચાર
પાળુ તો મારું જન્મ સફળ થાય એવો મનોરથ મનમા ઉપ
જ્યો તે વારે સઘળી પરિવારને પછી તેમની આજ્ઞા લીધી એવા
આ શેઠ હર્ષ પામ્યો. ફરી ત્યા જ્ઞાનશાળાના ધણી એવા
સુંદર નામના આચાર્ય પધાર્યા તે મુનિ ધનાગ ગુણે કરી સ
હિત, ધનધાન્યાદિ પરિગ્રહ રહિત મતિ ધરા, નિર્મળ જ્ઞાન,
છકાયના પિયર, ક્રોધાદિકષાય તથા આઠ મદના ગાળનાર પા-
ચ વિષયના ઉપર મિથ્યાત્વના નાશ કરનાર, શુદ્ધ ક્રિયાના કરનાર,
બેતાલીશ દોષ રહિત આહાર લેનાર ગમતાના વ
ગુણરત્નાકર, એવા આચાર્ય આવી સમોસર્યા તેમને શ્રા
વકોએ ઉત્સવ કરી વધાવ્યા ત્યાર પછી સર્વ વાંદ્યા ત્યા
ગુરુએ પણ સર્વ સભાજનોને ધર્મોપદેશ આપ્યો તેમા સ
સારનું અનિત્યપણું જણાવતા હતા, તે જેમકે હે ભવ્ય જીવો!
દશ દ્રષ્ટાંતે પામવો દુર્લભ એવો મનુષ્યભવ પામીને કે-
વળીભાષીત જિન ધર્મ વિના વિષયસુખ જેવો જે ધર્મ
તેમા નિરંતર આદર કરવો તે સર્વ ત્યાગથી જ નિર્વૃત્તિ
રૂપ ચારિત્રધર્મ ઉપજે છે, માટે જે પ્રાણી વિષયસુખની લાલચ
થી ધુમાક્ષર ન્યાયપણાનો દુર્લભ એવો મનુષ્ય જન્મ પામી તેને પ્ર-
માદ સેવવાથી હારી જાય છે, તે જીવ સંસારમા ઘણો કાળ ભટ-
કશે. અરે જીવ તુ એકલો આવ્યો એકલો જવો અને માતા, પિ-
તા, પુત્ર, કલત્ર સર્વ સ્વાર્થ સંબંધથી મળ્યા છે, સ્વાર્થ પૂર્ણ થયાથી
એક ક્ષણમાહે છેહ દેખાડી અળગા થઈ જાશે, નિરંતર લગાર-

થી નહિ, માટે આ સંસાર તે પતંગના રંગ સમાન છે. જેહવો સંધ્યાનો રાગ, જેહવો વીજલીનો ઝબકારો ચંચળ છે વિણસતાં વાર ન લાગે તેવું આ સંસારનું સુખ પણ ચંચળ છે. વિણસતાં વાર લાગે નહિ. સંસારમાં જીવ આરંભ અને પરિગ્રહના પ્રસંગથી પરભવે દુઃખી થાય છે. જન્મ, જરા મરણ, રોગ, શોક, વિયોગ ઇત્યાદિક અનેક કષ્ટ સહે છે. વળી નરક તિર્યંચ ગતિમાં અનેક પ્રકારે છેદન ભેદનાદિ દુઃખ પામે છે, માટે સંસારમાં સરસવના દાણા સમાન તો સુખ છે, અને મેરૂ પર્વત સમાન દુઃખ છે પણ જીવ અજ્ઞાનને યોગે મદિરાપાન કર્યાની પેરે ઘહેલો થઈ ગયો છે, મુંઝાઈ ગયો છે, તેથી સંસારમાં રાચી માચી રહેલો છે, પરંતુ જે પ્રાણી સમસ્ત વસ્તુ ઉપરથી મમતા ઉતારી શ્રી વીતરાગે પ્રરૂપેલા દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મનું આરાધન કરશે, તે પ્રાણી સમ્યક્ પ્રકારે શુદ્ધ ને નિર્મલ થઈ જન્મ મરણ રહિત એવા મોક્ષમાર્ગથી સુખને પામશે. એવો આચાર્યના મુખથી ઉપદેશ સાંભળીને સુવ્રત શેઠ સંસારથી ભય પામ્યો. ઉદ્વેગ ચિત્ત થયો થકો ઉભો થઈ હાથ જોડીને ગુરૂને કહેવા લાગ્યો, જે હે ભગવન્ ! હું આપની પાસેથી દીક્ષા લઈશ. આપ ઈહાં રહેજો. ગુરૂએ કહ્યું જે, હે દેવાનુપ્રિય ! જેમ તમારા આત્માને સુખ ઉપજે તેમ કરો. આ પડિબંધ કરશો–પ્રતિબંધ કરશો નહીં. પછી ગુરૂની આજ્ઞા લેઈ શેઠ પોતાને ઘેર આવ્યા, અને મોટા પુત્રને ઘર ભળાવી, સમજાવી, ઘણું દ્રવ્ય સાત ક્ષેત્રે ધર્મ સ્થાનકે વાપરી, યાચકજનોને દાન દેઇ, સ્નાન મહોત્સવ લેઇ, શુભ મુહૂર્ત જોઈ, હજાર માણસ વહન કરે એવી સહસ્રવાહિનીનામા પાલખીમાં બેસી પોતાની અગિયાર ભાર્યા સહિત સંવેગભાવે ગુરુ પાસે આવીને પંચમહા—

વ્રત ઉચર્યાં પછી સુખે સંયમ પાળવા લાગ્યા. બસે છઠ, એ-
કમો અઠમ, દશમ, દુવાલશ, પક્ષક્ષમણ, માસક્ષમણાદિક, ચારવાર
ચોમાસી યાવત્ એકવાર છમાસી પર્યંત ઘણા તીવ્ર તપ કરતા
આત્માને પ્રતિબોધતા થકા વિચરે છે એકદા સુવ્રત સાધુ મૌ-
ન એકાદશીને દિવસે મૌન વ્રત ધારણ કરી કાઉસ્સગ્ગ ધ્યાને ઉ-
ભા છે તે સમયે કોઈ એક મિથ્યા દૃષ્ટિ વ્યંતર દેવતા તેમને
તપ થકી ક્ષોભ પમાડવાને માટે ત્યાં આવીને કોઈએક સાધુ
ના શરીરમા કોઈ રીતે શમી જાય નહિ એવી કાળમી અત્યંત
આકરી વેદના ઉપજાવી વળી તે દેવતા પોતે પણ સાધુના શ
રીરમા સંક્રમ્યો, તેના બળે કરી સાધુ પણ સુવ્રત મુનિ કાઉસ્સગ્ગ-
મા ઉભા છે તેની પાસે આવીને કહેવા લાગ્યા કે, હે સુવ્રત
ઋષિ ! તમે ઉપાશ્રયથી બાહેર જઈને કોઈ શ્રાવકના ઘરથી ઔ-
ષધ લેઈ આવો, કે જેથી મારી વેદના શમી જાય તમે શરીર
નિરોગી છો, અને હું તો વેદનાથી પીડા પામું છું માટે મહારાથી
ચાલ્યું જવાય તેમ નથી એવું સાંભળી સુવ્રત મુનિએ વિ-
ચાર્યું જે આજે મેં મૌનવ્રત લીધું છે, માટે મારાથી કોઇની
સાથે બોલાય નહિ તથા ઉપાશ્રયથી બાહેર જવાનો પણ નિયમ
લીધેલો છે માટે બાહેર જવાય તેમ નથી એવી ચિંતા કરે છે
એટલામા તો સાધુએ રીસ ચડાવી ઓઘો લેઈને સુવ્રત સાધુના
માથામા માર્યો, પણ તેથી સુવ્રત મુનિને કોપ ન ચડ્યો, પરંતુ
ઉલટી ક્ષમા આણીને વિચાર્યું જે એ સાધુ પીડા પામે છે,
અને હું એનું કામ કરી શકતો નથી એમ ચિંતવતો શુક્લ
ધ્યાન ધ્યાવતો ક્ષપકશ્રેણીએ ચડી ઘાતિ કર્મ ક્ષય કરી તે કેવળ
જ્ઞાન પામ્યા દેવતાએ મોટો મહોત્સવ કર્યા પૃથ્વીને વિષે વીચરી
અનેક ભવ્યજીવને ઉપદેશ આપી ધર્મ પમાડી ઘણા વર્ષ લગી કેવળ
પર્યાય પાળી. છેલે આયુષ્ય ઉચ્ચરી સુવ્રત સાધુ મોક્ષપદ પામ્યા

એમ બીજા પણ ભવ્ય જીવ એ તપનું આરાધન કરી આ ભવ અનંત ઋદ્ધિ ભોગવી પરંપરાએ મોક્ષ સુખ પામેછે એ સંબંધ શ્રી નેમીશ્વર ભગવાનના મુખથી સાંભળીને કૃષ્ણ વાસુદેવ ધર્મને વિષે ઉદ્યમવંત થયા. જે થકી તીર્થંકર ગોત્ર ઉપાર્જન કર્યું એ સંબંધે શ્રીમહાવીર સ્વામીએ ગૌતમ ગણધર આગળ કહ્યો તે સાંભળી ઘણા ભવ્ય જીવો મૌન એકાદશી વ્રત આરાધવાને ઉજમાળ થયા ॥ ઇતિ મૌન એકાદશી કથા સંપૂર્ણ ॥

સાગરચંદ્રનો દૃષ્ટાંત

જે ઔષધ સમાન ઉત્તમ એવું પૌષધવ્રત અનેક પ્રકારની સિદ્ધિને દેનારૂં છે અને તે પૌષધની ભાવના તેજ તમ તદ્રૂપ જે રસ તેણે આર્દ્ર એટલે અકઠોર નમ્ર એવું જે હૃદય તેજ અગ્નિ, તેણે કરી આસ્વાદિત એવો સાગરચંદ્ર નામા રાજ પ્રગટ છે સુવર્ણસમજેહ દેહ જેનો એવો છતો સ્વર્ગને વિષે ઉત્પન્ન થયો બીજું સુવર્ણ પણ રસસંયોગે કરી અગ્નિપ્રેરણાથી ફૂંક્યું હોય તો શુદ્ધ થાયછે કેની પેઠે ? તો કે મેરૂ નામનો પર્વત તેજ જેમ વડવાગ્નિના તાપે કરી નિર્મળ થાયછે તેની પેઠે મનુષ્ય પણ પ્રધાન પૌષધવ્રતે કરી શુદ્ધ થાયછે એટલે તે પ્રાણીના કર્મમળનો નાશ થાયછે.

અહિં સાગરચંદ્રનો દૃષ્ટાંત હોવાથી તેની કથા કહું છું દ્વારિકાને વિષે શ્રીકૃષ્ણનો શ્વસુર ઉગ્રસેન રાજા હતો તેના પુત્રનું નામ નભસેન હતું, તેને પરણાવવા માટે તેના પિતાએ કમળા-મેળા નામની કોઇએક કન્યા જોઇ મુકેલી હતી, પછી નભસે-નને ઘેર નારદમુનિ આવ્યા, તેનું સન્માન નભસેને કર્યું નહિ તેથી રૂષ્ટ થઇને નારદે કમળામેળાનું રૂપ પટમાં આલેખીને બલદે-

પના પુન સાગરચંદની પાસે જઇ દેખાડયુ. તે કન્યાનુ ચિત્ત કે
ઇને સાગરચંદ કમલામેલાનુ નામ ગાડાની પેઠે બોલવા લાગ્યે
અને ભૂતાભિનિવેશ જેમ થાય, તેમ થઇ ગયો, તે પછી વાદ
કરી સાબકુમારે તે કમલામેલા સાગરચંદને પરણાવી આપી ન
ભસેન તે કન્યા પોતાને ન પરણાવી સાગરચંદ સાથે દ્વેષન
ઇન કરવા લાગ્યો એકદા શ્રીનેમીનાથ પાસે સાગરચંદે શ્રા
વકના વ્રત લીધા તેને પાલન કરતો સ્મશાનમા કાયોત્સગ રા
ત્રિયે કરતો હતો, તિહા ભમતા ભમતા દવયોગે નભસેને સા
ગરચંદને કાયોત્સર્ગમા ઉભો રહેલો દીઠો, ત્યારે અગ્નિના અ
ગારાની ભરેલી ઠીબ તેના માથા ઉપર તે પાપિયે મુકી તે સા-
ગરચંદ ઉપસર્ગને સહન કરતો બળતો હતો મરણ પામ્યો, અ
ને દેવલોક વિષે દેવ થયો, માટે પવિત્ર પોષધ કરનારો એ-
વો પ્રાણી સદ્ગતિને પામે તેમા શુ આશ્ચર્ય જાણવુ ?

સૂર્યયશા ચરિત્ર

વળી અહીં પર્વને વિષે જે કાઇ કરવા યોગ્ય નહીં છે તે
કહેછે તપ વિષે એટલે કે ચોથ ભક્ત, છઠ અને અઠમાદિ તપ
જે કાઇ અમારે યથાશક્તિ કરવા યોગ્ય છે તે કરવા. તેમા જે
કોઈ સ્નેહના વશ થકી તેનો નિષેધ કરે તોપણ તને ત્યજી દેવા
ની બુદ્ધિ ન કરવી તે ઉપર શ્રી ભરતપુત્ર સુર્યયશ રાજાનુ દ-
ષ્ટાંત છે તેની કથા —

અયોધ્યા નગરીમા સૂર્યયશા તે નામે રાજા હતો તે ત્રણ ખ-
ડનીનો અધિપતિ નીતિનો જાણ અને અખંડ શાસન વાળો
હતો તે રાજાએ દુષ્ટ વેરીઓને જીતી લીધા હતા તે રાજા પોતે

ઇંદ્રે આપેલો મુગટ પેહેરતો હતો તે મુગટના પ્રભાવે તે રાજા દેવતાઓને પૂજ્ય થયો હતો તેને રાધા વેધના પણ થકી પ્રાપ્ત થએલી [illegible] વિદ્યાધરની પુત્રી જયશ્રી પટ્ટરાણી હતી બીજી પણ તેને બહુ સ્ત્રીઓ હતી. તે ચાગ પવન વિષે તેમાં ઘણું [illegible] આ[illegible] [illegible] શને [illegible] ચૈતવોપનાર તપ કરતો હતો તેના ચિત્તમાં છતાત શમ પર્વ વ[illegible] નિર હતો તેવી સે છ-નોન [illegible] પુણ્ય વધારે [illegible] નાખતો

એક દિવસ સૂરશી ગણાના ગેહેલા ગાધસંદ [illegible] સૂર્યગશા [illegible] નતને જાણી ગાશ્ચર્ય પામ્યો વિશ્વને વશ કરવાની શક્તિ ધાર[illegible] કરનારી ચૈગીને [illegible] આવેલિકા [illegible] જોઇને બોલી કે હે સ્વામીન્ હમણા આપ [illegible] [illegible] [illegible] ગએલા આપ સાહેબે [illegible] [illegible] તેમને [illegible] મેં હમ[illegible] કરીથી [illegible] ને ભરત [illegible] પૂર્ણ [illegible] કે જે [illegible] [illegible] [illegible] તેના [illegible] નિષે પર્વ દિવસે પોતાના [illegible] દેવતાથી પણ ચલાયમાન ન થાય એવો [illegible] દીઠા જો સૂર્ય [illegible] તજી દે પશ્ચિમ [illegible], વાયુની મેરૂ [illegible] થાય, [illegible] મર્યાદા લોપે, કલ્પવૃક્ષ ફળ રહીત થાય [illegible] તે [illegible] [illegible] ત્યાં સુધી પણ [illegible] ગાચાની [illegible] [illegible] [illegible] રતો નથી [illegible] [illegible] [illegible] [illegible] વિચાર કરી ઉર્વશીએ [illegible] મહારાજને કહ્યું કે હે સ્વામી આપે યોગ્ય કહ્યુ [illegible] મનુષ્યને વિષે એવા [illegible] તમે કેમ વિશ્વાસ કરો છો. માત વાતુ [illegible] થએલા શરીર [illegible] [illegible] દેવોથી ચલાયમાન થાય એવું કોણ ન માને ? [illegible] [illegible] [illegible] વડે [illegible] મનુષ્યોના વિવેકાદિ ગુણો નાશ પામે છે

માટે હું પણ ત્યા જઈ તેને તુરત વ્રતથી ચલાયમાન કરીશ. આવી પ્રતિજ્ઞા કરીને રંભા સહીત ઉર્વશી હાથમા વીણા ધારણ કરીને સ્વર્ગથી પૃથ્વી ઉપર ઉતરી. તેના ગાયનથી મોહ પામેલા પક્ષી, મૃગ, અને સર્પ વિગેરે પણ ચિત્રામણમા આલેખણની પેઠે અથવા તો પથ્થરમા ઘડવાની પેઠે નિશ્ચલ જેવા બની ગયા.

અહો સૂર્યયશા રાજાએ યાત્રાથી પાછા આવતા માર્ગમા તે બન્ને દેવાંગનાઓના ગાયનનો મધુર સ્વર સાંભળ્યો. તે વખતે ઘોડા હાથી અને પાળાઓ પણ એક ડગલુ માત્ર આગળ ચાલી શક્યા નહી. જેના ગાયનના સ્વરથી પશુઓ પણ આના મોહ પામ્યા અને તેના સુરથી દેવ, દાનવ, નૃપ અને સ્ત્રી આદિ સર્વે વશ થાય છે તો અમે (રાજા) પણ જિન દેવને નમસ્કાર કરવા માટે તે ચૈત્યમા જઈએ ત્યા જનાવી ને પણ તે ગાયન રૂડી રીતે સાંભળીશ આ પ્રમાણે વિચાર કરી ગાનથી મોહ પામેલા રાજા મંત્રી સહીત જિન ચૈત્યે ગયો.

ત્યા હાથમા વીણાને ધારણ કરતી ગાયન કરતી કામદેવની સ્ત્રીઓની પેઠે બે કુમારીઓને જોઈ તેમના નેત્ર કટાક્ષથી મોહિત થએલો રાજા વિચારતો હવો કે આ કુમારીઓનુ અતિઅદ્ભુતરૂપ કેવા પુણ્યવંત પુરૂષના ભોગને અર્થે થશે? એવા વિચારમા તે રાજા વારંવાર તેમની તરફ જોતો જોતો આદિનાથના ચરણ કમળને નમસ્કાર કરી ચૈત્ય બહાર નિકળી ઓટલા ઉપર બેઠો.

ત્યા તેણે તે બન્ને કન્યાઓના કુળાદિ જાણવા માટે મંત્રીને આજ્ઞા કરી. મંત્રી પણ રાજાના હુકમથી તે કન્યાઓની પાસે જઈ અમૃત સમાન મધુર વાણીથી આ પ્રમાણે બોલતો હવો. હે કન્યાઓ? તમે કોણ છો? તમારો પતિ કોણ છે? અને તમે આ ચૈત્યને વિષે શામાટે આવેલી છો? તે કહો.

મત્રીના આવા વચન સાભળી એક બોલી અમે મણીચુડ વિધ્યાધરની પુત્રીઓ છીએ. બાલ્યાવસ્થાથી અમે બન્ને ગાયન કળામા પ્રીતિવાળી છીએ અનુક્રમે અમને ઉમર લાયક થએલી જાણી અમારા પિતા અમારા સ્વામિની ચિંતા કરવા લાગ્યો અમે અમારા યોગ્ય વર ન પામી તેથી ઠેમણે ઠેમણે અરિહતના ચૈત્યને નમસ્કાર કરીને અમારો જન્મ સફળ કરીએ છીએ. કેમકે દુ ર્થી મનુષ્ય ભવ પામવો દુર્લભ છે આ અષ્ટાપદ પણ તિર્થ રૂપ છે અહીં ભરત રાજાએ કરેલા ચૈત્યને વિષે શ્રી આદિનાથને નમસ્કાર કરવા માટે અમે આવી છીએ. આવા વચન સાભળી મ ત્રી બોલ્યો આ સુયયશા રાજા સાચે તમારો જો । સારો વર કારણકે તે રિખભદેવજીનો પૌત્ર અને ભરત ચક્રવર્તિનો પુત્ર છે વળી તે સર્વ કળામા કુશળ,જ્ઞાતગુણવાન અને બળવાન છે, માટે નિશ્ચે આજ તમને રિખભસ્વામી પ્રસન્ન થયા કારણકે તમને અકસ્માત સુયયશા વર પ્રાપ્ત થયો મ ત્રીનુ આવુ કહેવુ સાભળી તે કન્યાઓ બોલી કે અમે સ્વાધિન પતિને મુકી બીજાને અ ગીકાર કરતા નથી. પછી મ ત્રીએ રાજાની આજ્ઞાથી તે કન્યાઓને કહયુ તમારૂ વચન રાજા નહી માને તો હુ તેને વારીશ મ ત્રીનુ આવુ બોલવુ સાભળી તેજ વખતે શ્રી આદિનાથની સમક્ષ તેઓનુ પાણિગ્રહણ થયુ.

પછી તે બન્ને કન્યાઓના પ્રીતિરસથી વશ થએલો રાજા સંસારમા તેમના ભોગને સાર માનતો છતો રાત દિવસ તેમની સાથે નવનવા ભોગ ભોગવતો બીજા સર્વ કામ ભૂલી જઇ સુખે કાળ નિગમન કરવા લાગ્યો. એક દિવસ તે બન્ને સ્ત્રીઓ સહીત સૂર્યયશા રાજા સભામા બેઠો હતો ત્યારે એવી ઉદ્‌ઘોષણા સાભળી કે હે લોકો કાલે આઠમી પર્વ છે માટે તેનુ આરાધન કરવા (પોષધ કરવા)તત્પર થવુ.

આવા શબ્દ તે બને સ્ત્રીઓએ સાંભળ્યા પછી અવસર જાણીને રંભાએ અર્જુનની પેઠે રાજાને આગ્રહથી પડહનું કારણ પુછ્યું. તેણે કહ્યું કે હે રંભા સાંભળ, અમારા પિતાએ કહ્યું છે કે આઠમ, ચૌદશ પર્વ છે અને પુનમ અમાસ બે અઠ્ઠાઈકા છે ત્રણ ચોમાસા છે અને પર્યુષણ નામે મોટું પર્વ છે, એ આ અને બીજા પણ પર્વો કહેલા છે ધર્મના આરાધન માટે પાળવા કહેલા છે તે પર્વ દિવસે કરેલું પુણ્ય સ્વર્ગ મોક્ષનાં સુખ આપે છે માટે તે ચાર પર્વ તેને વિષે સઘળા ઘર વ્યાપાર ત્યજી ને સાવદ્ય કાર્ય કરવું નહીં તે સ્નાન પૂર્વક ભોજન, સ્ત્રીસંગ, ધુતક્રીડા, પરહાસ્ય, મત્સર, હાસ્યાદિ કષાયો ત્યાગ અને પ્રમાદ નિદ્રા આળસ ન કરવું વિષય વસ્તુને વિષે પણ મમતા ન કરતાં પણ પરમ ગીનું સ્મરણ વિગેરે શુભ ધ્યાન કરવામાં તત્પર થવું ઉપવાસ એકાસણું, છઠ, અઠમ વિગેરે તપ કરવો. તે જિનપૂજા કરી આવી રીતે જે આઠ પર્વની આરાધના કરનાર પ્રાણી સર્વ પુણ્ય ઉપાર્જન કરે છે, અને અનુક્રમે મોક્ષને પામે છે તેથી આઠમ અને ચૌદશની રાત્રિએ ચોથો પહોર પૂરો થયા પછી આ પડહ મારી આજ્ઞાથી જ વગાડાય છે.

રાજાના એવા વચન સાંભળી તેના નિશ્ચયથી આશ્ચર્ય પામેલી તે બન્ને સ્ત્રીઓ કપટ વચનથી કહેવા લાગી કે હે નાથ! આ મનુષ્યપણું, આયુષ્ય સુંદર રૂપ અને આ રાજ્ય એ સર્વને તપના કલેશથી તમે શામાટે વ્યર્થ ગુમાવો છો મનમાનતા ભોગ ભોગવો ફરીથી મનુષ્ય ભવ ક્યાંથી? રાજ્ય ક્યાંથી? અને સંતોષ ક્યાંથી? મળશે પણ હાલમાં તપાદિકના કષ્ટના કેડના જેવા તેઓના શબ્દ સાંભળી રાજાએ કહ્યું અરે ધર્મની નિંદા કરનારી સ્વભાવથી અધમ સ્ત્રીઓ! આ તારી વાણી જાતિ કુળ વિગેરેના કુળને છાજતી નથી તારી સઘળી ચતુરાઈને ધિક્કાર પડો અરે

તારા રૂપને, વચને અને કૂળને પણ ધિક્કાર છે, કે જે તું તપને અને જિનપુજાદિ ઉત્તમ ધર્મકાર્યને નિંદે છે ફરીથી મનુષ્યપણું, સુંદર રૂપ, નિરોગીપણું રાજ્યાદિ સર્વ તપવડે મેળવી શકાય છે, તો તે તપને કયો કૃતજ્ઞ પુરૂષ ન આરાધે? જે ધર્મ આરાધન કરતો નથી, તે કૃતઘ્ન જાણવો ધર્મ આરાધન કરવાથી દેહની નિર્બળા થતી નથી, પરતુ ધર્મ વિના કેવળ વિષયને વિષે નિર્બળા થાય છે માટે ઇચ્છા પ્રમાણે ધર્મ આચરવો, ફરી ફરી મનુષ્ય ભવ મળવો દુર્લભ છે વ્રતને ધારણ કરનાર મૂઅ, સિદ્ધ અને બાળકો પણ આઠમ ચૌદશે આહાર લેતા નથી, તો પછી હુ શી રીતે લેઉ? તેમના જ્ઞાનપણાને અને મનુષ્યપણાને ધિક્કાર છે કે જેમણે સર્વ ધર્મના સારરૂપ પર્વ આરાધ્યો નથી શ્રી યુગાદિ જિનેશ્વરે કહેલું આ ઉત્તમ પર્વ છે માટે હું કંઠે પ્રાણ આવે તોપણ હુ વ્રત ભંગ નહી કરૂ હે સ્ત્રી! મારૂ રાજ્ય જાઓ, પ્રાણનો ક્ષય થાઓ, પરંતુ હુ પર્વના આરાધનથી ભ્રષ્ટ નહી થાઉં રાજાના આવા ક્રોધયુક્ત વચન સુણીને ઉર્વશીએ મોહ માયાને પ્રગટ કરતા છતા કહ્યુ કે હે સ્વામીન્! આપને કાંઈ કષ્ટ ન થાય તેના પ્રેમને લીધે મે એવા વચન કહ્યા હતા, માટે ક્રોધ કરવાનો આ અવસર નથી, પ્રથમ બીજા પિતાના વચનને અણમાનતી એવી અમે બન્ને જણીઓએ સ્વેચ્છાચારી વર અંગિકાર કર્યો નહીં, અને હમણા પૂર્વ કર્મના ફળથી તમને સ્વામી રૂપે કબુલ કર્યા છે માટે જ અમારૂ સસાર સુખ, શીલ અને બીજુ સઘળુ પરવાર્યું એ સ્ત્રી પુરૂષનો યોગ સ્વાધિન હોય તો સામાજિક સુખ મળે, નહી તો રાતદિવસ વિટંબણા જ પડે, હે સ્વામિન્ તમે પ્રથમ શ્રી આદિનાથની આગળ અમારી સર્વ કબુલ રાખી હતી, અને એ હું એ વખત તમારી પરિક્ષાને માટે જ તમારી પાસે

યાચના કરવા લાગી, તો તમે ધિક્કાર કાર્યમાં ક્રોધ પામી ગયા તો હે નાથ, હું શીળથી અને સુખથી એમ બન્નેથી ભ્રષ્ટ થઈ, તો હવે મારે અગ્નિમા બળી મરવું એજ શ્રેય અને શરણ હો એવા તે ઉર્વશીના વચન સાંભળી તેને વિષે જ આસક્ત ચિત્તવાળો રાજા અગાડિના વચનને સંભાળતો કહેવા લાગ્યો 'હે પ્રિયે! પિતાએ જે કહ્યુ છે અને જે કરેલ છે તે હું તેમનોજ પુત્ર થઈ પૂર્વનો નાશ શી રીતે કરૂ? હે હરિણાક્ષિ! મારી સઘળી પૃથ્વી, ભંડાર, હાથી, અને અશ્વ વિગેરે ગમે તે પોતે ગ્રહણ કર પરંતુ જેનાથી સુખ થતુ નથી, અને ધર્મ થતો નથી એવુ કૃત્ય માંઈ પાસે કરાવ નહિ" પછી તે ઉર્વશી નાહક હસીને મધુર વાણીથી કહેવા લાગી. 'હે રાજન્ તમારા સરખા એવુ સત્ય વચન એજ ઉત્તમ વ્રત છે, માટે જે પાપી પોતે આપેલા કરેલા વચનનો ભંગ કરે છે તેજ અપવિત્ર પુરુષો તેના પુરુષના ભારથી પૃથ્વી ગહુ ખેદ પામે છે હે નાથ! જો તમે આવુ પણ માગ્ય કરી શકતા નથી તો પછી રાજ્ય આપવાનુ તમારાથી શી રીતે સહન થશે ને તમારે માટે મારા પિતા વિદ્યાધરરાજાના ઐશ્વર્યો તજી દીધુ, તો પછી આજે તમારા રાજ્યાદિને હું શુ કરું હે નાથ! જો તમે પ વચનો ભંગ કરી શકતા નથી તો મારી નજર આગળ આ આદિનાથના પ્રાસાદને પાડી નાખો" એવા તે સ્ત્રીના વચન સાંભળવાથી વજ્રથી ઘાયલ થયેલાની પેઠે રાજા મૂર્છા પામી રાજાની પેઠે પૃથ્વી ઉપર ઢળી પડયો, તે વખતે મંત્રી આદિ ગાઢી ગભરાએલા લોકોએ શીતળ પાણી છાંટયુ, તેથી રાજા સાવધાન થયો. સૂર્યયશ રાજાએ તે વખતે પોતાની આગળ બેઠેલી તે સ્ત્રીને જોઈ ક્રોધથી કહ્યુ, "અરે અધમ આ તે સારી સ્ત્રીનો આચાર! મારી આગળ તારી વાણીથી જ તારા ગુણનુ અધ-

અપણું દેખાડી આપેલ છે" કહ્યું છે કે, "જેવો આહાર તેવો ઓડ-
કાર" તું વિદ્યાધરની પુત્રી નથી પરંતુ ચાંડાળની પુત્રી દેખાય
છે મેલી માટે ભમતા એવા એ કાર્યના કરવા ઉપર પ્રીતિ કરી.
જે, દેવ ગુરુ લોકના નાથ છે, અને જગલોકે વંદના કરેલા છે
તેમના આવાસનો ભંગ કરવાને શું કોઈપણ માણસ ઇચ્છે ?
ના, નજ ઇચ્છે માટે હે સ્ત્રી તું પોતેજ પોતાના વચનથી બં-
ધાએલા મને છોડ, કરવા માટે ધર્મનો લોપ ન થાય એવું બીજું
કાંઈ માગ, ધર્મનો લોપ અને ચૈત્યનો નાશ હું સર્વથા નહિ કરૂં."
એવાં રાજાનાં વચન સાંભળી વિરંગી કાંઈક હસીને ફરી કહેવા
લાગી કે હે રાજા, નહિ બીજું માગ, કાંઈ બીજું માગ, એમ
કહેતા કહેતા તમારૂં વચન દૂર જાય છે, જો તમે અમારા વચ-
નને અંગીકાર કરતા નથી, તો તમે તમારૂં પોતાનું આયુધ ત-
મારા પુત્રનું માથું કાપી પોતાના હાથમાં અર્પણ કરો", આવાં
તેણીનાં વચન સાંભળી રાજા, જેવો હાથવડે ખડ્ગ લઇ પો-
તાના માથાને કાપવા જાય છે તેવાજ તે દેવાંગનાએ ખડ્ગની
ધારાને બાંધી લીધી પછી સૂર્યયશા રાજા ખડ્ગની ધારા બંધ થ-
વાથી લજ્જા પામીને કંઠરૂપી નાળને કાપવા માટે નવા નવા
ખડ્ગને ગ્રહણ કરવા લાગ્યો ત્યારે તે રાજાની જ્યારે કંઈ ગત્ય
ન ચાલી ત્યારે તે બન્ને સ્ત્રીઓએ પોતાના રૂપ પ્રગટ કર્યાં બહુ
આદરથી "જયવંતા રહો જયવંતા રહો" એમ શબ્દ કર્યા
વળી ઋષભ સ્વામીના કુળરૂપ આકાશને વિષે ચંદ્રમારૂપ અને
સત્યધારીઓના મધ્યે શ્રેષ્ઠ એવા ભરત ચક્રવર્તિના પુત્ર હે
સૂર્યયશ તમે જયવંતા વર્તો તારૂં વીર્ય આશ્ચર્યકારી છે તારા
સત્વનો નિશ્ચય પણ આશ્ચર્યકારી છે, કે જે તું પોતાનો મરણ
અવસર પાસે આવ્યો છતાં પણ પોતાની પ્રતિજ્ઞાને ભંગ કર-
તો નથી સૌધર્મ કલ્પની સભામાં, દેવોની આગળ તારા અતુલ્ય

સત્વની બહુ પ્રસન્નતા થઇ, તે ઉપરથી અમે બન્ને દેવીઓએ સ્વર્ગમાંથી અહિં આવી તને પોતાના નિશ્ચયથી ભ્રષ્ટ કરવાનો આરંભ કર્યો, પરંતુ તને કોઈ ચલાવી શકવાને સમર્થ નથી. જગત પ્રભુ એવા શ્રી રૂષભસ્વામીના કુળને વિષે આભૂષણ રૂપ હે વીર ! તારા વડે આ પૃથ્વી રત્નગર્ભા એવું સત્યનામ ધારણ કરે છે

આ પ્રમાણે જેની તે બન્ને દેવીઓ રાજાના વખાણ કરતી હતી તેવામાં દેવેંદ્ર ત્યાં આવી જય જય શબ્દ કરતા પુષ્પ વૃષ્ટિ કરી તે વખતે પોતાની પ્રતિજ્ઞા થકી ભ્રષ્ટ થયેલી અને ઇંદ્રે જેના સાધુ મશ્કરીથી જોયેલું છે એવી ઉર્વશીએ સૌધર્મેંદ્રની આગળ તેમના ગુણો કહી બતાવ્યા. ઈંદ્ર પણ તે રાજાને વસ્ત્ર, મુકુટ, કુંડલ અને બાજુ આપી તેને નમસ્કાર કરી અને દેવાંગનાઓની સાથે સ્વર્ગમાં ગયો સૂર્યવંશ રાજા પણ પોતાની પ્રતિજ્ઞાથી હર્ષ પામતો છતો પૃથ્વીનું પાલન કરવા લાગ્યો તે રાજાએ ભરત ચક્રવર્તિની પેઠે પૃથ્વીને જિનમંદિરોથી સુશોભિત કરી, શ્રી યુગાદિના ચરણની પેઠે સર્વ યાત્રાના જયથી પૃથ્વીને પવિત્ર કરતો છતો નિરંતર ચૌદશ અને આઠમનું પર્વ આરાધન કરતો હતો તે હંમેશાં વ્રતધારી શ્રાવકોને પોતાના ઘરમાં જમાડતો હતો જેમ પૂર્વે ભરત ચક્રવર્તિએ કાકણી રત્નની રેખાથી શ્રાવકોને ચિહ્નવાળા કર્યા હતા, તેમ સૂર્યવંશ રાજાએ પણ સુવર્ણની જનોઈવડે શ્રાવકોને ચિહ્નવાળા કર્યા હતા તે રાજાને ઉત્તમ કૃતિવાળા બહુ કુમારો હતા. જેવી રીતે રૂષભસ્વામીથકી ઇક્ષ્વાકુ વંશ વૃદ્ધિ પામ્યો તેવી રીતે સૂર્યવંશ રાજાથી સૂર્યવંશ વૃદ્ધિ પામ્યો. તે રાજા એક દિવસ પોતાના પિતા ભરતની પેઠે આરિસામાં પોતાનું સ્વરૂપ જોતા સંસારની અસારતા વિચારવા લાગ્યો. તેથી તેને

કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું પછી બહુ ભવ્યજીવોને પ્રતિબોધ પમાડી તે સૂર્યયશ રાજા મોક્ષે ગયા. હે ભવ્ય જીવો-તમે આઠમ ચૌદશ પર્વને દિવસે આ પ્રમાણે ધર્મ કાર્ય કરી પર્વારાધન કરો જેથી આ લોક અને પરલોકને વિષે સર્વ પ્રકારના ઈષ્ટકાર્યની સિદ્ધિને પામો

॥ અથ એકાદશ પૌષધવ્રત સબંધ ॥

દોહા

ત્રીજું શિક્ષાવ્રત હવે, કહે જિન ત્રિભુવન ભાણ,
વ્રતમાંહે અગ્યારમું, પૌષધવ્રત મન આણ. ૧
પુષ્ટ કરે જે ધર્મને, આદરિયે તિથિ પર્વ,
તે પૌષધ આગધતા લહિયે વાંછિત સર્વ. ૨
પ્રથમ પૌષધ આહારનો, દેશ સર્વ દોય ભેદ,
ચોવિહાર તિવી પ્રમુખ, તપથી કહ્યો ગતવેદ ૩
બીજો દેહ સત્કારનો સર્વ દેશથી જોય,
બ્રહ્મચર્ય પૌષધ તિમજ, અવ્યાપાર તિમ હોય ૪
પંચ અતિચાર એહના, વર્જે ચતુર સુજાણ
નામ કહે પ્રભુ તેહના, શાંતિનાથ ભગવાન ૫

યતઃ ॥ અપ્પડિલેહિય, દુપ્પડિલેહિય સિજ્જા સંથારયો. ૨
અપ્પમજ્જિય દુપ્પમજ્જિય સિજ્જા સંથારયો. ૨
અપ્પડિલેહિય દુપ્પડિલેહિય, ઉચ્ચારપાસવણ ભૂમિ ૩
અપ્પમજ્જિય દુપ્પમજ્જિય ઉચ્ચારપાસવણ ભૂમિ. ૪
પોસહોવવાસસ્સ સમ્મં અણણુ પાલણયા ૫

પુનઃ દોહા.

એ વ્રત પાળતા ભવિ, સફળ હોય દિનરાત,
શ્રાવક સાધુ જેહવો, નિર્મળ ગુણ અવદાત ૬

ચઉક્કતા સામાયિય પોસહસડિયસ્સ જીરસ્સ આપ્ર જોકાલેણ
ગો સફલો બોધવ્વો, ગેમા સસારફલહેઊ. ॥ ૧
એ નત ઉપરે જિન કહે, જિનચંદનો દ્રષ્ટાંત,
ચંદ્રાયુધ નૃપ સાસને, ભાન ધરી એકાંત.

મેરે જીઉમે લાગી આશકી, એ દેશી.

સુમતિપુરમાં હુવો, નૃપ અનંતવીર્ય બલવાન રે,
રૂપવંતી રાણી મનમોહન, કમનીય કંત સુજાણ રે.
ભવિ જીઉમે નત શુભ ધારિયે, જેમ સફલ હુયે સવિ આરિજે,
એકમના એ નત પાળતાં, હોય આનંદ લીલ વિલાસરે. ભ. ૧
શ્રાવક જિનચંદ નામથી, તિહાં નિવસે નિશ્ચલ ધર્મરે,
સુંદર આકૃતિ સુંદરી નામે, કરે ગેહિની શુભ કર્મરે. ભ. ૨
જિનમત શુદ્ધ જાણું ભયો, જીવાદિક તત્વરે,
સમકિત મૂલ શ્રાવક વ્રત પાળે ટાળે મિથ્યામતિ તંત રે. ભ. ૩
એક દિન પોષધ લેઈ બેઠો, પૌષધશાળા મઝારરે,
સાંજવેળા પચ્ચખ્ખાણ લીને, એકમને નિરતિચારરે ભ. ૪
તા અવસર પહેલે સુરલોકે, હરિ નિજ જિન નવરે,
અહો અહો ધન ધન એહ મહામતિ, એમ પ્રશંસે ઇંદરે ભ. ૫
પૂછે તવ સુર એક સ્વામી કયો શુભ દીઠો તારાજે,
ઈંદ્ર કહે પોષધ વ્રત એહનો, અવિચલ લીલ વિલાસ રે. ભ. ૬
એક સુર મિથ્યા વચન મિથ્યાત્વી કરવા આવ્યો તામરે
શ્રાવક જિનચંદ પાસે આવી બહેન ધરી કહે આમરે ભ. ૭
સૂરજ ઉદય અકાલે દીધો, સુણ બાંધવ ગુણવંતરે
ભોજન હું લાવી તુમ કારણ, પારણું કરો સત્યવંતરે ભ. ૮
વચન સુણી મનમાંહે વિચારી, કેમ એમ હુવો પ્રભાત રે,
ધર્મ ધ્યાનાદિક કરણીને, અનુસારે હજી રાત રે. ભ. ૯

કાગળ કાઈક એ, સ ભનૂપિ, કાણુકાવલી પ્રાન રે, ભ. ૧૦
કોઈક દેવતણી એ લીલા, જો એ અસનો લિંગ માત ર. ભ. ૧૧
મૌન ગ્રહી રહિયો મનમાંહે, ધરિ અરિહંત તનુ ધ્યાન રે,
જીન રૂપે અંત કરતુ કાયુ, એમ ભાખ્યુ શ્રી ભગવાન રે. ભ. ૧૨
મિત્ર થઈ ર લેં વિલેપન, વળી સુગંધા રૂપ રે
આવી ઊભો જિનચંદ્ર આગે, અહો એ મિત્ર અનૂપ રે. ભ. ૧૩
તું મુજ જીવન હું તુજે વહાલો, લાવ્યો ભક્તિને કાજ રે,
અંગીકાર કરી સુખ ભોગવ જેમ થાઓ સુખીઆ આજ રે. ભ. ૧૪
જિનચંદ ચિત્તમા એમ વિમાસે ન ઘટે એ મુજ રાગ રે
ગવ વિલેપન કુસુમ એ લેતા, હોય પાતક મહાશ રે. ભ. ૧૫
રહી ગણમોટયો ધ્યાને વિચારે, રખે ધરે પુદ્ગલ આશ રે,
માયાજાલે મ પડ મન પંખી, મ થાય તું પાસ રે ભ. ૧૬
દેવે જાણ્યુ ચિત્ત નવિ ચળીયુ, કરી તત્ર પુરુષનુ રૂપ રે
તમ કામિની લઈ જાતો દેખે જિનચંદ્ર એહ સ્વરૂપ રે ભ. ૧૭
નિજ નારીની વિડંબન દેખે સુમનો પ્રાણનાથ રે,
પણ તે ધ્યાનથકી નવિ ચૂકે, સમરે એક જગનાથ રે ભ. ૧૮
એમ અનુકૂલથકી નવિ ચલિયો, તવ સુર કરે વિકરાલ રે,
સિંહ પિશાચાદિક અતિ વિકરાલ, રૂપ ઘણા તતકાલ રે. ભ. ૧૯
તે તિલમાત્ર ન ક્ષોભ્યો મનમા, દેખી ભયંકર રૂપ રે
દેહનો નેહ ન રાખે કાયો ગમરે એક શુદ્ધ સ્વરૂપ રે. ભ. ૨૦
નિશ્ચલ જાણી પ્રગટ થઈ તે, સુર નામે નિજ શીશ રે,
જય જય તુ પહેલે સુરલોકે, સ્તવિયો અમારે ઈશ રે. ભ. ૨૧
ધન્ય તુમ્હો કૃતપુણ્ય તુમ્હારૂ, જીવિત જન્મ પ્રમાણ રે
કહો મુજ લાયક કાઈક કાજ, શિર વહુ તુમચી આણ રે. ભ. ૨૨
કહે જિનચંદ્ર નિરીહ સુમતિધર નહિ મુજ લાલચ કોય રે,
જો, કહો છો તો, તિમ કરો જિમ, શાસન ઉન્નતિ હોય રે ભ. ૨૩

અંગીકાર કરીને સુરવર, આઠ દિવસ લગી સાર રે
અઠ્ઠાઈમહોત્સવ જિન મંદિર, માંડે ભક્તિ ઉદાર રે ભ. ૨૪
ધૂપ કુસુમ વર ગંધ વિલેપન, કરે જિનભક્તિ રસાલ રે
પૂજા સત્તર પ્રકારની વિરચી, નાટક ભક્તિ વિશાલ રે. ભ. ૨૫
પ્રભુ આગલ નાચે તે સુરનર, થેઈ થેઈ શબ્દ કહંત રે,
તાર તાર કરૂણારસસાગર, જગતવત્સલ જયવંત રે ભ. ૨૬
તુંહિજ તત્વ પરમહિતકારી, પરમભક્તિ પ્રતિપાલ રે
દેવ નિરંજન નિરૂપાધિક ગુણ, જયજય દેવ દયાલ રે. ભ. ૨૭
લોક સહૂ દેખી ચિત્ત હરખ્યા, ધન જિનશાસન એહ રે,
જીહાં એહવા પ્રભુને દરબારે, નાચે દેવ સનેહ રે ભ. ૨૮
દેવ કહે ચિંતામણિ સુલહો, કલ્પદ્રુમ સુનકુભ રે,
પણ એ જૈન ધર્મ અતિ દુલહો, લહી ગયો નિર્દંભ રે. ભ. ૨૯
હો એ સુર શિવપ૦ સુખ શાશ્વત, બુધિ એમ કેઈ ભવિવૃંદ રે.
બુઝયા ધર્મ ભજી જિનવરનો, આણી મન આનંદ રે ભ. ૩૦
પુરી પ્રભાવના શાસન કેરી, સુર પહોતો નિજ ઠામ રે,
ઇંદ્રને કહે જે તુમો પરમારયો, તે નર ગુણમણિ ધામ રે ભ ૩૧
ઇણી પરે પૌષધ વ્રત આરાધો નવિ આણોજે ચિત્ત રે,
સો સુર શિવપ૦ સુખ પામીજે, કહે જગ ગુરુ સુપવિત્ત રે ભ. ૩૨
છઠ્ઠે ખંડે ચાલીશમી ઢાલે, પૌષધવ્રત અધિકાર રે,
રામવિજય કહે એમ વ્રત વિમલ, પાલતા ભવનિસ્તાર રે ભ. ૩૩
॥ ઇતી એકાદશ પૌષધવ્રતે જિનચંદ્ર કથાનકમ ॥ ૧૧ ॥

॥ અથ સામાયિકના બત્રીશ દોષની સજ્ઝાય ॥

ચોપાઇ–ગુણ ગુરુ ચરણે નામી શીશ, સામાયિકના દોષ બત્રીશ, કહિશું ત્યાં મનના દશ દોષ, દુશમન દેખી ધરતો.

રોષ. ૧ સામાયિક અવિવેકે કરે, અથ વિચાર ન હૈડે ધરે, મન ઉદ્વેગ વછે યશ ઘણો, ન કરે વિનય વડેરાતણો ૨ ભય આણે ચિંતે વ્યાપાર, ફલ સંશય ની આણે સાર, હવે વચનના દોષ વિચાર્ય કુવચન બોલે કરે ટુંકાર. ૩ લે કુંચી જા ઘર ઉઘાડ, મુખ લવરી કરતો વઢવાડ, આવો જાવો બોલે ગાલ, મોહ કરી હુલરાવે બાલ. ૪ કરે વિકથાને હાસ્ય અપાર, એ દશ દોષ વચનના વાર કાયાકેરા દુષણ બાર, ચપલાસન જોવે દિશિ ચાર. ૫ સાવદ્ય કામ કરે સઘાત, આલસ મોડે ઉંચે હાથ, પગ લબે બેસે અવનીત, ઉઠિગન દૃષ્ટિ થાંભો ભીત. ૬ મેલ ઉતારે ખરજ ખણાય, પગ ઉપર ચઢાવે પાય, અતિ ઉઘાડુ મેલે અંગ, ઢાંકે તેમ વલી અંગ ઉપંગ. ૭ નિદ્રાવ રમ ફુલ નિગમે, કરહા કટક તરૂએ ભમે એ બત્રીશે દોષ નિવાર, સામાયિક કરજો નર નાર ૮ સમતા ધ્યાન ધરા ઉજલી કેશરી ચોર હુવો કેવલી, શ્રી શુભવીર વચન પાલતા, સ્વર્ગે ગઈ સુલસા રેવતી ૯ ॥ ઇતિ સામાયિકના બત્રીશ દોષની સજ્ઝાય ॥

અથ મુહપત્તીના પચ્ચાશ બોલની સજ્ઝાય

॥ ઢાલ ॥ સિરિ જંબુરે, વિનયભક્તિ શિરનામિને કરજોડીને પૂછે શોહમસ્વામીને, ભગવંતને કહો જિનતા કિમ મને કહે સોહમરે, મિથ્યા ભ્રમ દૂરે ટલે દુઃખ દૂરે ટલે વિષ ગરલ ઇહા, ઉભય માર્ગ અનુસરી, એક જ્ઞાન દૃષ્ટિ ભરત કિરિયા, આરોપણ કરી જિમ પશુ દર્શિત ચરણ કવિત, અવબિંદુ નિજપુર ગયા તિમ સત્ત્વ સજતા તત્ત્વ ભજતા ભવિક કે સુખિયા થયા. ॥ ૧ ॥ ઢાલ ॥ વૈકલ્ય જ્યું રે, કંઇ તે કરનુ મો

પણ જ ભૂરે, જાગુમુહ, જગ ટાહિલુ, તેણે જાણીરે, આવશ્યક ક્રિયા કરો, ઉપગરણે રે, પુંજઉંગો, મુહપત્તી ધરો. ॥ ત્રુટક ॥ મુહપત્તી લેને આનોપેતે, બોલ નિજ અનુપ ભરી, દોય હાથ ઝાલી દગ નિહાળી, દૃષ્ટિ પડીલેહણ કરી, ત્યા. સૂત્ર અર્થ સુતત્ત્વ કરીને, સહુ એમ ભાખિયે, ત્રેવા વસ્ત્રા રૂપ તિગ તિગ, પખોડા પર લાખિયે ॥ ૨ ॥ ઢાળ ॥ સમકિત મોહનીરે મિશ્ર મિથ્યાત્વને પરિહરૂ, કામ રાગરે સ્નેહ દૃષ્ટિ રાગ એ છક એ સાતેરે, બોલ કહ્યા બન આગળે, ખૂણુત્તિ વચ્ચેરે, તણુ વ ટૂક કર લવે ॥ ત્રુટક ॥ વર્તયે વામે અંજલીથી ધરી, અખોડા નવ કીજિયે, પ્રમાર્જના નવ ત્રિભજ કરિયે, તિગ તિગ તરે કીજિયે, સુદેવ ગુરુ સુધર્મ આદરૂ, પ્રતીપક્ષી પરિહરૂ વળિ જ્ઞાન દર્શન ચરિત્ર આદરૂ, વિરાધન ત્રિક પરિહરૂ, ॥ ૩ ॥ ઢાળ ॥ મનોગુપ્તિ રે વચન કાયગુપ્તિ ભજુ, મનોદંડરે, વચન કાય દંડ તજુ, પગ તીરરે, બોલ એ ઉત્પત્તીના કહ્યા હવે અંગ નાગે, પરિહરૂ એમ અધમા કહ્યા ॥ ત્રુટક ॥ કહ્યા, વટૂક ડાબે પ સ્પર્શ વામ હાથે ત્રિક કરો, હાસ્ય રતિને અરતિ છંડી, દક્ષ કર ત્રિક અનુસરો, ભય શોક દુગંછા તજીને, પચાદિ એ આચરો, કૃષ્ણ લેશ્યા નીલ કાપોત લલાટે ત્રિક પરિહરો ॥ ૪ ॥ ઢાળ ॥ રસગારવ રે, રિદ્ધિ શાતા ગારવા ॥ મુખ ત્રિકે, શલ્ય ત્રય એમ ધારવા ॥ માયા શલ્યરે, નિયાણ મિથ્યાત્વ ટાળીયે ॥ વામ ખંધેરે, ક્રોધ માન દોય ટાળિયે ॥ ત્રુટક ॥ ટાળીયે માયા લોભ દક્ષિણ, ખંધ ઉપર અધો મળી ॥ ત્રિક, વામ પાદે પુઢવી અપ વળી તેઉની રક્ષા કરી ॥ જમણે પગે ત્રણ વાઉ વણસઇ, ત્રસ કાયની રક્ષા કરૂ ॥ પચાગ બોલે પડીલેહણ, કરત જ્ઞાની ભંન હરૂ ॥ ૫ ॥ ઢાળ ॥ એહ માહેથી રે, ચાળીશ બોલ તે નારીને, શીઘ્ર

કદયનારે, ખડ્ગ ભાવ દશ્ય તજીને, શુભ વિરિગ્ધ નૈ ॥ પડીલેહણથી શિવ લેહ્યા ॥ અનવિકરીને, ઇચ્છાયનો વિગધક કહ્યા; ॥ સ્તરકાં કહ્યાં કિંચિત્ આલસથી; સવે પ્રવચનને સાંભળી; ભાવનાને ધ્યાનને પાવનાર કરો, ગુરુ વચનને અનુસારથી ॥ શિવ સૌહે જેમ નેહે શુભ વિરતિજયની વાણીએ ॥ ગમે ઓકડુ વનેધામ શ્રેયતુ, સુખ કરી એહ આણિજો ॥ ઇતિ સુદેવ સ્તુની સજઝાય સંપૂર્ણ ॥

॥ અથ શ્રી દેવચંદ્રજીકૃત અષ્ટપ્રવચન માતાની સજઝાય પ્રારંભ ॥

॥ દોહા ॥

સુકૃત કલ્પતરુ શ્રેણીની, તેહ ઉત્તમ ભૂમિ, અધ્યાત્મરસ શશિકલા, શ્રીજિનવાણી નામી ॥ ૧ ॥ દીપચંદ્ર પાઠક સુગુરુ, પામી તહી અનભ્યાસ સાર શ્રમણ શુભ ભાવ ॥, ગણી મનભાવ ॥ ૨ ॥ જાની પૂર્ણ છેમ શુભ કરી, તિમ એ પવયણ માય, નાણી શુભમતિ ધીની નિર્મલ શિવસુખદાય ॥ ૩ ॥ ભાવ અયો ॥ ચરણ રુચિ મુનિવર ગુણ ધરત, યતિ ગુપ્તિ જો ન રહી શકે, તો સમિતિ વિચરંત ॥ ૪ ॥ ગુપ્તિ એક સંવરમયી, ઉત્સર્ગિક પરિણામ ॥ સહકારી ગુપ્તિની, અપવાદે શુભ નામ ॥ ૫ ॥ દ્રવ્યે દ્રવ્યત ચરણના, ભાવે ભાવચરિત્ત, ભાવદ્રષ્ટિ દ્રવ્યત ક્રિયા, કરતા શિવ સંપત્ત ॥ ૬ ॥ આતમગુણ પ્રગટભાવથી, જે સાધક પરિણામ, સમિતિ ગુપ્તિ તે જિન કહે, સાધ્ય સિદ્ધિ શિવઠામ ॥ ૭ ॥ નિશ્ચય કારણ રુચિ થઈ, સમિતિ ગુપ્તિધર સાધિ ॥ પરમ અહિંસક ભાવથી, આરાધે નિરુપાધિ ॥ ૮ ॥ પરમ મહોદય સાધવા, જેહ થયા ઉજમાલ ॥ શ્રમણ ભિક્ષુ માહણ યતિ, ગાઉં તસ ગુણમાલ ॥૯॥

॥ અથ પ્રથમ ઈર્યાસમિતિ સજ્ઝાય પ્રારંભ: ॥

॥ પ્રથમ ગોવાલા તણે ભવેજી ॥ એ દેશી ॥ પ્રથમ અહિંસક વ્રત તણીજી, ઉત્તમ ભાવના એહ ॥ સંવર કારણ ઉપદિશીજી, સમતારસ ગુણ ગેહ ॥ મુનીશ્વર, ઈર્યા સમિતિ સંભાર ॥ આશ્રવ કર તનુયોગથીજી, દુષ્ટ ચપલતા વાર ॥મુ૦॥ ઈ૦॥ એ આંકણી ॥ ૧ ॥ કાયગુપ્તિ ઉત્સર્ગનો જી, પ્રથમ સમિતિ અપવાદ ॥ ઈર્યા તે જે ચાલવું જી ધરિ આગમ વિધિ વાદ ॥ મુ૦ ॥ ઈ૦ ॥ ૨ ॥ જ્ઞાન ધ્યાન સજ્ઝાયમે જી, સ્થિર બેઠા મુનિરાજ ॥ શાને કરે જી, અનુભવ રસ સુખરાજ ॥ મુ૦ ॥ ઈ૦ ॥ ૩ ॥ મુનિ ઉઠે વસહીથકી જી, પામી કારણ ચાર ॥ જિનવંદન ગ્રામાંતરે જી, કે આહાર નિહાર ॥ મુ૦ ॥ ઈ૦ ॥ ૪ ॥ પંચમ ચરણ મનોરૂ જી, સર્વજ્ઞ જિન દિઠ ॥ શુચિ સમતા રુચિ ઉપજે જી, તિણે મુનિને એ ઇઠ ॥ મુ૦ ॥ ઈ૦ ॥ ૫ ॥ રાગ વધે સ્થિર ભાવથી જી, જ્ઞાન વિના પરમાદ ॥ વીતરાગતા પહુતા જી, નિચ્ચે મુનિ આહ્લાદ ॥ મુ૦ ॥ ઈ૦ ॥ ૬ ॥ જે શરીર ભવમૂલ છે જી, તસુ પોષક આહાર ॥ જાવ યોગી નવિ હુવે જી, તા અનાદિ આચાર ॥ મુ૦ ॥ ઈ૦ ॥ ૭ ॥ કવલાહારે નિહાર છે જી, એહ માગ વ્યવહાર ॥ વન્ય અતુ પરમાતમા જી, છદ્મસ્થિ વિચાર ॥ મુ૦ ॥ ઈ૦ ॥ ૮ ॥ પરપરિણતિ કૃત ચપલતા જી, કેમ મૂકશે એહ ॥ એમ વિચારી કારણે જી, કરે ગોચરી તેહ ॥મુ૦॥ ઈ૦ ॥ ૯ ॥ ક્ષમાવંત દયાલુઆ જી, નિઃસ્પૃહ તનુનીરાગ ॥ નીચે નિપે ગજગતિ પરે જી નિરખે મુનિ મહાભાગ ॥ મુ૦ ॥ ઈ૦ ॥ ૧૦ ॥ પરમાનંદ રસ અનુભવ્યા જી નિજગુણ રમતા વીર ॥ દેવચંદ્ર મુનિ વંદતા જી, લહીયે ભવજલ તીર ॥મુ૦॥ ઈ૦॥ ૧૧॥ ઇતિ ॥

॥ અથ દ્વિતિય ભાષાસમિતી સજ્ઝાય પ્રારંભ ॥

॥ ભાવના માલતી ચૂશીયે ॥ એ દેશી ॥ સાધુજી સમિતિ બિજી આદરો, વચન નિર્દોષ પરકાશ રે ॥ ગુપ્તિ ઉત્સર્ગનો સમિતિ તે, માર્ગ અપવાદ સુવિલાસ રે ॥ સા૦ ॥ એ આંકણી ॥ ૧ ॥ ભાવના બીજી મહાવ્રત તણી, જિનભણી સત્યતા મૂલ રે ॥ ભાવ અહિંસકતા વધે, સર્વસંવર અનુકૂલ રે ॥ સા૦ ॥ ૨ ॥ મૌનધારી મુનિ નવિ વદે, વચન જે આશ્રવ ગેહ રે ॥ આચરણ જ્ઞાનને ધ્યાનનો, સાધક ઉપદિસે તેહ રે ॥ સા૦ ॥ ૩ ॥ ઉદિત પર્યાપ્તિ જે વચનની, તે કરિ શ્રુત અનુસાર રે ॥ બોધ પ્રાગ્ભાવ સજ્ઝાયથી, વલિ કરે જગત ઉપકાર રે ॥ સા૦ ॥ ૪ ॥ સાધુનિજવીર્યથી પરતણો, નવિ કરે ગ્રહણ ને ત્યાગ રે ॥ તે ભણી વચન ગુપ્તિ રહે એહ ઉત્સર્ગ મુનિમાર્ગ રે ॥ સા૦ ॥ ૫ ॥ યોગ જે આશ્રવપદ હતો, તે કર્યો નિર્જરા રૂપ રે ॥ લોહથી કંચન મુનિ કરે, સાધતા સાધ્ય ચિદ્રૂપ રે ॥ સા૦ ॥ ૬ ॥ આત્મહિત પરહિત કારણે આદરે પાંચ સજ્ઝાય રે ॥ તે ભણી અશન વસનાદિક, આશ્રવ સર્વ અપવાય રે ॥ સા૦ ॥ ૭ ॥ જિનગુણસ્તવન નિજ તત્વને, જોઈવા કરે અવિરોધ રે ॥ દેશના ભવ્ય પ્રતિબોધવા, વાચના કરણ નિજબોધ રે ॥ સા૦ ॥ ૮ ॥ નય ગમ ભંગ નિક્ષેપથી, સ્વહિત સ્યાદ્વાદયુત વાણિ રે ॥ સોલ દશ ચાર ગુણયુત સવિ, કહે અનુયોગ સુપ્રમાણ રે ॥ સા૦ ॥ ૯ ॥ સૂત્રને અર્થ અનુયોગ એ બીય નિર્યુક્તિ સંયુત રે ॥ તીય ભાષ્યે ભાખિયો મુનિ વદે વચન એમ તંત રે ॥ સા૦ ॥ ૧૦ ॥ જ્ઞાનસમુદ્ર સમતા ભર્યા સંવરી રત્નભંડાર રે ॥ તત્વ આનંદ આસ્વાદતા, વંદિયે ચરણગુણ ધાર રે ॥ સા૦ ॥ ॥ ૧૧ ॥ મોહ ઉદય અમોહી જેહના, શુદ્ધ નિજ સાધ્ય લયલીન રે ॥ દેવચંદ્ર તેહ મુનિ

વરિયે, જ્ઞાન અમૃતરસ પીજીયેરે ॥ સા૦ ॥ ઇતિ ॥ ૧૦ ॥

॥ અથ તૃતીય એષણાસમિતિ સજ્ઝાય પ્રારંભઃ ॥

॥ ઝાંઝરીયા મુનિવર ॥ વંદના એ દેશી ॥ સમિતિ ત્રીજી એષણાજી, સાધે સાધુ મહંત ॥ અનાહારી ઉદ્દેશથીજી, એ અપવાદી અમૃત ॥ ૧ ॥ મનમોહન મુનિવર, સમિતિ સદા ચિત્ત ધાર ॥ એ આંકણી ॥ ચેતનતા ચેતન તણીજી, નવિ પરસંગી તેહ ॥ નિજ પરસાન ગુણ નવિ કરેજી, અક્ષય તત્ત્વ ગતિ વતી જેહ ॥ મ૦ ॥ ૨ ॥ કાયયોગ પુદ્ગલ ગ્રહેજી, એહુ ન આતમ ધર્મ ॥ જાણંગ કર્તા ભોગતાજી, હું માહરો એ મર્મ ॥ મ૦ ॥ સ૦ ॥ ૩ ॥ અનભિસંધિ ચલવીર્યનેજી, રોધક શક્તિ અભાવ ॥ પણ અભિસંધિ જે વીર્યનીજી, કેમ ગ્રહે પરભાવ ॥ મ૦ ॥ સ૦ ॥ ૪ ॥ ઇમ પરત્યાગી સંવરીજી, નવિ ગ્રહે પુદ્ગલ ખંધ ॥ સાધ્યરસી સાધકપણેજી, અબાધિક અભંગ ॥ મ૦ ॥ સ૦ ॥ ૫ ॥ આતમતત્ત્વ અનંતતાજી, જ્ઞાન વિના ન જણાય ॥ તેહ પ્રગટ કરવા ભણીજી, શ્રુત સજ્ઝાય ઉપાય ॥ મ૦ ॥ સ૦ ॥ ૬ ॥ તેહ દેહથી દેહરાહજી આહારે બલ થાય ॥ સાધન કારણ હેતુનેજી, કેમ તજે ગુણવાન ॥ મ૦ ॥ સ૦ ॥ ૭ ॥ તનુ અનુયાયી વીર્યનાજી વર્તન અશન સુજોગ ॥ વૃદ્ધિ યદિ સાધનજીનેજી, અશનાદિક ઉપયોગ ॥ મ૦ ॥ સ૦ ॥ ૮ ॥ જો સાધકતા નવિ અડેજી, તો ન ગ્રહે આહાર ॥ સાધક પરિણતિ વાધતાજી, અશનાદિક ઉપચાર ॥ મ૦ ॥ સ૦ ॥ ૯ ॥ સુડતાલીસ દૂષણ તજીજી, દોષ તજી નીરાગ ॥ અમૂર્છિત મુખ જોતાજી, ભ્રમર પરે વડ ભાગ ॥ મ૦ ॥ સ૦ ॥ ૧૦ ॥ તત્ત્વરુચિ તત્ત્વાશ્રયીજી, તત્ત્વરમણ નિરબંધ ॥ કર્મ ઉદયે આહારતાજી, મુનિ માને પરફંદ ॥ મ૦ ॥ સ૦ ॥ ૧૧ ॥ લાભથકી પણ ધારી લહેજી, અતિ નિર્જરા કરત ॥

ચાર્ગે અર્ણ્ધ્યાપકપણું જી, નિર્મળ સંત મહંત ॥ મ૦ ॥ સ૦ ॥
॥૨॥ અણાહારિતા સાધિતા છે, સમતા અમૃતકંદ ॥ ભિક્ષુ શ્રમણ
વાચંયમી જી, તેં વંદે ઇહ ચંદ ॥ મ૦ ॥ સ૦ ॥ ૩ ॥ ઇતિ ॥
॥ અથ ચતુર્થ આદાનનિક્ષેપણસમિતિ સજ્ઝાય પ્રારભ્યઃ ॥
॥ જીવતિ હંસા રે, વિષય ન રાચીયે ॥ એ દેશી ॥ સમ
િતિ ચોથી રે, ચઉ ગતિ વારણી, ભાખી શ્રીજિનરાજ ॥ રાણી
પરમ અહિંસક મુનિવરે, ચાખી જ્ઞાનસમાન ॥ ૧ ॥ સહજ
સંવેગી રે, સમિતિ પરિણમે ॥, એ આંકણી ॥ સાધન આતમ
કાજ ॥ સારા ॥ એ ભવ ભાવનો ભંજન તારણ જહાજ ॥
સં૦ ॥ ૨ ॥ અભિધાયી નિજ આતમતત્વના, સાખી કરિ
સિધ્ધાંત ॥ જાણી સર્વ પરિગ્રહ સંગને, ધ્યાનાકાશી રે સંત
॥ સ૦ ॥ ૩ ॥ સવર પંરતતી જે ભાવના નિરૂપાધિક અ-
પ્રમાદ ॥ સર્વ પરિગ્રહ ત્યાગ જાગતા, તેહનો એ અપવાદ
॥ સ૦ ॥ ૪ ॥ શાને મુનિવર ઉપકરણ ગ્રહે, જે પરભાવ
નિરત્ત રે, દેહ અમોહી નવિ લોહી કદા, ચેતનથી રાપત્ત
॥ સ૦ ॥ ૫ ॥ ભાવ અહિંસકતા કારણભણી, દ્રવ્ય અહિં-
સક સાધિ ॥ રજોહરણ મુખવસ્ત્રાદિક વરે, વરવા યોગ સમાધિ
॥ સ૦ ॥ ૬ ॥ શિવ સાધનનું મૂલ તે જ્ઞાન છે, તેહનો હેતુ
સજ્ઝાય ॥ તે આહારે તે વલિ પાત્રથી, જયપાય થનાય
॥ સ૦ ॥ ૭ ॥ બાલ તરૂણ નર નારી જંતુને, નગ્ન દુગંછા
હેતુ ॥ તિણ ચોલપટ ગ્રહી મુનિ ઉપદિસે, શુદ્ધ ધર્મ સંકેત ॥
સ૦ ॥ ૮ ॥ ડંસ મસક શીતાદિ પરિષહ સહે, ન રહે ધ્યાન
સમાધિ ॥ કલ્પક આદિક નિર્મોહિપણે ગ્રહે મુનિ નિર્બાધ ॥
સં૦ ॥ ૯ ॥ લેપ અલેપતહી જ્ઞાનનો, કારણ હેઠ પ્રભુત ॥
દશવૈકાલિક અંગથકી સાખથી તનુ સ્થિરતાને તંત ॥ સ૦ ॥
૧૦ ॥ લઘુ સૂક્ષ્મ સચિત રજાદિનો, વારણ દુર્ખમ વદ ॥ દેખી

પુજે રે મુનિવર તેહથી, એ પૂરવ મુનિ વટ ॥ સ૦ ॥ ૧૧ ॥ પુદગલ ખવ મહણ નિરેવણા, દ્રવ્યે જયણા તાસ ॥ ભાવે આતમ પરિણતિ નવ નવી મહતા સમિતિ પ્રકાશ ॥ સ૦ ॥ ૧૨ ॥ બાધકભાવ અહેરપણે તજે સાધક લે ગતનાન ॥ પૂરન ગુણરક્ષક પોષકપણે, નિપજ તે શિવમાર્ગ ॥ સ૦ ॥ ૧૩ ॥ સયમશ્રેણે રે ગયન્તા મુનિ, હરે કર્મ કલંક ॥ ધરતા સમતા રસ એકતતા, તત્ત્વરમણિ નિશંક ॥ સ૦ ॥ ૧૪ ॥ જગ ઉપગારી રે તારક ભવ્યના લાયક પર્માનંદ ॥ દેવચંદ એહવા તે મુનિરાજ ॥ વંદે પય અરવિંદ ॥ સ૦ ॥ ૧૫ ॥ ઇતિ ॥

॥અથ પંચમ પારિઠ્ઠાવણીયા સમિતિ સજ્ઝાય પ્રારંભ ॥

॥ ચેતન ચેતજો રે ॥ એ દેશી ॥ પંચમી સમિતિ કહિ અતિ સુંદર રે, પારિઠ્ઠાવણીયા નામ ॥ પરમ અહિંસક ધર્મ વધારણી, મૃદુ કરૂણા પરિણામ ॥ મુનિવર સેવજો રે ॥ સમિતિ સદા સુખદાય, ચિ તાભાવે સંયમ સોહાય, ધરે નિર્મલ સવર થાય ॥ મુ૦ ॥ એ આંકણી ॥ ૧ ॥ દેહનેહથી ચંચલતા વધે રે, વિકસે દુષ્ટ કષાય ॥ તિણ તનુરાગ ધ્યાને રમેજી જ્ઞાનચરણ સુખદાય ॥ મુ૦ ॥ ૨ ॥ જીહાં શરીર તિહાં મલ ઉપજે રે તેહ તણો પરિવાર ॥ કરે જંતુ સ્થિર અણહુલ્યારે સકલ દુગંછા વાર ॥ મુ૦ ॥ ૩ ॥ સયમ બાધક આતમવિરાધના રે આણા ઘાતક જાણિ ॥ ઉપાધિ અશન શિષ્યાદિક પરઠવે રે, આયતિ લાભ પિછાણ ॥ મુ૦ ॥ ૪ ॥ વધ્યા આહારે તપીયા પરઠવે રે નિજ કોઠે અપ્રમાદ ॥ દહ અરાગી ભાત અવ્યાપતા રે, ધીનો ભોગ અપવાદ ॥ મુ૦ ॥ ૫ ॥ સલોકાદિક દૂષણ પરહરી રે, નહિ રાગ ને દ્વેષ ॥ આગમરીતે પરઠવણી કરે, સાધનહેતુ વિશેષ ॥ મુ૦ ॥ ૬ ॥ ઉપાતીત આહારની ક્ષમીરે, જિનકલ્પાદિ મુનીશ ॥ તેહને પરઠવણા એક મનતણી

ે, તેહ અલ્પ વધિ દીસ ॥ સુ૦ ॥ ૭ ॥ રાત્રે પ્રશ્રવણાદિક પરઠવે રે, નિધિકૃત મંડલ ઠામ ॥ થિવિરકલ્પિનો પ્રતિ અપવાદ છે રે, જ્ઞાનાદિક નહિ કામ ॥ સુ૦ ॥ ૮ ॥ નવિ એ દ્રવ્યથી ભાવે રે આતમ જે પરિણામ ॥ દ્વેષ નિવારી માધ્યસ્થવિની છે, સર્વવિભાવ વિરામ ॥ સુ૦ ॥ ૯ ॥ અંતરંગ નિવૃત્તિગામી રે છે, પરિહરતા પરભાવ ॥ કાર્ય સમિતિ પરિણામ ભાવ ભલી રહે રે, મુનિનો એહ સ્વભાવ ॥ સુ૦ ॥ ૧૦ ॥ સમિતિ સમતા પરિણામથી રે ક્ષમાદિક ગુણ ॥ સંયમ પાલન સંયમ ધારતા છે, દશ ગુણ ધાર ॥ સુ૦ ॥ ૧૧ ॥ સાધ્ય શ્રી નિજતત્વે તન્મયા છે, નિર્મલ નિમય ॥ પૂર્ણ ક્રિયા દ્રવ્ય ભાવ અનંત છે રે, મુનિ અનુભવ સુખ થાય ॥ સુ૦ ॥ ૧૨ ॥ આજ્ઞાઇતથ આનાણી વસી છે, નિશ્ચય નિરહ ચિત્ત ॥ સદ્દ્રવ્યહના નિર્ગ્રંથ જે, તે માટે ગુરુતત્વ ॥ સુ૦ ॥ ૧૩ ॥ ઇતિ ॥

॥ અથ ષષ્ઠ મનોગુપ્તિ સજ્ઝાય પ્રારભ્યતે ॥

વૈરાગી થયો રે ॥ એ દેશી ॥ મુનિ મન વશ કરો રે ॥ મન એ આશ્રવ ગેહો ॥ મમતાને તો ઋષિ મનથી રે, ટાલ્યા ચતિવર તેહો છે ॥ સુ૦ ॥ ૧ ॥ પ્રવચન ગુપ્તિ તે કહ્યું રે, ગુણ શોભનપતિ પ્રધાન ॥ આ ત્રિકરણ ક્ષેમ એ છે, એક જ્ઞાન નિધાનો રે ॥ સુ૦ ॥ ૨ ॥ ગુપ્તિ પ્રથમ એ સાધુને છે ધર્મશુક્લનો કંદ ॥ વસ્તુ ધર્મચિંતન રમ્યા રે સાધ્યે પૂર્ણાનંદ રે ॥ સુ૦ ॥ ૩ ॥ યોગ તે પુદ્ગલ જોગ છે, પાચે અભિનવ કર્મ ॥ યોગવાને કંપના રે, નવિ એ આતમ ધર્મ ॥ સુ૦ ॥ ૪ ॥ વીર્ય ચપલ પરસંગમી રે, એહ ન સાધક પક્ષ ॥ જ્ઞાન ચરણ સહકારના છે ધરતા રે મન લક્ષ છે ॥ સુ૦ ॥ ૫ ॥ અવિકલ્પક ગુણ સાધુના રે, ધ્યાનીને ન સુહાય ॥ નિર્વિકલ્પ અનુભવ

ગમી રે આત્માનંદી થાયો રે ॥ મુ૦ ॥ ૬ ॥ રત્નત્રયની એકતા રે, એહ અમલ વ્યવહાર ॥ ત્રિગુણ વીર્ય એકત્વતા રે, નિર્મલ આત્માચારો રે ॥ મુ૦ ॥ ૭ ॥ શુક્લ ધ્યાન શ્રુતાવલંબની રે એ પણ સાધન દાવ ॥ વસ્તુ ધર્મ ઉત્સર્ગમે, ગુણગુણી એક સુભાવો રે ॥ મુ૦ ॥ ૮ ॥ પરસહાય ગુણવર્ત્તના રે, વસ્તુ ધર્મ ન કહાય ॥ સાધ્યરસી તો કિમ ગ્રહે રે, સાધુ ચિત્ત સહાયો રે ॥ મુ૦ ॥ ૯ ॥ આત્મરુચિ આત્માલયી રે, ધ્યાતા તત્ત્વ અનંત ॥ સ્યાદ્વાદજ્ઞાની મુનિ રે, તત્ત્વરમણ ઉપશાંતો રે ॥ મુ૦ ॥ ૧૦ ॥ નવિ અપવાદ રુચિ કદા રે, શિવ રસિયા અણગાર ॥ શક્તિ યથાગમ સેવતા રે, નિંદે કર્મ પ્રચારો રે ॥ મુ૦ ॥ ૧૧ ॥ શુદ્ધસિદ્ધ નિજ તત્ત્વતા રે, પૂર્ણાનંદ સમાજ ॥ દેવચંદ્ર પર સાધતા રે, નમિયે તે મુનિરાજો રે ॥ મુ૦ ॥ ૧૨ ॥ ઇતિ ॥

॥ અથ સપ્તમ વચનગુપ્તિ સજ્ઝાય પ્રારંભ ॥

॥ સમિતિ ગ । એ દીલમે ધરો ॥ એ દેશી ॥ અથવા હમીરિયાની દેશી ॥ વચનગુપ્તિ સૂધી ધરો, વચન તે કર્મ સહાય ॥ સલૂણા ॥ ઉદયાશ્રિત જે ચેતના, નાવે તેહ અપાય ॥ સ૦ ॥ વચન ગુપ્તિ સૂધી ધરો ॥ ૧ ॥ એ આંકણી ॥ વચન અગોચર આતમા, સિદ્ધ તે વચનાતીત ॥ સ૦ ॥ સત્તા અસ્તિસ્વભાવમે, ભાષક ભાવ અતીત ॥ સ૦ ॥ વ૦ ॥ ૨ ॥ અનુભવ રસ આસ્વાદતા, કરતા આતમ ધ્યાન ॥ સ૦ ॥ વચન તે બાધક ભાવ છે, ન વદે મુનિ અજ્ઞાન ॥ સ૦ ॥ વ૦ ॥ ૩ ॥ વચનાશ્રવ પલટાયવા, મુનિ સાધે સ્વાધ્યાય ॥ સ૦ ॥ તેહ સર્વથા ગોપવો પરમમહારસ થાય ॥ સ૦ ॥ વ૦ ॥ ૪ ॥ ભાષા પુદ્ગલ વર્ગણા, ગ્રહણ નિસર્ગ ઉપાધિ ॥ સ૦ ॥ કરતા આતમ વીર્યને, શાને પ્રેરે સાધ ॥ સ૦ ॥ વ૦ ॥ ૫ ॥ યાવત્ વીર્ય

ચેતના, આતમ ગુણ સંપત્ત ॥ સ૦ ॥ તાવત સરવે નિર્જરા, આશ્રવપર આયાત ॥ સ૦ ॥ વ૦ ॥ ૬॥ ઇમ જાણી થિરરસ વમી, ન કરે ચપલીમ વ ॥ સ૦ ॥ આત્માનંદ આરાધતા, આજ્ઞાથી નિર્ગ્રંથ ॥ સ૦ ॥ વ૦ ॥ ૭ ॥ સાધ્ય શુદ્ધ પરમાતમા, તસુ સાધન ઉત્સર્ગ ॥ સ૦ ॥ બાર ભેદ તપ દ્વિવિધે, સકલ શ્રેષ્ઠ વ્યુત્સર્ગ ॥ સ૦ ॥વ૦॥ ૮ ॥ સમકિતગુણઠાણે કર્યો, સાધ્ય અયોગી ભાવ ॥ સ૦ ॥ ઉપાદાનતા તેહની, ગુપ્તિરૂપ સ્થિરભાવ ॥ સ૦ ॥ વ૦ ॥ ૯॥ ગુપ્તિ રૂચિ ગુપ્તે રમ્યા, કારણ સમિતિ પ્રપંચ ॥ સ૦ ॥ કરતા નિરાગતા વહતા, ગ્રહે તત્વ ગુણસંચ ॥ સ૦॥વ૦॥ ૧૦॥ અપવાદે ઉત્સર્ગની, દ્રષ્ટિ ન ચૂકે જેહ ॥ સ૦ ॥ પ્રણમે નિત્યપ્રત્યે ભાવશું, દેવચંદ મુનિ તેહ ॥ સ૦॥ વ૦ ॥ ૧૧॥

॥ અથાષ્ટમ કાયગુપ્તિ સજ્ઝાય પ્રારંભ ॥

કુંવના ચોગર પ્રભુજીને ગિરૂ ચઢ ॥ એ દેશી ॥ ગુપ્તિ સંભારો રે ત્રીજી મુનિવરૂ, જેહથી પરમ આનંદોજી ॥ મોહ દસે ઘન ઘાતિ પરગલે, પ્રગટે જ્ઞાન અમંદોજી ॥ ગુ૦ ॥ ૧ ॥ કરીય શુભ અશુભ ભાવજે જે છે, નિજ તજી તન વ્યાપારોજી ॥ ચંચલ ભાવ તે આશ્રવ મૂલ છે, જીવ અચલ અવિકારોજી ॥ ગુ૦ ॥ ૨॥ ઇંદ્રિય વિષય સકલનું દ્વાર એ, બંધહેતુ દઢ એહોજી ॥ અભિનવ કર્મ ગ્રહે તનુયોગથી, તિણ થિર કરીયે દેહોજી ॥ ગુ૦ ॥૩॥ આતમવીર્ય ફુરે પરસંગ જે, તે કહીયે તનુયોગોજી ॥ ચેતન સત્તાએ પરમ અયોગી છે, નિર્મલ થિર ઉપયોગોજી ॥ ગુ૦ ॥ ૪॥ જાવત કંપન તાવત બંધ છે, ભાખ્યું ભગવઈ અંગેજી ॥ તે માટે ધ્રુવ તત્વરંગમેં રમે, સાહજ ધ્યાન પ્રસંગોજી ॥ ગુ૦ ॥ ૫ ॥ વીર્ય સહાયી રે આતમ ધર્મનો, અચલ સહજ અપ્રયાસોજી ॥ તે પરભાવ સહાયી, કિમ કરે, મુનિવર ગુણ આવાસોજી ॥ ગુ૦ ॥

ર્યા ॥ ખંતિ મુક્તિ મુક્તિ અકિંચની; શૌચ બ્રહ્મ ધર ધીંગજી ॥ વિષય [illegible] નિગ્રહ સૈન્ય નિદારના, વીર પરમ શૌંડીરાજી ॥ ગુ૦ ॥ ૯ ॥ કર્મ પડલ દલ દલન કરવા [illegible]સી, આતમરૂદ્ધિ સમૃદ્ધિધીજી ॥ દેવચંદજિન આ[illegible] પાલતાં, નંદ ગુરુગુણ વૃંદજી ॥ ગુ૦ ॥ ૮ ॥ ઇતિ ॥

॥ અથ કાઉસ્સગના ૧૯ દોષની સજ્ઝાય ॥

[illegible] ની અરિહંત, પ્રણમી સદ્ગુરુ ગુણ મહંત; જોગાની [illegible] તણા બોલુ શ્રુતઅનુસારે મુણી [illegible] ॥ ૧ ॥ [illegible] કહ્યો એહ, વાંકો પગ રાખે વળી જેહ, [illegible] સુણો, દોલ હલાવે તે અંતી ઘણો ॥ ૨ ॥ [illegible] જે, વળ [illegible] તે [illegible] કહે, આલંબ [illegible] મસ્તક [illegible]કાનો રહે જેહ ॥ ૩ ॥ [illegible] મસ્તી રહે, ઉધિ દોષ પંચમ તે લહે, બેહુ [illegible] નમાવે [illegible] દોષ કહ્યો [illegible] ॥ ૪ ॥ [illegible] રાખ [illegible], સતમો દોષ કહ્યો [illegible]; ધર્મો [illegible] તેને પણ કહે ॥ ૫ ॥ [illegible] આઠમ તે ભણ; [illegible] નવમો તે લહ ॥ ૬ ॥ લડગડતું [illegible] થરથર [illegible] ॥ ૭ ॥ [illegible] સવી દેહ, [illegible] માંડિ ચાલો કર અતિ ઘણો, ભમુહ [illegible] ॥ ૮ ॥ [illegible] ગુલી [illegible] તે [illegible] દોષ [illegible] કોડી રહે, કપીઠ દોષ સોળસમો લહે ॥ ૯ ॥ મસ્તક ધુણાવે અતિ ઘણું તે શીર કંપ સત્તરમો સુણો, મદિરા [illegible] પર જે બુડબુડે, વારૂણિ દોષ અઢારમો ચડે

॥ ૧૦ ॥ સુગાની પેરે હું હું કરે, મુક દોષ આગળીસમો ધરે; ત્રીણ દોષ એ માહે ટળે, સોળદોષ સાંપ્રતીને મળે ॥ ૧૧ ॥ લઘુત્તર (૧) થલુને સયતિ, દોષ અઢ બોલ્યા જિન પતિ; અઢ દોષ ચોથી જમ ટળે, પદર દોષ શ્રાવિન મીલે ॥ ૧૨ ॥ કાઉસ્સગ્ગથી સમતા સુખ થાય, કાઠીન કર્મ કોડો પુલાય; કાઉસ્સગ્ગ કરતા ગીન સુખ હોય, કાઉસ્સગ્ગ મમતા પદ કહીએ કોય ॥ ૧૩ ॥ દોષ રહીત કાઉસ્સગ્ગ કીજીએ, તો સહેજે શીવફળ લીજીએ, ધીર વિમળ પંડિતનો શિષ્ય, કવિ નય વિમળ ભણે સુ જગીશ ॥ ૧૪ ॥

॥ અથ એકાદશવ્રતે દ્વાદશ ધ્વજ પૂજા પ્રારંભ.॥

દોહા ॥ પડહ વજાવિ અમારિનો, ધ્વજ બાંધો શુભ ધ્યાન; પોસહ વ્રત આરાધને, નિજ પૂજા સુવિધાન ॥ ૧ ॥ ઢાલ ॥ નાગોરી નાગીરે મોરું શિર બારીઓ, એ દેશી ॥ પ્રભુ પડિમા પૂજીને પોસહ કરિયે રે વાતને નિસારીરે વિકથા ચારની, પ્રાયે સુગતિ સાધે પર્વ નિમેરે ધર્મની છાયારે તરુ સહકારની; શીતલ નહી છાયારે બાવળ મમારની, હુંડી છે માયારે બાજી સંસાર ની, કાયા નાશરે ઉંબર ઘારની સાચી એમ માંયારે જિન આગમની ॥ ૨ ॥ એ આંકણી ॥ આગી ભાવ દેશ થકી જે પોસહરે, એમ ભાખ્યુ કહ્યુ રે શ્રી સિદ્ધાંતમે, નિજ ઘર જઈને જગત મગળ બોલી કે, ભોજન મુખ પૂછીરે શબ્દ વિના જમે ॥ શીતળ૦ ॥ હુ૦ ॥ કા૦ ॥ સાચી૦ ॥ ૨ ॥ ગર્વથી આઠ પહોરનો ચઉવિહારે મથાગે નિશિરે કંબલ કાળનો; પાચે પરવી ગૌતમ ગણધર બોલ્યારે, પૂરન આઠ તીસ ગુણું છે લાભનો ॥ શી૦ ॥ હુ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ૩ ॥ કાર્તિક શેઠે પામ્યો હરિ અવતારરે, શ્રાવક દશ વીશ વરસે સ્વર્ગે ગયા.

ત્રેત કુમાર વિરાધક ભાવને પામ્યો રે, દેવ કુમાર વ્રતરે આરાધક થયા ॥ શી૦ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ૪ ॥ પણ અતિચાર તજી જિનજી વ્રત પાળુ રે, તારક નામ સાચુ રે જો મુજ તારશો, નામ ધરાવો નિર્યામક જો નાથ રે, ભવોદધિ પારરે તો ઉતારશો ॥ શી૦ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ॥ ॥ ૫ ॥ સુલસાદિક નવ જાણુને જિનપદ દીધારે, કર્મે તે વેધારે વસિયો વેગળોદ્ર શાસન દીઠુ ને વળી લાગ્યુ મીઠુ રે, આશાભર આવ્યો રે સ્વામી એકલો ॥ શી૦॥ કૂ૦॥ કા૦॥ સા૦॥ ૬ ॥ દાયક નામ ધરાવો તો સુખ આપોરે, સુરતરૂની આગે રે શી બહુ માગણી ॥ શ્રી શુભવીર પ્રભુજી મોઘે કાલેરે દિયતા દાન રે નાબાશી ઘણી ॥ શી૦ ॥ કૂ૦ ॥ કા૦ ॥ સા૦ ૭ ॥

-ᘛᘚ-

પોષધ વિધિ

પોસહ કરવાને ઇચ્છનારે પ્રભાતમા વહેલા ઊઠીને રાઈ પડિકમણુ જરૂર કરવુ જોઇએ. વિધિ ॥ જાણુ આનેમ તો પડિલેહણ અને દેવવન્દન પણ તે સાથેજ કરે છે. ત્યાર પછી જિન મંદિરની જોગવાઇ હોય તો જિન પૂજા કરીને પછી ઉપાશ્રયે આવી ગુરુ સમક્ષ પોસહ ઊચ્ચરવો. તેમા પ્રથમ પડિલેહણ ન કરનારે આ પ્રમાણે વિધિ કરવી —

પ્રથમ ખમાસમણ દઈ, ઇરિયાવહિ પડિક્કમિ પ્રગટ લોગસ્સ કહેવા. પછી ખમાસમણાઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! પોસહ મુહપત્તી પડિલેહુ ? એમ બોલી, ગુરુ આદેશ આપે

એટલે 'ઇચ્છં' કહીને મુહપત્તિ પડી લેહવી પછી [1]ખમા૦ [2]ઇચ્છા૦ પોસહ સંદિસાહું ? ઇચ્છં. ખમા૦, ઇચ્છા૦ પોસહ ઠાઉં ? પછી ઇચ્છં કહી બે હાથ જોડી નવકાર ગણી, ઇચ્છકારી ભગવન્-પસાય કરી પોસહ દંડક ઊચ્ચરાવોજી કહેવું એટલે ગુરુ પોસહની કરેમિભંતે નીચે પ્રમાણે ઉચ્ચરાવે

करेमिभते पोसह, आहार पोसह देसओ सव्वओ ।
सरीर सक्कार पोसह सव्वओ । बंभचेर पोसह सव्वओ ।
अव्वावार पोसह सव्वओ । चउव्विहे पोसह ठामि ।
जाव दिवस ([3]अहोरत्त) पज्जुवासामि । दुविह तिविहेण ।
मणेण वायाए काएण । नकरेमि नकारवेमि ।
तस्स भंते पडिक्कमामि निंदामि गरिहामि अप्पाण वोसिरामि॥

અર્થ—હે ભગવાન હે કલ્યાણ કારક ! આગીઆરમા પૌષધ વ્રતને અથવા જે ધર્મની પુષ્ટિ કરે તેને પૌષધ કહીએ તે પૌષધ હું કરૂં છું, એટલે અષ્ટમી, ચતુર્દશી પ્રમુખ દિનમાને વિષે જે પાપનો નિયમ કરવો તે ચાર પ્રકારે છે. પેહેલો આ-

---

૧ ખમા૦ ખમાસમણ દેવું.
૨ ઇચ્છા૦ ઇચ્છાકારેણ સંદિસહ ભગવાન્ કહેવું
૩ ચાર પહોરનો દિવસો કરનારને માટે જાવ દિવસ કહેવું, આઠ પહોરનો કરનારને માટે 'જાવ અહોરત્ત' કહેવું, રાત્રીના ચાર પહોરવાળાને 'જાવ શેષ દિવસ રત્ત' કહેવું અને દિવસનો ચાર પહોરનો કરનારજ રાત્રીનો ચાર પહોરનો પણ કરે તો કોટી સહિત છે માટે 'જાવ અહોરત્ત' કહેવું

શનાદિક આહાર નિષેધ તે દેશથી (તિવિહાર ઉપવાસ, આ-
યબિલ,-નિવિ, એકાસણા સહિત કરવો તે) અને સર્વથી (ચા-
રે આહાર અશન પાન ખાદિમ સ્વાદિમનો સર્વથા ત્યાગ કર-
વો તે) બે પ્રકારે જાણવો. શરીરના સ્નાન, ઉદ્વર્તન, વિલેપ-
નાદિક તથા વસ્ત્રાભરણાદિકે શોભાનો નિયમ તથા નખકેશ
રોમનું સમારવું, તેલ ચોપડવું, પાઠી કરવી ઇત્યાદિ શરીર સ-
ત્કારના મનથી નિષેધ એ પોસહનો બીજો ભેદ જાણવો. સર્વ
પ્રકારે સ્ત્રી સેવન નહીં કરવું તે બ્રહ્મચર્ય નામે પોસહનો ત્રીજો ભેદ
જાણવો. ખેતી, સેવા, વાણિજ્ય, પશુપાલન, ગૃહકર્મ પ્રમુખના
જે વ્યાપાર તેનો સર્વથા નિષેધ તે અવ્યાપાર નામે ચોથો
ભેદ જાણવો. એ ચાર પ્રકારના પોસહ હું અંગીકાર કરૂં છું જ્યાં
સુધી દિવસ પ્રત્યે ક્રમજ છે ત્યાંસુધી ચાર પહોરનો અથવા
દિવસ રાત્રી મળી આઠ પહોરનો પોસો હું સેવું ત્યાં સુધી
અને થોડો દિવસ હોય ત્યારે રાત્રી પોસહ લેતાં ' જાવ દિવસ
સત્ત પજ્જુવાસામિ ' કહે એટલે જ્યાં સુધી થોડો દિવસ હોય
ત્યાંથી બીજે દિવસે આખી રાત સુધી પાળું બે પ્રકારે અને ત્રણ જોગ
વડે એટલે મન, વચન, કાયા એ કરી એ ચારે આગાર ... પણાને
હું ન કરૂં, બીજા પાસે ન કરાવું તે ભગવાન પાપ થકી
નિવર્તું છું પાપ મનથી પડિક્કમું છું, આત્મા સાખે નિંદુ છું,
ગુરૂ સાખે ગરહું છું અને મારા આત્માને પાપ થકી વોસિરાવું છું.
પછી ખમાસમણ દઈ ઇચ્છા૦ સામાયિક મુહપત્તિ પડિલેહું ?
ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહીને ખમા૦ ઇચ્છા૦ સામાયિક
સંદિસાહું ? ઇચ્છં ખમા૦ ઇચ્છા૦ સામાયિક ઠાઉં ? ઇચ્છં કહી
બે હાથ જોડી નવકાર ગણી, ઇચ્છકારી ભગવન પસાય કરી
સામાયિક દંડક ઉચ્ચરાવોજી, ગુરૂ ' કરેમિભંતે સામાઇયં'નો
પાઠ કહે તેમાં એટલું વિશેષ જે જાવનિયમં ને ઠેકાણે જાવપોસહં
કહેવું પછી ખમા૦ ઇચ્છા૦ બેસણે સંદિસાહું ? ઇચ્છં ખમા૦
ઇચ્છા૦ બેસણે ઠાઉં ? ઇચ્છં. ખમા૦ ઇચ્છા૦ સજ્ઝાય સંદિસાહું ?

ઇચ્છં, ખમા૦ ઇચ્છા૦ સજ્ઝાય કરૂં ? ઇચ્છં કહી, ત્રણ નવકાર ગણવા પછી ખમા૦ ઇચ્છા૦ બહુવેળ સંદિસાહું ? ઇચ્છં, ખમા૦ ઇચ્છા૦ બહુવેળ કરશું ઇચ્છં, ખમા૦ ઇચ્છા૦ પડિલેહણ કરૂં ? ઇચ્છં કહીને મુહપત્તિ વિગેરે પાચ વાના પડિલેહવા. ([1]મુહપત્તિ ૫૦ બોલથી, ચરવળો ૧૦ બોલથી કટાસણું ૨૫ બોલથી, સંથારો કંદોરો ૧૦ બોલથી અને ધોતીયુ ૨૫ બોલથી પડિલેહવું) પછી ખમાસમણ દઇ, ઇચ્છકારી ભગવન પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી એમ કહી વડીલનું અણ પડિલેહ્યું એક વસ્ત્ર (ઉત્તરાસન) પડિલેહવું પછી ખમા૦ ઇચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવા પછી ખમા૦ ઇચ્છા૦ ઉપધિ સંદિસાહું ? ઇચ્છં ખમા૦ ઇચ્છા૦ ઉપધિ પડિલેહું ? ઇચ્છં કહીને પૂર્વે પડિલેહતા બાકી રહેલા ઉત્તરાસન માત્રુ કરવા જવાનું વસ્ત્ર અને રાત્રી પોસહ કરવો હોય તો કામળી વિગેરે ૨૫ બોલથી પડિલેહવા. પછી એક જણે દંડાસણ જાચી લેવું તેને પડિલેહી, ઇરિયાવહી પડિક્કમીને કાજો લેવો કાજો શુધ્ધ કરીને એકાંતે[3] તપાસીને ત્યાગ સ્થાપનાચાર્યના સન્મુખ ઊભા રહીને ઇરિયાવહી પડિક્કમવા પછી કાજો ત્યાં પરઠવીને અણુજાણહ જસ્સુગ્ગો કહીને

---

૧ મુહપત્તિના ૨૦ બોલ પાછળ લખ્યા છે બોલ આવડતા ન હોય તો તે ૫૦ બોલના મનમાં ચિંતવવા.

૨ પોસહમાં જ્યારે પહેલા કાજો લે ત્યારે માત્રુ જોઇએ તે ઢાંકી, પડિલેહી, પાછો આવી તે સ્થાનના ઇરિયાવહી તેજ વખત પડિક્કમવા. [બન્ને ટંકની પડિલેહણામાં સમજવું]

૩ કાજામાં સચિત્ત, એકેંદ્રી નિકળે તો ગુરુ પાસે આલોયણ લેવી ત્રસ જીવ નિકળે તો યતના કરવી.

પરઠવવો. પરઠવ્યા પછી ત્રણવાર વોસિરે કહેવું પછી મૂળસ્થાનકે આવી સૌ સાથે દેવ વાંદે અને સજઝાય કરે.

કેટલીએક વખત પોસહ લીધા અગાઉ પડિલેહણ કરવામાં આવે છે તો તેની વિધિ આ પ્રમાણે —

पडिलेहणनी विधि.

પ્રથમ ઇરિયાવહી પડિક્કમીને ખમાસમણ દઇ ઇચ્છા૦ પડિલેહણ કરૂં ? ઇચ્છં કહી મુહપત્તિ, કટાસણું, ચરવળો તથા સઘળા વસ્ત્રની એક સાથે પૂર્વે કહ્યા તેટલા બોલથી પડિલેહણ કરે પછી કટાસણ જાચી, પડિલેહી,[1] કાજો લઇ, શુદ્ધ કરી, ત્યાંજ ઇરિયાવહી પડિક્કમીને વિધિ પૂર્વક પરઠવવો, અને ત્યાર પછી પૂર્વોક્ત વિધિએ પોસહ લેવો, પણ તેમાં પડિલેહણ ન કરવી અને કાજો ન લેવો, છેવટે વિધિ કરતાં જે કાંઇ અવિધિ થઇ હોય તેનો મિચ્છામિદુક્કડ દઇને દેવ વાંદવા અને સજ્ઝાય કરવી.

પ્રથમ જણાવ્યા પ્રમાણે પ્રાત કાળે રાઇ પડિક્કમણું કરવું જ જોઇએ પણ કોઇનાથી બની શકયું ન હોયતો તેણે પડિલેહણ કરી, પોસહ લઇને દેવ વાંદ્યા અગાઉ પ્રતિક્રમણ કરવું. તેમાં પ્રથમ ઇરિયાવહી પડિક્કમીને (મુહપત્તિ પડિલેહણા વિગેરે ક્રિયા કર્યા વિના) ખમાસમણ દઇ, આદેશ માગીને, કુસુમિણ દુસુમિણનો કાઉસ્સગ્ગ કરવો, અને આગળ સાતલાખ અઢાર પાપસ્થાનકને બદલે ઇચ્છા૦ ગમણાગમણે આલોઉં ? ઇચ્છં કહીને ગમણાગમણે કહેવા

---

૧ પ્રથમ પડિલેહણ કરનારે કાજો લીધા અગાઉ અહીં ઇરિયાવહી ન પડિક્કમવા

गमणा गमणे.

इर्या समिति, भाषा समिति, एषणा समिति, आदान भंड मत निखेवणा समिति, पारिष्ठापनिका समिति, मन गुप्ति, वचन गुप्ति, काय गुप्ति ए पाच समिति, त्रण गुप्ति. आठ प्रवचन माता, श्रावक तणे धर्मे, सामायक पोसह लीधे, रुडीपरे पाली नही, खंडन विराधना थई होय, ते मवी हु मन वचन कायाए करी मिच्छामिदुक्कड ॥

અર્થ —ધોસરા પ્રમાણ દ્રષ્ટીએ જોતા ચાલે અધળી દિશ૦ ઉપયોગ રાખે તે સર્વથા માનવ વચન ન બોલે બેતાળીસ દોષ ટાળી માડલાના પાચ દોષ રહીત આહાર લે. દ્રષ્ટિએ જોઇ પૃછ કાઇ ચીજ લે મુકે પેસાબ, ઝાડા દ્રષ્ટિએ જોઇ પુછને 'અણુજાણહ જસગો' કહીને પરઠને પરઠવ્યા પછી ત્રણવાર વોસિરે કહે પાપ વ્યાપારથી મનને ગોપની રાખવુ તે. સાવદ્ય વચન બોલનાથી વચનને ગોપવવુ તે સાવદ્ય વ્યાપારમા પ્રવર્તતા કાયાને રોકવી તે.

છેવટે ભગવાનાદ વદન કર્યા અગાઉ ખમા૦ ઇચ્છા૦ બહુવેળ સદિસાહુ ? ઇચ્છ. ખમા૦ ઇચ્છા૦ બહુવેળ કરશુ ? ઇચ્છ. કહી ભગવાનાદિ વાદીને અઢ્ઢાઇજ્જેસુ કહેવુ. અહી સુધીની વિધિ કરવી

ત્યાર પછી ગૌની સાથે દેવ વાદના તેની વિધિ આ પ્રમાણે —

देववांदवानी विधि

પ્રથમ ખમાસમણુ દઈ, ઇરિયાવહી પડિક્કમી, લોગસ્સ કહી, ઉત્તરાસણ નાખીને ખમા૦ ઇચ્છા૦ ચૈત્યવદન કરૂ ? ઇચ્છ કહી ચૈત્યવદન કરી નમુથ્થુણ અને જયવિયરાય (આ ભ-

ચમખંડા સુધી) કહી ખમા૦ દઇ ચૈત્યવંદન કરી નમુત્થુણં કહી યાવત્ ચાર થોયો કહેવી. વળી નમુત્થુણં કહીને બીજીવાર ચાર થોયો કહેવી. પછી નમુત્થુણં કહી બે જાવંતી કહી સ્તવન (ઉવસગ્ગહર અથવા બીજુ) કહેવું અને જયવીય-રાય અરધા (આભવમખંડા સુધી) કહેવા. પછી ખમા૦ દ-ઇ ચૈત્યવંદન કરી, નમુત્થુણં કહીને જયવીયરાય સંપૂર્ણ કહેવા ત્યારપછી વિધિ કરતા અવિધિ થઇ હોય તેનો મિચ્છામિ-દુક્કડં દઇને પ્રભાત ॥ દેવવંદનમાં છેવટે સજ્ઝાય કહેવી. (બ-પોરે તથા સાંજે ન કહેવી) તે સજ્ઝાયને માટે એક ખમા૦ દઇ ઇચ્છા૦ સજ્ઝાય કરૂં ? ઇચ્છં કહી નવકાર ગણીને ઉત્ક-ટક પગે બેસી એક જણ મન્હજિણાણં ની સજ્ઝાય કહે.

श्री मन्ह जिणाणनी सज्झाय

मन्ह जिणाण आण, मिच्छं परिहरह धर सम्मत्तं ॥
छव्विह आवस्सयम्मि, उज्जुत्तो होइ पइदिवसं ॥ १ ॥
पव्वेसु पोसहवय दाण सील तवो अ भावो अ ॥
सज्झाय नमुक्कारो, परोवयारो अ जयणा अ ॥ २ ॥
जिणपूआ जिणथुणणं, गुरुथुअ साहम्मिआण वच्छल्लं ॥
ववहारस्स य सुद्धी, रहजत्ता तित्थजत्ता य ॥ ३ ॥
उवसम विवेक संवर, भासासमिइ छजीव करुणाय ॥
धम्मिअ जण संसग्गो करणदमो चरण परिणामो ॥ ४ ॥
संघोवरि बहुमाणो, पुत्थय लिहण पभावणा तित्थे ॥
सड्ढाण किच्चमेअं, निच्चं सुगुरुवएसेणं ॥ ५ ॥

અર્થ –શ્રી જિનેશ્વરની આજ્ઞા તેને માનવી, તથા મિથ્યાત્વનો પરિહાર કરવો એટલે ત્યાગ કરવો, અને સમકિતને ધરવો એટ-

લે ધારણ કરવો ષડ્વિધ એટલે સામાયિકાદિક છ પ્રકારના આવશ્યકને વિષે પ્રતિદિવસ ઉદ્યુક્ત એટલે ઉદ્યમવંત હોય એટલે હોવો ॥ ૨ ॥

ચતુર્દશી આદિક પર્વોના દિવસોને વિષે પોષધવ્રત કરવું અને સુપાત્ર દાન દેવું, શીલ પાળવું, તપ કરવું વળી અનિત્યાદિ ભાવનાઓ ભાવવી વાચનાપૃચ્છનાદિ પાંચ પ્રકારનો સ્વાધ્યાય કરવો નમસ્કારનો પાઠ કરવો પરોપકાર કરવો, વળી જયણા રાખવી એટલે યત્નાએ પ્રવર્તવું ॥ ૨ ॥

શ્રી જિનેન્દ્રની સ્તુતિ કરવી, ગુરુની સ્તુતિ કરવી અને સાધર્મિઓની વાત્સલ્યતા કરવી, એ વ્યવહારની શુદ્ધિ તેમ રથયાત્રા અને તીર્થયાત્રાના ઉત્સવ કરવા ॥ ૩ ॥

ઉપશમ એટલે ક્ષમા ધારણ કરવી તથા વિવેક અને સંવરભાવ રાખવો ભાષાસમિતિ અને પૃથ્વીકાયાદિક છ પ્રકારનો છજીવનિકાય તેમના ઉપર કરુણા એટલે દયા રાખવી, રક્ષા કરવી તથા ધાર્મિક જનોની સાથે સંસર્ગ કરવો, તથા રસનાદિક પાંચ ઇંદ્રિયો તેનું દમવું, દમન કરવું અને ચારિત્રના પરિણામ રાખવા ॥ ૪ ॥

ચતુર્વિધ શ્રી સંઘની ઉપર બહુમાન રાખવો એટલે શ્રી સંઘનો બહુમાન કરવો તથા પુસ્તક લખાવવું અને તીર્થમાં પ્રભાવના કરવી શ્રાવકજનોના નિત્ય કરવાના ય કૃત્ય તે એ પ્રકારે એ છ તે સુગુરુના ઉપદેશ કરી જાણી લેવા ॥ ૫ ॥ ઇતિ ॥

હવે છ ઘડી દિવસ ચડયા પછી પોરસી ભણાવવી તેની વિધિ પ્રથમ ખમા૦ ઇચ્છા૦ બહુ પડિપુન્ના પોરિસિ ? કહી બીજું ખમા૦ દઇ ઇરિયાવહી પડિક્કમવા પછી ખમા૦ દઇ ઇચ્છા૦ પડિલેહણ કરૂં ? ઇચ્છં કહીને મુહપત્તિ પડિલેહવી

ત્યારપછી ગુરુ હોય તો તેમની સમક્ષ [1]રાઇ મુહપત્તિ પડિલેહવી તેની વિધિ આ પ્રમાણે —

---

[1] આ વિધિ ગુરુની સમક્ષ રાઇ પ્રતિક્રમણ કર્યું હોય તેને કરવાની નથી

પ્રથમ ખમા૦ દઈ, ઇરિયાવહી પડિક્રમી, ખમા૦ દઈ ઇચ્છા૦ ગ૦ મુહપત્તિ પડીલેહુ ? ઇચ્છા કહી મુહપત્તિ પડિ લેહવી, પછી બે વાદણા દેના, ઇચ્છા૦ રાઇય આળોઉ ? ઇચ્છ કહી તેનો પાઠ કહેવો, પછી સ વસની રાઇય૦ કહીને પન્યાસ હોય તો બે વાદણા દેના, પન્યાસ ન હોયતો એક ખમાસમણ દેવુ પછી ઇચ્છકારી સુહરા૦ કહીને અબ્ભુઠ્ઠિઓહુ ખમાવવુ બે વાદણા દેવા, પછી ઇચ્છકારી ભગવન પસાય કરી પચ્ચખ્ખાણનો આદેશ દેજોજી એમ કહીને પચ્ચખ્ખાણ કરવુ (લેવુ.)

પછી સર્વે મુનિરાજને બે ખમાસમણ, ઇચ્છકા રી તથા અબ્ભુઠ્ઠિઓહુના પાઠ પૂર્વક વદન કરવુ.

ત્યારપછી લઘુશકા કરવા જવા સારૂ કુડી, પુજણી અને અચિત્ત જળની યાચના કરવી

માત્રુ કરવા જનારે અથવા જ્યારે જ્યારે ઉપાશ્રયમાથી બહાર જવુ પડે ત્યારે ત્રણવાર 'આવસ્સહીઇ' કહેવી અને અદર પ્રવેશ કરતા ત્રણવાર 'નિસિહિ' કહેવી

માત્રુ કરવા જનારે પ્રથમ માત્રુ કરવા જવાનુ વસ્ત્ર પહેરી, કુડી જોઇને લેવી તેમા માત્રુ કરીને પરઠવવાની જગ્યાએ પ્રથમ કુડી નીચે મુકી નિર્જીવ ભૂમિ જોઇને अणुज्जाणह जस्सग्गो કહીને માત્રુ પરઠવવુ પરઠવ્યા પછી પાછી કુડી નીચે મુકી, ત્રણવાર वोसिरे કહી, કુડી મૂળ જગ્યાએ મુકી, અચિત્ત જળનડે હાથ ધોઇ વસ્ત્ર બદલી, સ્થાપના સન્મુખ આવવુ અને ખમાસમણ દઈને ઇરિયાવહી પડિક્રમવા

પોસહ લીધા પછી જિનમદિરે દર્શન કરવા જરૂર જવુ જોઇએ, ન જાયતો આલોયણ આવે તેથી કટાસણ જમણે ખભે નાખી, ઉત્તરાસણ કરી, ચરવળો ડાબી કાખમા અને મુહપત્તિ

હાથમાં રાખીને, ઇર્યા સમિતિ શોધતા મુખ્ય જિન મંદિરે જવું. ત્યાં ત્રણવાર નિસિહી કહીને દેરાસરના આવદ્વારમાં પ્રવેશ કરવો. પ્રથમ મૂળનાયકજીની સન્મુખ જઇ દૂરથી પ્રણામ કરીને ત્રણ પ્રદક્ષિણા દેવી પછી રંગમંડપમાં પ્રવેશ કરી દર્શન સ્તુતિ કરીને જો ઉપાશ્રયથી મોકળા ઉપરાંત આવેલ હોય તો ખમા૦ દઇ ઇરિયાવહી પડિક્કમવા પછી ત્રણ ખમાસમણ દઇ ચૈત્યવંદન કરવું પાછા જિનમંદિરમાંથી નિકળતા ત્રણવાર આવસ્સહી કહી ઉપાશ્રયે આવવું ત્યાં ત્રણવાર નિસિહી કહીને પ્રવેશ કરવો અને ઇરિયાવહી પડિક્કમવા.

પછી જો ચોમાસું હોય તો મ'યાહ્નના દેવ વાંદવા અગાઉ બીજીવારનો કાજો લેવો જોઇએ તેને માટે એક જણે ઇરિયાવહિ પડિક્કમીને કાજો લેવો અને તે શુધ્ધ કરીને યોગ્ય સ્થાનકે પરઠવવો.

ત્યારપછી મ'યાહ્નના દેવ વાંદવા (વિધિ પૂર્વવત્)

પછી જેને ચઉવિહાર ઉપવાસ ન હોય તેણે પચ્ચખ્ખાણ પારવું તેની વિધિ આ પ્રમાણે—

पच्चख्खाण पारवानी विधि.

પ્રથમ ખમા૦ દઇ ઇરિયાવહી પડિક્કમવા યાવત્ લોગસ્સ કહી ખમા૦ દઇ, ઇચ્છા૦ ચૈત્યવંદન કરું ? ઇચ્છં કહી જગચિંતામણીનું ચૈત્યવંદન જય વીયરાય સંપૂર્ણ કહેવા સુધી કરવું. (સ્તવન ઉવસગ્ગહરંનું કહેવું) પછી ખમા૦ ઇચ્છા૦ સજ્ઝાય કરું ? ઇચ્છં કહી એક નવકાર ગણીને મન્હજિણાણંની સજ્ઝાય કહેવી પછી ખમા૦ ઇચ્છા૦ મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી પછી ખમા૦ ઇચ્છા૦ પચ્ચખ્ખાણ પારું ? યથા શક્તિ ખમા૦ ઇચ્છા૦ પચ્ચખ્ખાણ પાર્યું તહત્તિ કહી, જમણો હાથ મુઠી વાળીને ચરવળા ઉપર સ્થાપી, એક નવકાર ગણીને જે પચ્ચખ્ખાણ કર્યું હોય તે નામ લઇને નીચે પ્રમાણે પારવું

ને ચરવળો પડિલેહવા, અને જમનારે કંદોરો, ધોતીયું સુધાં પાંચ વાના પડિલેહવા પછી ખમા૦ ઇચ્છકારી ભગવન પસાયકરી પડિલેહણા પડિલેહાવોજી. એમ કહીને વડિલનુ એક વસ્ત્ર પડિલેહવુ પછી ખમા૦ ઇચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહુ ? ઇચ્છ કહી મુહપત્તિ પડિલેહીને, ખમા૦ ઇચ્છા૦ સજ્ઝાય કરૂં ? ઇચ્છ, કહી નવકાર ગણીને મન્હજીણા-ણુની સજ્ઝાય ઉભડક બેસીને કહેવી. પછી ખાધુ હોય તે વાંદણા દઇને પાણહારનુ પચ્ચખ્ખાણ કરે [1]અને તિવિહાર ઉપવાસવાળા ખમા૦ દઇ ઇચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચખ્ખાણનો આદેશ દેશોજી કહી પાણહારનુ પચ્ચખ્ખાણ કરે. (ચોવિહાર ઉપવાસવાળાને તો પચ્ચખ્ખાણ કરવાનુ નથી, પણ પ્રભાતે તિવિહાર ઉપવાસનુ પચ્ચખ્ખાણ લીધુ હોય ને પાણી ન પીધુ હોય તો આ વખતે ચોવિહાર ઉપવાસનુ પચ્ચખાણ કરે.) પછી ખમા૦ ઇચ્છા૦ ઉપધિ, સંદિસાહુ ? ઇચ્છ૦ ખમા૦ ઇચ્છા૦ ઉપધિ પડિલેહુ ? ઇચ્છ કહી પ્રથમ પડિલેહતા બાકી રહેલા વસ્ત્રોની પડિલેહણા કરે. તેમા રાત્રી પોષહ કરનાર પ્રથમ કામળી પડિલેહે પડિલેહણ થઇ રહે એટલે સર્વે ઉપધિ, દંડાસણ આદિ લઇને ઉભા થાય એટલે એક જણ ઇરિયાવહી પડિક્કમી, કાજો લઇ, શુદ્ધ કરી, ઇરિયાવહી પડિક્કમીને વિધિયુક્ત પરઠવે. પછી સર્વે દેવ વાંદે (વિધિ પૂર્વવત).

પછી અવસરે દેવસિ અથવા પાક્ષિકાદિ પ્રતિક્રમણ કરે તેમા પ્રથમ આગળ ઇરિયાવહી પડિક્કમે અને પછી ખમા૦ દઇ

1. જો પાણી વાપરવાની જરૂર જેવું હોય તો મુટ્ઠિસહિઅંનુ પચ્ચખાણ કરે અને પડિલેહણ કર્યા પછી મુઠી વાળી નવ નવકાર ગણીને પાણી વાપરે. તે પાણહારનુ પચ્ચખાણ પડિક્કમણા વખતે કરે, પણ કર્યા પછી પાણી વાપરી શકાય નહી.

ને ચૈત્યવંદન કરે સાતલાખ અઢાર પાપસ્થાનકને બદલે, ઈચ્છા૦ ગમણાગમણે આલોઉં ? ઈચ્છં કહીને ગમણાગમણે આલોવે, કરેમિભંતેને બદલીમાં 'જાવ નિયમ' ને ઠેકાણે 'જાવ પોસહં' કહે.

પ્રતિક્રમણ કરી રહ્યા પછી સામાયક પારવાને બદલે ચાર પહોરના પોસહવાળા પોસહ પારે તેની વિધિ આ પ્રમાણે—

पोसह पारवानी विधि.

ખમા૦ ઈચ્છા૦ ઈરિયા૦ પડિક્કમી, ચઉક્કસાયથી જયવિયરાય પર્યંત કહીને, પ્રથમ યાચેના ડંડાસણ કુંડી, પાણી વિગેરે ગૃહસ્થને પાછાં ભળાવી દેવાં. ખમા૦ ઈચ્છા૦ મુહપત્તિ પડિલેહું ? ઈચ્છં કહી મુહપત્તિ પડિલેહવી, પછી ખમા૦ ઈચ્છા૦ 'પોસહ પારું ?' યથાશક્તિ ખમા૦ ઈચ્છા૦ પોસહ પાર્યો. તહત્તિ કહી નવકાર ગણી ચરવળા ઉપર જમણો હાથ સ્થાપીને સાગરચંદો કહે તે—

सागरचंदो.

सागरचन्दो कामो, चंदवडिंसो सुदंसणो धन्नो ॥
जेसिं पोसहपडिमा, अखंडिआ जीवियंतेवि ॥१॥
धन्ना सलाहणिज्जा, सुलसा आणंद कामदेवाय ॥
जेसिं पसंसइ भयवं, दढव्वयं तं महावीरो ॥२॥

पोसह विधिए लीधो, विधिए पार्यो, विधि करतां जे काइं अविधि हुइ होय, ते सवि हुं मन वचन कायाए करी मिच्छामिदुक्कडं ॥

અર્થ—ત્રુટિત [illegible] ઉપસર્ગ થાતે થકે પણ જેની પોસહ પ્રતિમા

રહી સંપૂર્ણ રહી, તે શ્રાવકોને ધન્ય છે તેમના નામ—સાગરચંદ્ર કુમાર, કામદેવ, ચંદ્રાવતંસ રાજા, સુદર્શન શેઠ. સુલસા શ્રાવિકા, આણંદ શ્રાવક, કામદેવ શ્રાવક એ જેણે ધન્ય છે શ્લાઘનીયછે એટલે પ્રશંસનિય છે જેના દૃઢવ્રતને ભગવાન્ મહાવીરસ્વામી પોતે શ્રીમુખે પ્રશંસે છે, વખાણે છે માટે તે ધન્ય, કૃત પુણ્ય જાણવા. પોસહ વ્રત વિધિએ લીધુ, વિધિએ પાર્યું, વિધિ કરતા જે કાઇ અવિધિ હુઓ હોય તે સર્વ મન વચન કાયાએ કરી (મિચ્છામિ દુક્કડં) મારૂ પાપ મિથ્યા થાઓ.

પછી ખમા૦ ઈચ્છા૦ મુહપત્તિ પડિલેહુ ? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહીને ખમા૦ ઇચ્છા૦ સામાયક પારૂ ? યથાશક્તિ. ખમા૦ ઈચ્છા૦ સામાયક પાર્યુ, તહત્તિ કહી ચરવળા ઉપર હાથ સ્થાપી નવકાર ગણીને સામાયિક વયજુત્તો કહે પછી વિધિ કરતા, જે કાઇ અવિધિ થઇ હોય તસ્સમિચ્છામિદુક્કડં કહે ઇતિ.

હવે જેણે સવારે આઠ પહોરનોજ પોસહ લીધો હોય તે સાંજના દેવ વાંદ્યા પછી કુંડળ* લીધા ન હોયતો લે ને તથા ડંડાસણ અને રાતીને માટે અચિત્ત પાણી ચુનો નાખેલુ જાચીરાખી ને પછી ખમા૦ દઇ ઇરિયાવહી પડિક્કમીને ખમા૦ ઇચ્છા૦ સ્થંડિલ પડિલેહુ ? ઇચ્છં કહી ચોવીસ માંડલા કરે તે આ પ્રમાણે—

આ માંડલા વડીનીતિ લઘુનીતિ વિગેરે પરઠવના યોગ્ય જગ્યા પ્રતિલેખણ નિમિત્તે કરવાના છે તેમા પ્રથમ સંથારા પાસેની જગ્યાએ ૭ માંડલા કરવા—

१ आघाडे[1] आसन्ने[2] उच्चारे[3] पासवणे[4] अणाहियासे[5]

---

* કુંડળ—રૂના પુમડા તે બે કાનમા રાખે. જો ગુમાવેતો આલોયણ આવે

૧ રોગાદિકાર કારણે. ૨ સંથારાની કલ્પેલી જમીન નજીક. ૩ વડો એટલે ઝાડો. ૪ માત્રુ કે પિસાબ. ૫ ન સહનથઇ શકે તેવા કારણે.

૨ आघाडे आसन्ने पासवणे अणहियासे

૩ आघाडे मज्झे उच्चारे पासवणे अणहियासे

૪ आघाडे मज्झे पासवणे अणहियासे

૫ आघाडे दूरे उच्चारे पासवणे अणहियासे

૬ आघाडे दूरे पासवणे अणहियासे

બીજા ૭ ઉપાશ્રયના બારણા બાહેરની તરફના માંડલાં ઉપર પ્રમાણેજ કહેવા, પણ अणाहियासने બદલે ૮अहियासे કહેવુ.

ત્રીજા ૭ માંડલાં ઉપાશ્રયના બારણા બહાર નજીક રહીને કરવા તથા ચોથા ૭ માંડલાં ઉપાશ્રયથી સો હાથને આશરે દૂર રહીને કરવાના તે બાર માંડલામાં દૂરે आघाडे બદલે "अणाघाडे" શબ્દ કહેવો. બાકીના શબ્દો ઉપરના ૭ ૭ માંડલામાં લખ્યા પ્રમાણેજ કહેવા.૧૦

એ પ્રમાણે ૨૪ માંડલા કર્યા પછી ઇરિયાવહી પડિક્કમીને ચૈત્યવંદન પૂર્વક પ્રતિક્રમણ પૂર્વવત્ કરે.

---

* જેણે સવારે ચાર પહોરનો પોસહ ઉચ્ચર્યો હોય તેનેજ વિચાર આઠ પહોરનો પોસહ કરવાનો થાય તો તેણે સાંજની

---

૬ સંથારાની કલ્પેલી જમીનના મધ્ય ભાગને વિષે.
૭ સંથારાની કલ્પેલી જમીનથી દૂર. ૮ સહન થઈ શકે તેના કારણે.

૯ રોગાદિ ગાઢ કારણ વિના.

૧૦ આ માંડલાવાળી જગ્યા પ્રથમથી જોઈ રાખવી અને આઠમે સ્થાપનાજી પાસે રહીને બોલતી વખત તે તે જગ્યાએ દૃષ્ટિનો ઉપયોગ રાખવો

પડિલેહણ કરતી વખતે ઇરિયાવહી પડિક્કમી, ખમાસમણ દઈ, ગમણાગમણે આળોઇને પછી ઇરિયાવહી પડિક્કમવાથી માંડીને 'બહુવેલકરશુ' એ આદેશ પર્યંત સવારનો પોસહ લેવાની વિધિ લખી છે તે પ્રમાણે સર્વ વિધિ કરવી તેમાં 'સજ્ઝાય કરૂં' ને બદલે 'સજ્ઝાયમાં છું' કહેવું અને નવકાર ત્રણને બદલે એક ગણવો. ત્યારપછી સાંજની પડિલેહણમાં ખમા૦ દઈ 'પડિલેહણ કરૂં ?' એ આદેશ માગવાનો છે ત્યાંથી સઘળી વિધિ પૂર્વક પડિલેહણ કરે, દેવ વાંદે, માંડલા કરે અને પ્રતિક્રમણ પૂર્વવત્ કરે

માત્ર રાત્રીના ચાર પહોરનોજ પોસહ કરવો હોય તેણે પડિલેહણ, દેવવંદન વિગેરે વિધિ દિવસ છતાં કરવાની હોવાથી વ્હેલા આવવું જોઇએ અને તે દિવસે ઓછામાં ઓછા એકાસણાનો તપ કરેલો હોવો જોઈએ. તેણે કરવાની વિધિ આ પ્રમાણે —

પ્રથમ ખમાસમણ દેઇ ઇરિયાવહી પડિક્કમિને (પડિલેહણની વિધિ પ્રમાણે) પડિલેહણ કરે, પછી ખમા૦ દઈ ઇરિયાવહી પડિક્કમવાથી માંડીને યાવત્ 'બહુવેલ કરશું' પર્યંત સવારના પોસહ લેવાની વિધિ પ્રમાણે વિધિ કરે અને ત્યાર પછી સાંજની પડિલેહણમાં ખમા૦ દઇ 'પડિલેહણ કરૂં ?' આદેશ માગવાનો છે ' ત્યાંથી ઉપધિ પડિલેહું ?' નો આદેશ માગવા પર્યંત તે પ્રમાણે વિધિ કરે.[1] (પોસહના પચ્ચખ્ખાણમાં જે

૧ જો પહેલા પડિલેહણ કરી હોય તો અહીં સુધી બધા આદેશ માગે પણ પડિલેહણ મુહપત્તિનીજ કરે, અને પ્રથમ પડિલેહણ કરી ન હોય તો સાંજની પડિલેહણની વિધિમાં લખ્યા મુજબ પડિલેહણ કરે.

ફર છે તે પ્રથમ સૂચવેલો છે) એ પ્રમાણે વિધિ કરી રહ્યા પછી દેવનાદે માડલા કરે અને પડિક્કમણું કરે

હવે રાત્રી પોસહવાળા પહોર રાત્રી પર્યંત સજ્ઝાય ધ્યાન કરે પછી ખમા૦ ઇચ્છા૦ બહુ પડિપુન્ના પોરિસિ? કહી ખમા૦ દ૦ ઇરિયાવહી પડિક્કમે પછી ખમા૦ ઇચ્છા૦ બહુ પડિપુન્ના પોરસિ રાઇય સંથારએ ઠાઉં ? (ઠાઉં) એમ કહીને ચક્કસાયનું ચૈત્યવંદન જયવિયરાય પર્યંત કરે. પછી ખમા૦ ઇચ્છા૦ સંથારા વિધિ ભણુંના મુહપત્તિ પડિલેહું ? ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહીને निसिही निसिही निसिही नमोखमासमणाण गोयमाइण महामुणीण આટલો પાઠ, નવકાર તથા કરેમિભંતે એ બધું ત્રણવાર કહે. પછી સંથારા પોરિસિનો પાઠ બોલે.

संथारा पोरिसि

अणुजाणह जिट्ठिज्जा
अणुजाणह परमगुरु, गुरु गुण रयणेहिं मंडिय सरीरा ॥
बहु पडिपुन्ना पोरिसि, राइअ संथारए ठामि ॥१॥
अणुजाणह संथारं, बाहुवहाणेण वाम पासेण ॥
कुक्कुडि पाय पसारेण, अतरंत पमज्जए भूमिं ॥२॥
संकोइअ संडासा, उवट्टंते य काय पडिलेहा ॥
दव्वाइ उवओग, ऊसास निरुंभणा लोए ॥३॥
जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्सिमाइ रयणीए ॥
आहारमुवहिदेहं, सव्वं तिविहेण वोसिरिअं ॥४॥

चत्तारि मगल, अरिहता मगल, सिद्धा मगल,
साहू मगल, केवलि पण्णत्तो धम्मो मगल ॥५॥
चत्तारि लोगुत्तमा, अरिहंता लोगुत्तमा, सिद्धा लोगुत्तमा,
साहू लोगुत्तमा केवलि पण्णत्तो धम्मो लोगुत्तमो ॥६॥
चत्तारि सरण पवज्जामि, अरिहते सरण पवज्जामि
सिद्धे सरण पवज्जामि, साहू सरण पवज्जामि,
केवलि पण्णत्त धम्म सरण पवज्जामि ॥७॥
पाणाइवायमलियं, चोरिक्क मेहुणं दविण मुच्छ ॥
कोह माण माय, लोभ पिज्जं तहा दोस ॥८॥
कलह अब्भक्खाण, पेसुन्न रइ अरइ समाउत्त ॥
परपरिवाय माया, मोस मिच्छत्तसल्ल च ॥९॥
वोसिरिसु इमाइ, मुक्खमग्ग ससग्ग विग्घ भूआइ ॥
दुग्गइ निबधणाइं, अट्ठारस पावठाणाइ ॥१०॥
एगोहं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ ॥
एव अदीणमणसो, अप्पाणमणुसासइ ॥११॥
एगो मे सासओ अप्पा नाण दसण संजुआ ॥
सेसा मे बाहिरा भावा, सव्वे सजोग लक्खणा ॥१२॥
सजोग मूला जीवेण पत्ता दुक्ख परपरा ॥
तम्हा सजोग सबध, सव्व तिविहेण वोसिरियं ॥१३॥
अरिहतो मह देवो, जावज्जीव सुसाहुणो गुरुणो ॥
जिण पन्नत्त तत्त, इय सम्मत्त मए गहियं ॥१४॥
આ ચૌદમી ગાથા ત્રણવાર કહેવી પછી સાત નવકાર ગણવા.

खमिअ खमाविअ, मइ खमिय, सव्वह जीव निकाय ॥
सिद्धह साख आलोयणह, मुज्झह वइर न भाव ॥१५॥
सव्वे जीवा कम्मवसं, चउदह राज भमंत ॥
ते मे सव्व खमाविआ, मुज्झवि तेह खमंत ॥१६॥
जं जं मणेण बद्धं, जं जं वाएण भासिअं पावं ॥
जं जं काएण कयं, मिच्छामि दुक्कडं तस्स ॥१७॥

અથ સંથારા પોરિસિનો અર્થ લિખ્યતે

અર્થ વિભાગાર્થે સંથારાનો વિધિ લખીયે છીયે. ત્યાં-આ સાધુ તથા શ્રાવક, પડિક્કમણું કરીને પછી સ્વાધ્યાય કરે. એટલે ભણવું, ગણવું કરે, પછી પોરિસિ થયે આચાર્ય સમીપે આવે, ત્યાં ખમાસમણ દઈને કહે ઇચ્છાકારેણ સંદિસહ ભગવન 'બહુ પડિપુન્ના પોરિસિ, રાઇય સંથારએ ઠામિ" એનો અર્થ લખિયે છિયે હે ભગવન! સંપૂર્ણ ઐશ્વર્યાદિક ગુણે યુક્ત તમે પોતાની ઇચ્છાયે કરી મુઝને આદેશ આપો. ઘણી પ્રતિપૂર્ણ એવી પોરિસિ થઇ માટે રાત્રિ સંબંધિ સંથારાને વિષે હું ઠરૂં?

ગુરુ આદેશ આપે, પછી ઇરિયાવહિય પૂર્વક ચૈત્યવંદન કરે, પછી શરીર ચિંતા લઘુનીતાદિક કાર્ય સર્વ કરે, પછી યતનાયે કરી સંથારો કરે પછી ડાબો પગ, સંથારાની સાથે ગજીને મુખ વસ્ત્રિકાનું પ્રતિલેખન કરે એટલે મુહપત્તી પડિલેહે, પછી નવકાર નિસિહી ભણે, પાપવ્યાપારનો નિષેધ કરીને, મ્હોટા મુનિશ્વર એવા શ્રી ગૌતમાદિક, ક્ષમાશ્રમણ જે છે, તે પ્રત્યે નમસ્કાર કરે. પછી હે જ્યેષ્ઠ આર્યો એટલે હે વૃદ્ધ સાધુઓ તમે મુઝને આજ્ઞા આપો એ પ્રકારે કહેતો થકો સંથારાની ઉપર રહ્યો થકો, નમસ્કાર પૂર્વક સામાયિકનો પાઠ ત્રણવાર ભ-

ણુ, પછી આવી રીતે કહે, તે કહે છે પ્રતિરૂપાદિક આચાર્યનાં ગુરૂ ગુણ, તે રૂપ રત્નોયે કરી મંડિત છે, શોભિત છે, શરીર જેના એના ઉત્કૃષ્ટ ગુરૂનો તેને સંબોધન દેઇ બોલાવીયે કે હે. પરમગુરૂ ! તમે મુઝને આદેશ આપો પ્રતિપૂર્ણ એટલે ઘણી પોરિસિ થઇ, માટે રાત્રિ સંથા કની ઉપર હું તિષ્ઠુ ? એટલે વિશ્રામ કરૂ ? નિંદ્રા મુકાઉં અહિંયા સુધિ ગદ્ય પાઠ તથા એક ગાથામાં સંથારાની આજ્ઞાનું સ્વરૂપ કહ્યું ॥ ૧ ॥

સંથારાની, હે ભગવન્ ! તમે મુઝને આજ્ઞા આપો, પછી ગુરૂ આજ્ઞા આપે તેવારે બાહુ અને હાથને ઉપધાને કરી એટલે ઓશીકે કરી ડાબે પાસે સૂવે, તે પણ શી રીતે સૂવે ? તો કે કુકડીની પેરે આકાશને વિષે પગ પસારીને સૂએ, જો એ રીતે અસમર્થ થકા નહી રહી શકાય, તો શું કરે ? તે કહિયેછિયે, ભૂમિ પ્રત્યે પ્રમાર્જી, પુંજીને તિહાં પગ સ્થાપે ॥ ૨ ॥

જ્યારે પગ સંકોચવા હોય, ત્યારે સાંથલ સંધી પ્રત્યે પુંજીને સંકોચે, અને જ્યારે પાસું ફેરવવું હોય, ત્યારે શરીર પ્રત્યે પ્રતિલેખીને એટલે શરીરને પ્રમાર્જી પુંજીને ઉદ્વર્ત્તે એટલે પાસું ફેરવે એ સુવાનો પ્રકાર કહ્યો. હવે વળી જાગવાનો પ્રકાર કહિયેછિયે, જ્યારે લઘુશંકાદિકને અર્થે ઉઠે તેવારે દ્રવ્યાદિકનો ઉપયોગ કરે એટલે તેનો વિચાર કરે, જે દ્રવ્ય થકી હું કોણ છું? સાધુ છું કે ગૃહસ્થ છું ? અને ક્ષેત્ર થકી એમ વિચારે કે હું ઉપર છું કે નીચે છું ? કે કોઇ અન્યત્ર સ્થાનકે છું ? કાળથકી શું વિચારે ? તો કે હમણા રાત્રિ છે કે દિવસ છે ? જો રાત્રિ છે તો કેટલી રાત્રી બાકી હશે ? ઇત્યાદિ કાળથી વિચાર કરે, ઉપયોગ આપે અને ભાવનો આમ વિચારે કે મારે લઘુશંકાદિકની બાધા છે, કિંવા નથી ? એવા ચાર પ્રકારે ઉપયોગ દેતા, વિચાર કરતા જો નિંદ્રા ન જાય, તો ઉશ્વાસ, નિશ્વાસ પ્રત્યે રૂ-

શ્રીને એટલે નાસિકા દબાવાને નિદ્રા દૂર કરે તે નિદ્રા દૂર થાય પછી આલોક પ્રત્યે જુએ એટલે બાહેર નિકલવાના દ્વાર પ્રત્યે દેખે, ત્યા જઈ લઘુશંકાદિક કરીને પછી ધર્મ ધ્યાનમા મન ॥ ૩ ॥

હવે સુઇ રહેનાથી પ્રથમ શુ કરવુ ? તે કહિયેછિયે. એહ રાત્રિને વિષે મહારે આ દેહ સબાધ પ્રમાદ એટલે મરણ થાય, તો અશનાદિક ચાર પ્રકારના આહાર પ્રત્યે-ઉપધિ જે વસ્ત્ર, પાત્રાદિક તે પ્રત્યે, તથા શરીર પ્રત્યે અથવા શરીર સબધિ ઉપધિ પ્રત્યે, બીજા પણ સર્વ પ્રત્યે ત્રિવિધે કરી એટલે મન, વચન કાયાએ કરી હુ વોસિરાવુ છુ, ત્યાગુ છુ ॥ ૪ ॥

ચાર માગલિકછે તેમા એક તો જેણે રાગાદિક અતરંગ વૈરીને હણ્યા તે શ્રી અરિહત માગલિક છે બીજા અષ્ટકર્મોનો ક્ષય કરીને જે સિદ્ધિ પદને પામ્યા છે, તે સિદ્ધમાંગલિક છે, ત્રીજા સમ્યક જ્ઞાન ક્રિયાએ કરી શિવસુખના સાધક જે સાધુ, તે માગલિક છે, ચોથો શ્રી કેવલીભગવતે પ્રરૂપ્યો એવો જે શ્રુત ચારિત્ર રૂપ ધર્મ, તે માગલિકછે ॥ ૫ ॥

ચાર લોકમા ઉત્તમ છે, એક શ્રી અરિહત છે, તે લોકમાં ઉત્તમ છે, બીજા સિદ્ધ છે તે લોકમા ઉત્તમ છે, ત્રીજા સાધુ લોકમા ઉત્તમ છે, ચોથો શ્રી કેવલિયે પ્રરૂપ્યો જે ધર્મ તે લોકમા ઉત્તમ છે ॥ ૬ ॥

ચાર શરણ પ્રત્યે હુ પડિવજ્જુ છુ 'અગિકાર' કરૂ છુ. એકતો શ્રી અરિહત શરણ પ્રત્યે હુ અગિકાર કરૂ છુ બીજુ શ્રી સિદ્ધ શરણ પ્રત્યે હુ 'અગિકાર કરૂ છુ, ત્રીજુ સાધુ શરણ પ્રત્યે હુ અગિકાર કરૂ છુ, ચોથુ શ્રી કેવલિયે પ્રરૂપ્યો ભાખ્યો એવો જે ધર્મ તેના શરણ પ્રત્યે હુ અગિકાર કરૂ છુ ॥ ૭ ॥ પ્રથમ પ્રાણાતિપાત તે જીવ હિંસા, બીજુ અલિક વચન એટલે મૃષાવાદ, ત્રીજુ ચોરી, એટલે

ત્તા દાન, ચોથું મૈથુન એટલે, સ્ત્રી પ્રમુખનો ભોગ, પાંચમું પુદ્ગલ દ્રવ્યને વિષે મૂર્છા, એટલે પરિગ્રહ, છઠ્ઠો ક્રોધ તે ગુસ્સો, સાતમો માન, તે અહંકાર, આઠમો માયા તે કપટ, નવમો લોભ, દશમો પ્રેમ તે રાગ તથા, અગીઆરમો દ્વેષ તે ઈર્ષા ॥ ૮ ॥ બારમો કલેશ, તેરમો અભ્યાખ્યાન, એટલે પરને આલ દેવું, ચૌદમું પૈશુન્ય એટલે, ચાડી ચુગલિ કરવી, પન્દરમું પુદ્ગલ પદાર્થોને વિષે રતિ તે, ખુશી પણું એમાં અર્દ્ધ કરવી અને અરતિ, તે અશુભ કાર્યને વિષે દિલગીરી, તેણે કરીને સહિત, સોલમો પરનો પરિવાદ, એટલે, પારકી નિંદા સતરમો માયા મૃષાવાદ તે, કપટ સહિત જૂઠું બોલવું, અઢારમું મિથ્યાત્વશલ્ય, એટલે શ્રી જિનમતથી વિપરીત મતની શ્રદ્ધા, તેને મિથ્યાત્વશલ્ય કહિયે, અહીં અનુકાર જે છે, તે સમુચ્ચયાર્થે વાચી છે એ પ્રકાર, પાપસ્થાનકના નામ કહ્યા ॥ ૯ ॥

એ પ્રત્યક્ષ અઢાર પાપસ્થાનક જે છે, તે પ્રત્યે રે જીવ ! તું વોસિરાવ એટલે ત્યાગ કર તે અઢાર પાપસ્થાનક કેવાં છે ? તો કે મોક્ષ માર્ગને વિષે સમર્ગ કરતા એટલે ગમન કરતા એવા જીવોને વિઘ્ન ભૂત છે, એટલે અંતરાયના કરનાર છે વલી તે પાપસ્થાન કેવા છે ? તો કે દુર્ગતિ જે નરક, નિગોદાદિકની ગતિ તેના કારણ છે ॥ ૧૦ ॥

હું એક છું, મહારો કોઈ નથી, અને અન્ય કોઇનો હું નથી, એમ અદિન મનથકો એટલે સાવધાન ચિત્ત થયો થકો આત્મા પ્રત્યે શીખામણ આપે ॥ ૧૧ ॥

જ્ઞાન દર્શને કરી સંયુત એટલે સહિત એવો શાશ્વતો સદા, નિત્ય એવો રાગાદિક પરભાવથી રહિત એકજ, મહારો આત્મા છે, શેષ થાકતા રહ્યા જે દ્રવ્યથકી તન, ધન, કુટુંબાદિ મ-

યોગ મિથ્યાપ રૂપે અને ભાવ થકી વિપર્ય કેપાયાદિરૂપ સંયોગ મિથ્યાપ એવા ભાવ જે છે તે એવે મહાન સ્વરૂપ થકી બાહ્ય છે, એટલે ન્યારા છે ॥ ૧૨ ॥

તન, ધન કુટુંબ મમત્વાદિ રૂપનો સંયોગ એટલે મિલાપ તેહીજ મૂળ કારણ છે જેનું એવી દુખની શ્રેણી તે જીવે પામી તે કારણ માટે પર્યંત જે સંયોગ સંબંધ છે, તે સર્વ પ્રત્યે ત્રિવિધે કરી હું વોસિરાવું છું, અથવા ત્યાગું છું એમ કેહેવું ॥ ૧૩ ॥

શ્રી અરિહંત અને સિદ્ધ ભગવંત, તે મહારા દેવછે જ્યાં સુધી જીવું ત્યાં સુધી સુસાધુ, જે જિનમતને વિષે સાવધાન સમ્યક્ જ્ઞાન ક્રિયાવાન એવા આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ, તે મહારા ગુરૂ છે જ્યાં સુધી જીવું ત્યાં સુધી જિનેશ્વર દેવોએ પ્રરૂપ્યું, ભાખ્યું એવું જે દયા મૂલ તથા વિનય મૂલ તત્વ, અથવા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ તત્વ, તે મહારો ધર્મ છે જાવજીવ સુધી એ પ્રમાણે સમ્યકત્વ, મહારે જીવે ગ્રહ્યું અંગિકાર કીધું ॥ ૧૪ ॥

સર્વે જીવો (ચોરાશીલાખ જીવાયોનિ) મને ખમો હું તે મને ખમાવું છું મને ક્ષમા કરો હું સિધ્ધના સાખે આલોચના કરૂં છું, મારે તેમની સાથે વૈરભાવ નથી ॥ ૧૫ ॥

સર્વે જીવો કર્મવશ ચૌદ રાજ્ય લોકમાં ભમે છે તે સર્વેને મે ખમાવ્યા અને પણ તેઓ ખમજો ॥ ૧૬ ॥

જે જે મનેકરીને પાપ બાંધ્યું, વચને કરીને પાપ બાંધ્યું હોય, જે જે કાયાએ કરીને કર્યું હોય તે પાપમિથ્યા દુષ્કૃત હો ॥૧૭॥



આ પ્રમાણે સંથારા પોરિસિ કહી રહ્યા પછી સજઝાય ધ્યાન કરે અને જ્યારે નિદ્રા પીડીત થાય ત્યારે માત્રા વિગેરે-ની બાધા ટાળીને દિવસે પડિલેહેલી જગ્યાએ સંથારો કરે તેમ

અચિત્ત પાણીનો કાળ

અસાડ શુદ ૧૫ થી કાર્તિક સુદ ૧૪ સુધી ચુલાથી ઉતર્યા પછી ત્રણ પહોરનો

કાર્તિક શુદ ૧૫ થી ફાગણ સુદ ૧૪ સુધી ચાર પહોરનો.

ફાગણ શુદ ૧૫ થી અશાડ સુદ ૧૪ સુધી પાચ પહોરનો.

આ પ્રમાણેના કાળ ઉપરાન્ત અચિત્ત પાણી પાછુ સચિત્ત ભાવને પામે છે તેથી પોસહમા વાપરેલુ પાણી કાળ ઉપરાન્ત રહેવા ન દેવુ કાળ પૂર્ણ થવાના વખત અગાઉ અચિત્ત પાણીની અંદર ચુનો નાખવો જેથી પાછુ ૨૪ પહોર સુધી અચિત્ત રહે પણ જો ચુનો નાખવો ભૂલી જાય અને કાળ વ્યતીત થાય તો દશ ઉપવાસની આલોયણ આવે માટે ઉપયોગ રાખવો.

---

૧ પરચુરણ સમજુતી

૧ આ વિધિમા જ્યા જ્યા ઇરિયાવહી પડિક્કમવાના લખ્યા છે ત્યા ત્યા ઇરિયાવહી, તસ્સ ઊતરી, અનથ્થ૦ કહી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા પર્યંત કાઊસ્સગ્ગ કરીને પ્રગટ લોગસ્સ કહેવા સુધી સમજવુ

૨ વખત મોડા થઇ જવાના ભયથી પોતાની મેળે એકલા પોસહ ઉચ્ચરી લેતો ફરીને તેમણે ગુરૂ સમક્ષ પોસહ ઊચ્ચરવો તેમા ઉપાધ પડિલેહુ ? પર્યંત બધા આદેશ માગવા (આ વિધિરાઇ મુહપત્તિ પડિલેહ્યા અગાઉ કરવી.)

૩ પડિલેહણ કરનારે ઊભડક પગે બેસીને મૌનપણે પડિલેહણ કરવી જીવજંતુ બરાબર તપાસવો અને ઊત્તરાસણ પહેરવું નહીં

૪ માંજો લેનારને એક આયબિલ તપનું વિશેષ ફળ મળે માટે કાળે ઉપયોગ પૂર્વક બરાબર લેવો.

૫ પોસહમાં પોસહના ૧૮ દોષ, પાંચ અતિચાર તથા સામાયકના ૩૨ દોષ ટાળવાનો ખપ કરવો.

---

૨ પોસહમાં જોઈતાં ઉપગરણો

દિવસના પોસહવાળાએ નીચે પ્રમાણે લેવા

૧ મુહપત્તિ ૨ ચરવળો ૩ કટાસણું ૪ ધોતીયું ૫ સૂતરનો કંદોરો ૬ ઉત્તરાસણ ૭ માત્રુ કરવા જવાનું વસ્ત્ર ૮ ખેળીયું

રાત્રી પોસહવાળાએ નીચે પ્રમાણે વધારે લેવા

૧ કામળી ઊનની (શીતકાળે ૨ ઉષ્ણકાળે ૧) ૨ ઉત્તરપટ્ટો સુતરાઉ ૩ કુંડળ ૪ દંડાસન ૫ પાણી ચુનો નાખેલું ૬ વડીનિતિ જવું પડે તો ખપમાં આવવા માટે લોટો

આથી વધારે લેવાની જરૂર પડે તો યોગ્ય રીતે યાચી લેવાં.

મુહપત્તિની પચ્ચીસ પડિલેહણા

(મુહપત્તિ ૧૯ આંગળીની માપેની ખપી જોઈએ)

૧ દ્રષ્ટિપડિલેહણા — પહેલે પાસે સુત્ર બીજે પાસે અર્થ તેનું તત્વ સમ્યક્ પ્રકારે હૃદયમાં ધરૂં એમ વિચારી મુહપત્તિ ઉકેલી તેના બે પાસા સર્વત્ર દ્રષ્ટિએ કરી જોવાં તે.

૬ પખ્ખોડા — મુહપત્તિને ફેરવી બે હાથે સાહીને એકેક હાથે નચાવતા ૩૫ ત્રણ ત્રણ ઉર્ધ્વ પખ્ખોડા કરવા ત્યાં ડાબે હાથે પખ્ખોડા કરતા (૧) સમકિત મોહની, (૨) મિશ્રમોહની, (૩) મિથ્યાત્વ મોહની, પરિહરૂં એમ ચિંતવે. તથા જમણે હાથે પખ્ખોડા કરતા (૪) કામરાગ, (૫) સ્નેહરાગ, (૬) દ્રષ્ટિરાગ પરિહરૂં એમ ચિંતવે. ૮

૯ અખ્ખોડા
૯ પ્રમાર્જના

ત્રણ અખોડા અને ત્રણ પ્રમાર્જના (પુંજવુ તે) અનુક્રમે એક બીજા કેડે ત્રણવાર એકેકને આંતરે કરવા. એટલે મુહપત્તિયે એક પડ- વાળી મુહપત્તિના ત્રણ વધુટક કરી જમણા હાથની આંગળીઓ ।। આંતરા વચ્ચે ભરા- વીને ત્રણ અખ્ખોડા પસલા ભરીએ. ત્રણવાર મુહપત્તિ ઉચી રાખી ડાબા હાથ ની હથેળીમાંથી ઘસી કાઢીએ, એમ એકેકને આંતરે ત્રણવાર ત્રણ અખ્ખોડા કરવા અને ત્રણવાર ત્રણ પ્રમાર્જના કરવી, એમ નવ અખ્ખોડા ખંખેરવા રૂપ થાય અને નવ પખ્ખોડા પુંજવા રૂપ થાય એ અઢારે પડિલેહણા કરતા એકેક નિકે શુ ચિંતવવુ તે કહેછે—

પેહેલા ત્રણ અખ્ખોડા ૧ સુદેવ, ૨ સુગુરુ, ૩ સુધર્મ, આદરૂં.
પેહેલી ત્રણ પ્રમાર્જના ૧ કુદેવ, ૨ કુગુરુ ૩ કુધર્મ પરિહરૂ
બીજા ત્રણ અખ્ખોડા. ૧ જ્ઞાન, ૨ દર્શન, ૩ ચારિત્ર આદરૂં.
બીજીત્રણ પ્રમારજના ૧ જ્ઞાન વિરાધના, ૨ દર્શન વિરાધના
૩ ચારિત્ર વિરાધના પરિહરૂ,
ત્રીજા ત્રણ અખ્ખોડા ૧ મન ગુપ્તિ ૨ વચન ગુપ્તિ, ૩ કાય ગુપ્તિ આદરૂ ત્રીજી ત્રણ પ્રમાર્જના, ૧ મનદંડ ૨ વચનદંડ, ૩ કાયદંડ પરિહરૂ

શરીરની ૨૫ પડિલેહણા

૩ પ્રમાર્જના ડાબી બાહુએ, હાસ્ય,[1] રતિ[2] અરતિ[3] પરિહરૂ.
૩ પ્રમાર્જના જમણી બાહુએ, ભય,[1] શોક[2] દુગંચ્છા,[3] પરિહરૂં
૩ પ્રમાર્જના મસ્તકે કૃષ્ણ,[1] નીલ,[2] કાપોત[3] લેશ્યા પરિહરૂં.
૩ મુખે. રિદ્ધિગારવ,[1] રસગારવ,[2] અને શાતાગારવ[3] પરિહરૂ.
૩ હ્રદયે. માયાશલ્ય[1], નિયાણશલ્ય[2], અને મિથ્યાત્વ[3] શલ્યપરિહરૂં
૨ ડાબે ખભે. ક્રોધ,[1] માન[2] (ખભા ઉપર તથા કાખમા) પરિહરૂં
૨ જમણે ખભે માયા,[1] લોભ[2] પરિહરૂં (ખભા ઉપર તથા કાખમા)

૩ ડાબે પગે. પૃથ્વીકાય,[1] અપકાય,[2] તેઉકાયની[3] રક્ષા કરૂં
૩ જમણે પગે વાઉ કાય [1] વનસ્પતિકાય,[2] ત્રસકાયની[3] રક્ષા કરૂં.
શરીર ની (૨૫) પડિલેહણમાથી, મસ્તકની ૩, હૃદયની ૩,
બે ખભાની ૪ એ રીતે ૧૦ સ્ત્રીને ન હોયકેમકે તેનુ શરીર
વસ્ત્રે આવૃત હોય છે શેષ ૧૫ હોય વળી સાધ્વીને તો ઉઘાડે
માથે ક્રિયા કરવાનો વ્યવહાર છે માટે તેને મસ્તકની ૩
પડિલેહણા હોય શેષ ન હોય, બાકીની ૧૮ પડિલેહણા હોય.

સામાયકમા બત્રીશ દોષ વર્જવા તે

દશ મનના

૧ વૈરી સમજ્યા વિના સામાયક કરે
૨ સામાયક કરીને યશ કીર્તિની વાછા રાખે
૩ સામાયકના પસાયથી ધનની વાછા રાખે
૪ સામાયક કર્યાનો ગર્વ કરે.
૫ લોક નિંદાના ભયથી સામાયક કરે
૬ સામાયક કરીને ધનાદિ પામવાનુ નિયાણુ કરે.
૭ સામાયકના ફળનો સંદેહ કરે
૮ કષાય યુકત ચિત્તે સામાયક કરે
૯ ગુરૂનો અથવા સ્થાપનાચાર્યનો વિનય ન કરે
૧૦ ભકિત ભાવ પૂર્વક સામાયક ન કરે.

દશ વચનના

૧ સામાયકમા કુવચન બોલે.
૨ ઉપયોગ વિના અવિચાર્યુ બોલે.
૩ કોઇના ઉપર ખોટુ આળ મુકે
૪ સામાયકમા શાસ્ત્રની અપેક્ષા વિના સ્વચ્છંદે બોલે.

૫ સૂત્ર પાઠના વચનો સંક્ષેપ કરીને બોલે
૬ સામાયકમા કોઇ સાથે કલહ કરે.
૭ રાજકથાદિક ચાર વિકથા કરે,
૮ સામાયકમા કોઇની મશ્કરી કરે
૯ સૂત્ર પાઠનો ઉચ્ચાર અશુધ્ધ કરે
૧૦ ઉતાવળો સુત્ર પાઠનો ઉચ્ચાર કરે.

બાર કાયાના

૧ સામાયકમા પગ ઉપર પગ ચઢાવીને બેસે, ઉંચે આસને બેસે.
૨ આસન વારવાર ફેરવે, ચપળતા રાખે.
૩ મૃગની પરે ચારે દિશાએ ચળ વિચળ દ્રષ્ટિ ફેરવે
૪ સામાયકમા કાયાવડે કાઇ સાવદ્ય ક્રિયાની સંજ્ઞા કરે
૫ થાભલા વિગેરેને ઓઠીંગણ દઇને બેસે
૬ સામાયકમા વિના કારણ હાથ પગ સકોચે ન પસારે
૭ સામાયકમા આળસ મરડે કમ્મર નાડીસુકો કર્યા કરે
૮ આગળી પ્રમુખના ટચાકા વગાડે
૯ ખસ વિગેરે વલુરે, ખરજ ખણે
૧૦ સામાયકમા હાથનો ટેકો દેઇને બેસે ગળે હાથ દઇને બેસે.
૧૧ બેઠા બેઠા નિદ્રા લે ઝોકા ખાય
૧૨ ટાઢ પ્રમુખના કારણથી આખુ શરીર ઢાકીને બેસે. ઉપરના બત્રીસ દોષ સામાયકમા તેમજ પોસહમા ટાળવાનો ઉદ્યમ કરવો

કાઉસ્સગ્ગના ૧૬ આગાર

૧ ઉંચો શ્વાસ લેતા. ૨ નીચો શ્વાસ મુકતા.
૩ ઉધરસ આવે (મુખે હાથ દેતા)
૪ છિંક આવે (આડો હાથ દેતા.)

૫ બગાસુ આવે (આડો હાથ દેતા)
૬ ઓડકાર આવે (આડો હાથ દેતા.)
૭ અધોદ્વારે વાયુ સંચારતા
૮ ચક્કર આવવાથી પડતા.
૯ પિત્ત સમનાદિકથી. ૧૦ સૂક્ષ્મ અંગ હાલતા
૧૧ સૂક્ષ્મ બળખો હાલતા, ૧૨ સૂક્ષ્મ દ્રષ્ટી સંચારતા.
૧૩ દીવાની ઉજેહ આવે બીજે ઠામ જતા
૧૪ બીલાડી પ્રમુખ હિંસક પ્રાણીવડે જીવઘાત કરાતો ચિત ન ઠરેથી બીજે ઠેકાણે જતા
૧૫ ચોર ભયાદિકથી બીજે ઠેકાણે જતા.
૧૬ સાપના ભયથી હાલી બીજે ઠામે જતા
ઉપન્ના મોલ આ ૧૬ આગાર પાળતા કાઉસ્સગ્ગ ના ભાંગે

કાઉસ્સગ્ગમા નીચેના ૧૯ દોષ વર્જવા

૧ ઘોડાની પેઠે પગ વાંકો રાખે તે
૨ વેલડીની પેઠે હાલે તે
૩ થાંભલા પ્રમુખનુ ઓઠીંગણ લે તે.
૪ માળે, ડાગળે, મેર, કે પાટડે માથુ અડાડે તે.
૫ પગના અંગુઠા કે પાનીઓ મેળવે તે.
૬ પગ પહોળા રાખે તે
૭ ભીલડી ની પેઠે ગુહ્ય સ્થાનકે હાથ રાખે તે.
૮ રજોહરણ નાકુ રાખે તે.
૯ વહુની પેઠે નીચુ માથુ રાખે તે.
૧૦ પહેરવાનુ વસ્ત્ર ઢીંચણથી લાંબુ રાખે તે.
૧૧ ડાંસાદિકના ભયથી હૃદય ઢાંકી રાખે તે
૧૨ શીતાદિકથી હૃદય ઢાંકી રાખે તે
૧૩ ભમર, આંગળી પ્રમુખ હલાવે તે.

૨૪ કાગડાની પેઠે આંખો ફેરવે તે
૨૫ પરસેવાથી વસ્ત્ર મેલુ થવાના ભયથી વસ્ત્ર સંકોચી રાખે તે.
૨૬ માથુ હલાવે કે ધુણાવે તે
૨૭ મુગાની પેઠે હુ હુ કાર કરે તે
૨૮ મદિરા પીધેલાની પેઠે બડબડ શબ્દ કરે તે
૨૯ વાનરાની પેઠે આમ તેમ જુએ, હોઠ હલાવે તે.

ઉપરના ઓગણત્રીસ દોષ મુનિ તથા શ્રાવકે સર્વે વર્જવા, સાધ્વીએ ૧૦ ૧૧ અને ૧૮ સિવાય બાકીના તજવા. શ્રાવિકાએ ૯, ૧૦, ૧૧ અને ૧૮ સિવાય પંદર તજવા.

પોસહ વિધિની ટુંક નોંધ—

૧ ખમાસમણ દઇ ઇરિયાવહિયા થી લોગસ્સ સુધી કહેવું.
૨ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન પોસહ મુહપત્તિ પડિલેહુ કહી મુહપત્તિ પડિલેહે-
૩ ખમાસમણ દેઇ ઇચ્છા૦ સંદિ૦ ભગવન પોસહ સંદિસાહુ, ઇચ્છં ખમા૦ ઇચ્છા૦ પોસહ ઠાઉં ઇચ્છં કહી બે હાથ જોડી નવકાર ગણી ઇચ્છકારી ભગવન પસાય કરી પોસહ દંડક ઉચ્ચરાવોજી. ગુરૂ કે વડીલ કરેમિભંતે કહે
૪ ઇચ્છામિ ખમાસમણો૦ ઇચ્છા૦ સામાયક મુહપત્તિ પડિલેહુ ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહે
૫ ખમાસમણ દઇ ઇચ્છા૦ સામાયક સંદિસાહુ ઇચ્છં ખમા૦ ઇચ્છા૦ સામાયક ઠાઉં ઇચ્છં કહી બે હાથ જોડી નવકાર ગણી ઇચ્છકારી ભગવન પસાય કરી સામાયક દંડક ઉચ્ચરાવોજી ગુરૂ, કે વડીલ કરેમિભંતે કહે
૬ ખમા૦ ઇચ્છા૦ બેસણે સંદિસાહુ ઇચ્છં ખમા૦ ઇચ્છા૦ બેસણે ઠાઉં ઇચ્છં. ઇચ્છા૦ ખમાસમણ૦ ઇચ્છા૦ સજ્ઝાય સંદિસાહુ

ઇચ્છ ખમા૦ ઇચ્છા૦ સજ્ઝાય કરૂં ઇચ્છ ત્રણ નવ કાર ગણવા.

૭ ખમા૦ ઇચ્છા૦ બહુવેલ સંદિસાહુ ઇચ્છ. ખમા૦ ઇચ્છા૦ બહુવેલ કરશુ. ઇચ્છં. મુહપત્તિ વિગેરે પાંચ બોલના પડિલેહવા

૮ ખમા૦ ઇચ્છકારી ભગવન પસાય કરી પડિલેહણા પડિલેહાવોજી એમ કહી વડીલનુ ઉત્તરાસન પડિલેહવુ

૯ ખમા૦ ઇચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહુ. ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી૦ ખમા૦ ઇચ્છા૦ ઉપધિ સંદિસાહુ ઇચ્છ ખમા૦ ઇચ્છા૦ ઉપધિ પડિલેહુ ઇચ્છં૦ પડિલેહતા બાકી રહેલા વસ્ત્ર પડિલેહે-

૧૦ એમ જણે દંડાસણ યાચી તેને પડિલેહી ઇરિયાવહી પડિક્કમી કાજો લેઇ કાજો શુદ્ધ કરી તપાસી સ્થાપના સન્મુખ ઉભડક બેસી ઇરિયાવહી પડિક્કમવા-

૧૧ કાજો યથાયોગ્ય સ્થાનકે "અણુજાણહ જસ્સ ઉગ્ગહો" કહી પરઠવે પછી નવકાર ગણીને વડે મુખસ્થાનક બાકી દેવ વાંદી સજ્ઝાય કરે-

૧૨ છ ઘડી દિવસ ચડ્યા પછી પોરસી ભણાવી તેમાં ખમા૦ ઇચ્છા૦ બહુ પડિપુન્ના પોરિસિ કહી બીજુ ખમા૦ દેઇ ઇરિયાવહિ પડિક્કમના. ખમા૦ દેઈ ઇચ્છા૦ પડિલેહણ કરૂં ઇચ્છ કહી મુહપત્તિ પડિલેહુ-

૧૩ ગુરૂ હોયતો તેમની સમક્ષ રહી મુહપત્તિ પડિલેહી (પાના ૯૪ મા) લખ્યા પ્રમાણે પચ્ચખ્ખાણ કરે

૧૪ સર્વ મુનિને વાંદે, કુંડી, પુંજણી અંબિલ જળની યાચના કરે.

૧૫ જિન મંદિરે દર્શન કરવા જવુ

૧૬ ચોમાસુ હોયતો મધ્યાનના દેવ વાંદ્યા બા ાદ બીજીવાર ગજો લેરો પછી દેવ વાદવા.
૧૭ ચૌવિહાર ઉપવાસ ન હોય તેણે મધ્યાનના દેવ વાદયા પછી (પાનુ ૯૫ જુઓ) વિધિ સહીત જવુ. પચ્ચખાણ પારવુ પાણી અથવા આહાર પાણી વાપરવુ
૧૮ પછી ઇરિયા૦ પડિક્કમી જગચિંતામણીનું ચૈત્યવંદન જય વિયરાય સુધી કરવુ–
૧૯ બીજી પડિલેહણા મુનિરાજે સ્થાપનાચાર્યની પડિલેહણા કરી હોય તે ની સમક્ષ કરવી તેમા ખમા૦ ઇચ્છા૦ ઇરિયા. પડિક્કમિ ખમા૦ ઇચ્છા૦ ગમણાગમણે આલોઉ કહી ગમ ણા૦ આળોવવા ખમા૦ ઇચ્છા૦ પડિલેહણ કરૂ ઇચ્છ કહી ખમા૦ ઇચ્છા૦ પોસહ શાળા પ્રમાર્જુ ઇચ્છ કહી ઉપ વાસીએ ત્રણ નાના અને જમનારે પાચનાના પડિલેહવા
૨૦ ખમા૦ ઈચ્છકારી૦ પડિલેહણા પડિલેહાવોજી કહી વડિલનુ વસ્ત્ર પડિલેહવુ ખમા૦ ઇચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહુ ઇચ્છ કહી મુહપત્તિ પડિલેહવી
૨૧ ખમા૦ ઇચ્છા૦ સ ઝાય કરૂ, ઇચ્છ૦ મન્હ જિણાણુ ની સજ્ઝાય ઉભડક બેસીને કહેવી પછી જમનાર વાંદણા અને પચ્ચખ્ખાણ કરે તિવિહાર ઉપવાસી ઇચ્છકારી ભ-ગવન પસાય કરી પચ્ચખ્ખાણનો આદેશ દેજોજી કહી પાણહાર કરે ચોવીહાર ઉપવાસવાળા ચૌવીહાર કરે
૨૨ ખમા૦ ઇચ્છા૦ ઉપધિ મહિસાહુ ઇચ્છ ખમા૦ ઇચ્છા૦ ઉપધિ પડિલેહુ ઇચ્છ કહી બાકી પહેલા વસ્ત્ર પડિલેહે તેમા રાત્રી પૌષધવાળાએ પ્રથમ કામળી પડિલેહવી
૨૩ પછી ઉપધિ વસ્ત્રાદિ લઇ ઉભા થવુ એક જણે ઇરિયા૦ પડિક્કમી કાજો લેઇ શુધ્ધ કરી ઇરિયા૦ પડિક્કમી

વિધિ સુધ્ધ પરઠવે પછી ગર્ભ દેવ વાંદે.

૨૪ અવસરે દેવસિ પખિકાદિ પ્રતિક્રમણ કરે તેમા પ્રથમ ઇરિયા૦ પડિક્કમે પછી ખમાસમણ દેઇ ચૈત્ય વંદન કરે સાત લાખ અઢાર પાપસ્થાનકને બદલે ગમણા ગમણે આલોવે કરેમિ ભંતે તેમા "જાવનિયમંને" ઠેકાણે "જાવપોસહ" કહે

૨૫ પડિક્કમણ કર્યા પછી સામાયક પારવાને બદલે ચાર પોહોરના પોસાતી પોસહ પારે તે મધે ખમા૦ દઇ ઇરિયા૦ પડિક્કમી ચઉક્કસાયથી જયવિયરાય પર્યંત કહી ખમા૦ ઇચ્છા૦ મુહપત્તિ પડિલેહુ ઇચ્છં કહી મુહપત્તિ પડિલેહવી પછી ખમા૦ ઇચ્છા૦ પોસહ પારૂ. યથાશક્તિ ખમા૦ ઇચ્છા૦ પોસહ પાર્યો તહત્તિ કહી નવકાર ગણી ચરવળા ઉપર જમણો હાથ સ્થાપી સાગરચંદો કહે

૨૬ પછી ખમા૦ ઇચ્છા૦ મુહપત્તિ પડિલેહે ખમા૦ ઇચ્છા૦ સામાયક પારૂ યથાશક્તિ ખમા૦ ઇચ્છા૦ સામાયક પાર્યું તહત્તિ કહી ચરવળા ઉપર હાથ સ્થાપિ નવકાર ગણીને સામાઇય વયજુત્તો કહે

અહોરત્તા પોસાવાળાને લગતી બાંના

૨૭ સવારે આઠ પહોરનોજ પોસો લીધો હોય તેણે સાંજે દેવ વાંદ્યા પછી કુંડળ લીધા ન હોય તો લેઇને તથા ડગાસણ ચુનો નાખ્યું અચિત પાણી યાચી લેઇ ખમા૦ દેઇ ઇરિયા૦ પડિક્કમી ખમા૦ ઇચ્છા૦ સ્થંડિલ પડિલેહુ ઇચ્છં કહી (પાના૦ ૧૦૦ તથા ૧૦૧મા લખ્યા મુજબ) ૨૪ માંડલા કરે ત્યાર પછી ઇરિયાવહી પડિક્કમીને ચૈત્ય વંદન પૂર્વક પ્રતિક્રમણ પૂર્વવત્ કરે

માત્ર રાત્રીના પોસહવાળાને ઉપયોગી બીના

૨૮ માત્ર રાત્રીનો ચાર પોહોરનો પોસહ કરવો હોય તેણે પડિલેહણ કે [illegible] દિવસ છતા કરવાની હોવાથી વેહેલા આવવું અને તે નિયમે ઓછામા ઓછું એકાસણ કરેલું હોવું જો એ તેને માટે વિધિ નીચે પ્રમાણે

૨૯ ખમા૦ ઇરિયા૦ પડિ થી પડિલેહણ વિધિ પ્રમાણે (પાનું [illegible]) ઇર ખમા૦ ઇરિયા૦ થી બહુ વેલ કરશું સુધી સવારના પોસહની વિધિ પ્રમાણે કરે)

૩૦ પછી સાંજના પડિલેહણમા "ખમા૦ પડિલેહણ કરૂં" થી "ઉપધિ પડિલેહું" સુધી કરે પ્રથમ પડિલેહણ કર્યું હોય તો [illegible] પણ પડિલેહણ મા સુહ [illegible] હોય તો સાંજની પડિલેહણ [illegible] પડિલેહે [illegible] કરે અને પ [illegible] કરે

૩૧ સાંજ [illegible] પોરિસી [illegible] સુધી સજ્ઝાય ધ્યાન કરે પછી ખમા૦ ઇચ્છા૦ બહુપડિપુન્નાપોરિસિ [illegible] ગચ્છાવશ્યક [illegible]) [illegible] જયવિયરાય સુધી કરે

૩૨ ખમા૦ ઇચ્છા૦ [illegible] મુહપત્તિ પડિલેહુ [illegible] મુહપત્તિ પડિલેહી "નિસિહિ નિસિહિ નિસિહિ નમો ખમાસમણાણં ગોયમાઇણં મહામુણીણં" નવકાર તથા કરેમિભંતે એ બધું ત્રણ વાર કહે પછી સંથારા પોરિસિ (પાનું ૧૦૩ પ્રમાણે) ભણાવે પછી સજ્ઝાય ધ્યાન કરે.

૩૩ પછી નિદ્રા [illegible] થાય ત્યારે માત્રા વિગેરેની બાધા ટાળી નિયમે પડિલેહેલી જગાએ સંથારો કરે, પ્રથમ જ-

ચીન પડિલેહી કામળી પાથરે. તેની ઉપર કટાસણ પાથરી ઉત્તરપટો પાથરે મુહપત્તિ કેડે ભરાને ચરવળો પડખે મુકે માતરીયુ પેહેની ડાબે પડખે હાથનુ ઓશીકુ કરીને સુએ રાતીએ ચાલવુ પડે તો ડડાસણ વડે પડિલેહતા ચાલવુ

૩૪ પાછલી રાતે જાગીને નવકાર સંભારી ભાવના ભાવી માતાની બાધા ટાળી આવે પછી ઇરિયાવહી પડિક્કમી કુસુમી ૧ દુસુમીણનો કાઉસ્સગ ૧ કરી ગ પડિક્કમણા કરે સ્થાપનાચાર્ય પડિલેહ્યા પછી તેમની સન્મુખ પડિલેહણ કરે તે નીચે મુજબ

૩૫ ઇરિયાવહી પડિક્કમી ખમા૦ ઇચ્છા૦ પડિલેહણ કરૂ ઇચ્છ કહી પાન નાના પડિલેહે ખમા૦ ઇચ્છાકારી૦ પડિલેહણા પડિલેહાવોજી કહી વડીલનુ વાર પડિલેહે ખમા૦ ઇચ્છા૦ ઉપધિ મુહપત્તિ પડિલેહુ ઇચ્છ કહી મુહપત્તિ પડિલેહે

૩૬ ખમા૦ ઇચ્છા૦ ઉપધિ પડિલેહુ ઇચ્છ ખમા૦ ઇચ્છા૦ ઉપધિ પડિલેહ ઇચ્છ કહી બાકીના વસ્ત્ર પડિલેહે પછી એક જણ ઇરિયા૦ પડિક્કમી કાજો લે અનેજાણુ ૨ કરી ઇરિયા૦ પડિક્કમીને વિધિ સુત્ર પરઠવે ઠેકાણે સજ્ઝાય કરે. ચાવેલી વસ્તુઓ ગૃહસ્થને પાછી આપાવે

૩૭ પછી ઇરિયા૦ પડિક્કમી ખમા૦ ઇચ્છા૦ મુહપત્તિ પડિલેહુ? ઇચ્છ કહી મુહપત્તિ પડિલેહે ખમા૦ ઇચ્છા૦ પોસહપાર્યુ યથાશક્તિ, ખમા૦ ઇચ્છા૦ પોસહ પાર્યો તહત્તિ કહી નવકાર ગણી ચરવળા ઉપર જમણો હાથ સ્થાપી સાગરચંદો કહે

૩૮ ખમા૦ ઇચ્છા૦ મુહપત્તિ પડિલેહુ? ઇચ્છ કહી મુહપત્તિ પડિલેહીને ખમા૦ ઇચ્છા૦ સામાયક પારૂ. ય

ખમા૦ ઇચ્છા૦ સામાયક પાર્યુ તહત્તિ કહી ચરવળા ઉપર હાથ સ્થાપિ નવકાર ગણી સામાયક વયજુત્તો કહે અને અવિધિનો મિચ્છામિ દુક્કડ દે.

પોસહમાં નિચેના અઢાર દોષ વર્જવા.

૧ પોસહમા વ્રતી વિનાના બીજા શ્રાવકનુ આણેલુ પાણી ન પીવુ

૨ પોસહ નિમિત્તે સરસ આહાર લેવો નહીં

૩ ઉત્તરવારણાને દિવસે વિવિધ પ્રકારની આહારની સામગ્રી મેળવવી નહીં

૪ પોસહમા અથવા પોસહ નિમિત્તે આગલે દિવસે દેહ વિભુષા કરવી નહીં

૫ પોસહ નિમિત્તે વસ્ત્ર ધોવરાવવા નહીં

૬ પોસહ નિમિત્તે આભૂષણ ઘડાવવા નહીં અને પોસહમા આભૂષણ પહેરવા નહીં

૭ પોસહ નિમિતે વસ્ત્ર રંગાવવા નહીં

૮ પોસહમા શરીરઉપરથી મેલ ઉતારવો નહીં

૯ પોસહનાઅકાળે શયન કરવુ નહીં નિદ્રા લેવી નહીં (રાત્રીને બીજે પહોરે સથારા પોરિસી ભણાવીને નિદ્રા લેવી)

૧૦ પોસહમા મારી કે નઠારી સ્ત્રી સબંધી કથા કરવી નહીં

૧૧ પોસહમા આહારને માટે નઠારો કહેવો નહીં

૧૨ પોસહમા મારી યા નઠારી રાજકથા કે યુદ્ધ કથા કરવી નહીં

૧૩ પોસહમા દેશ કથા કરવી નહીં

૧૪ પોસહમા પુંજ્યા પડિલેહ્યા વિના લઘુનીતિ વડિનીતિ પરઠવવી નહી

૧૫ પોસહમા કોઇના નિંદા કરવી નહીં

૧૬ પોસહમા (વગર પોસાતી) માતા, પિતા, પુત્ર, ભાઇ સ્ત્રી વિગેરે સબંધીઓ સાથે વાર્તાલાપ કરવો નહી

૧૭ પોસહમા ચોર સબંધી વાર્તા કરવી નહી

૧૮ પોસહમા સ્ત્રીના અંગોપાંગ નિરખીને જોવા નહી

આ અઢાર દોષ પોસહમા જરૂર ટાળવા.,